# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
રવિનાએ શાહરૂખ ખાનની ફિલ્મને રિજેક્ટ કરી હતી



પેજ-09
નીરજ ચોપરાએ વિનેશ ફોગાટ પર કહી મોટી વાત

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 30.00 | 26.00 |
| વડોદરા | 29.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |

પેજ 5



બેન્કોમાં પૈસા જમા કરવાથી ખચકાઈ રહ્યા છે લોકો, નાણામંત્રી...


12 AUGUST-2024 MONDAY


બાંગ્લાદેશમાં SC બહારપ્રદર્શનકારીઓ હંગામો, ચીફ જસ્ટિસે આપ્યું રાજીનામું



પેજ 10

.....સુવિચાર.....
આપણે સમયનું ધ્યાન નથી રાખતા, તેથી સમય આપણું ધ્યાન નથી રાખતો!


વર્ષ-13 । અંક-269 । વિક્રમ સંવત-2079 । શ્રાવણ સુદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### હિંડનબર્ગ નફો કમાવવાની કોશિશ કરી રહ્યું છે


# અદાણીએ રિપોર્ટને દુર્ભાગ્યપૂર્ણ અને ષડયંત્રકારી ગણાવ્યો

## અમારી સામેના આરોપો પાયાવિહોણા, આ તપાસ થઈ ચૂકી છે

## હિંડનબર્ગ રિપોર્ટ અંગે અદાણી જૂથનો જવાબ

(એજન્સી) મુંબઇ । તા. 11

અદાણી જૂથે હિંડનબર્ગ રિસર્ચના નવા રિપોર્ટને લઈને નિવેદનમાં કહ્યું છે કે, 'આ રિપોર્ટમાં લગાવવામાં આવેલા આરોપો દુર્ભાવનાથી પ્રેરિત છે અને તથ્યો સાથે છેડછાડ કરીને રજૂ કરવામાં આવ્યા છે. અમે હિંડનબર્ગ દ્વારા જૂથ વિરુદ્ધ કરવામાં આવેલા આ તમામ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ, જે ફક્ત અમને બદનામ કરવા માટે દાવાઓનું રિસાયક્લિંગ છે. અદાણી જૂથ વતી એવું કહેવામાં આવ્યું છે કે અગાઉ કરવામાં આવેલા આ તમામ આરોપોની સંપૂર્ણ તપાસ કરી લેવામાં આવી છે, જે સંપૂર્ણપણે પાયાવિહોણા સાબિત થયા હતા. આ આરોપોને પહેલા જ જાન્યુઆરી 2024માં સુપ્રીમ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવ્યા હતા. અમારું વિદેશી હોલ્ડિંગ માટેનું માળખું સંપૂર્ણપણે પારદર્શક છે, જેમાં તમામ તથ્યો અને વિગતો નિયમિતપણે જાહેર દસ્તાવેજોમાં પ્રદર્શિત થાય છે.' અમને બદનામ કરવાના ઈરાદાથી રિપોર્ટમાં ઉલ્લેખિત વ્યક્તિઓનો અદાણી જૂથનો બિલકુલ કોઈ વ્યવસાયિક સંબંધ નથી.'




### અદાણી ગ્રૂપ પર શું આરોપો લાગ્યા હતા?

ગયા વર્ષે, 24 જાન્યુઆરી, 2023 ના રોજ, હિંડનબર્ગ રિસર્ચએ અદાણી જૂથ પર એક રિપોર્ટ બહાર પાડ્યો હતો, જેમાં જૂથની શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં હેરાફેરીથી લઈને જૂથ પર દેવા સુધીના અનેક ગંભીર આરોપો લગાવયા હતા. આ રિપોર્ટ જાહેર થયા બાદ કંપનીઓના શેરમાં 85% સુધી ઘટી ગયા હતા. અને ગૌતમ અદાણીની સંપત્તિમાં 60 અબજ ડોલરનો ઘટાડો થયો હતો.

### અગાઉ અદાણી જૂથે રિપોર્ટને ખોટી માહિતીનો સમૂહ કહ્યું

અગાઉ હિંડનબર્ગ દ્વારા અદાણી જૂથને લઈને જે રિપોર્ટ જાહેર કરાયો હતો તેમાં તેમણે 88 પ્રશ્નો ઉઠાવયા હતા. તેની સામે અદાણી જૂથે 413 પેજનું સ્પષ્ટતા કરતું નિવેદન આપ્યું હતું. જૂથે કહ્યું હતું કે, હિંડનબર્ગ રિસર્ચ દ્વારા 24 જાન્યુઆરીના રોજ જાહેર કરવામાં આવેલ રિપોર્ટમાં 'જૂઠાણા સિવાય કંઈ નથી'. દસ્તાવેજ એ જૂથને બદનામ કરવાના હેતુથી ખોટી માહિતીનો સમૂહ છે. તેમાં ખાસ ઉદેશ્યથી જૂથને બદનામ કરવામાટે પાયાવિહોણા આરોપ લગાવ્યા છે. હિંડનબર્ગ મોટી સંખ્યામાં રોકાણકારોને નુકસાન પહોંચાડીને શોર્ટ સેલિંગ કરીને નફો કરવા માંગે છે. રહ્યું છે. જો કે, આ નિવેદન આપ્યા છતાં પણ રોકાણકારો પર હિંડનબર્ગ રિપોર્ટની અસરને કારણે અદાણી જૂથને ભારે નુકસાન થયું હતું.

## હિંડનબર્ગના આરોપો અંગે માધબી બુચનો જવાબ



# મિત્રની સલાહથી રોકાણ કર્યું હતું, પૈસા અદાણી પાસે નથી ગયા

શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચે અદાણી સાથે સાંઠગાંઠના આરોપ પર માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચે વિસ્તૃત જવાબ આપ્યો છે. નવા જવાબમાં બુચ દંપત્તિએ કહ્યું છે કે હિંડનબર્ગ દ્વારા જે ફંડનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે રોકાણ તેમણે વર્ષ 2015માં કર્યું હતું. ત્યારે તેઓ બંને (માધબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચ) સિંગાપોરના નાગરિક હતા અને SEBIમાં જોડાયાના બે વર્ષ પહેલા આ રોકાણ કરવામાં આવ્યું હતું. વધુમાં જણાવતા બુચ દંપત્તિએ કહ્યું છે કે આ રોકાણ તેમણે ધવલના ખાસ મિત્ર તથા ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર અનિલ આહુજાની સલાહ પર કર્યું હતું. અનિલ આહુજા બાળપણથી લઈને IIT સુધી ધવલ બુચના મિત્ર હતા. અનિલ આહુજાએ સિટીબેન્ક, જે પી મોર્ગન તથા 3i ગ્રૂપ જેવી સંસ્થાઓમાં કામ કર્યું છે.

# મોદીએ અદાણીને બચાવવાનું કાવતરું ઘડ્યું : કોંગ્રેસ

## જે સેબીને તપાસ સોંપવામાં આવી, તે કૌભાંડમાં સામેલ છે

## હિંડનબર્ગ રિપોર્ટ પર સંસદીય તપાસની માગ

અદાણી ગ્રુપની કંપનીઓમાં સેબી ચીફ માધાબી પુરી બૂચનો હિસ્સો હોવાનો હિંડનબર્ગ રિપોર્ટમાં ખુલાસો થયા બાદ રાજકારણ શરૂ થયું છે. કોંગ્રેસે કહ્યું છે કે નરેન્દ્ર મોદીએ તપાસના નામે પોતાના ખાસ મિત્ર (અદાણી)ને બચાવવાનું કાવતરું ઘડ્યું છે. કોંગ્રેસે X પર લખ્યું કે 'અદાણી મેગા કૌભાંડની તપાસ સેબીને સોંપવામાં આવી હતી. હવે સમાચાર છે કે સેબીના વડા માધવી બુચ પણ અદાણી મેગા કૌભાંડમાં સંડોવાયેલા છે. એટલે કે આ કૌભાંડની તપાસ કરનાર વ્યક્તિ પણ આ કૌભાંડમાં સામેલ છે. શું આશ્ચર્યજનક નથી! '

### જયરામનો આરોપ- હિસ્સો ખરીદવા માટે નિયમોનું ઉલ્લંઘન કર્યું

કોંગ્રેસ મહાસચિવે નિવેદનમાં લખ્યું - હિંડનબર્ગ રિપોર્ટ દર્શાવે છે કે માધાબી અને તેમના પતિએ બર્મુડા અને મોરેશિયસ સ્થિત ઓફશોર ફંડ્સમાં રોકાણ કર્યું હતું. આ ફંડમાં અદાણીના ભાઈ વિનોદ અદાણી અને તેમના નજીકના સહયોગીઓ ચાંગ ચુંગ-લિંગ અને નાસીર અલી શાહબાન અહલીએ પાવર ઈક્વિપમેન્ટના ઓવર ઈન્વોઈસિંગથી કમાયેલા નાણાંનું રોકાણ કર્યું હતું. જયરામે લખ્યું- આ ફંડનો ઉપયોગ સેબીના નિયમોનું ઉલ્લંઘન કરીને અદાણી ગ્રુપની કંપનીઓમાં હિસ્સો ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. તે ચોંકાવનારું છે કે આ ફંડ્સમાં બૂચનો નાણાકીય હિસ્સો હતો. કોંગ્રેસ મહાસચિવે વધુમાં કહ્યું કે અદાણી સાથે જોડાયેલા કૌભાંડની તપાસમાં સેબીની અનિચ્છા ઘણા સમયથી બધાની સામે છે.

### મોદી જીના નજીકના મિત્ર અદાણીને ક્લીનચીટ આપી હતી : ખડગે

હિંડનબર્ગના નવા રિપોર્ટ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર પર નિશાન સાધ્યું અને કહ્યું કે, 'સેબીએ માનનીય સુપ્રીમ કોર્ટ સમક્ષ હિંડનબર્ગના જાન્યુઆરી 2023ના ઘટસ્ફોટમાં મોદી જીના નજીકના મિત્ર અદાણીને ક્લીનચીટ આપી હતી. આજે એ જ સેબીના ચેરપર્સનના કહેવાતા નાણાકીય સંબંધોનો પર્દાફાશ થયો છે. મધ્યમ વર્ગથી સબંધિત નાના અને મધ્યમ રોકાણકારો, જેઓ પોતાની મહેનતની કમાણી શેરબજારમાં રોકાણ કરે છે, તેમને સુરક્ષિત રાખવાની જરૂર છે કારણ કે તેઓ સેબી પર વિશ્વાસ રાખે છે. જ્યાં સુધી આ મહા-કૌભાંડની JPC તપાસ નહીં થાય ત્યાં સુધી મોદીજી તેમના A1 મિત્રની મદદ કરતા રહેશે અને દેશની બંધારણીય સંસ્થાઓ તાર-તાર થતી રહેશે.

## શેખ હસીનાના સનસનાટી મચાવતા દાવાથી હડકંપ મચ્યો

# અમેરિકાની વાત ન માની એટલે મારી સરકાર પાડી

## જો મેં અમેરિકાને સેન્ટ માર્ટિન આઈલેન્ડ આપ્યો હોત તો સત્તા ન જાત

(એજન્સી) ઢાકા । તા. 11

બાંગ્લાદેશમાં અનામત માટે શરૂ થયેલ આંદોલન બાદમાં હિંસક બની જતા બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દેવું પડ્યું હતું અને તેઓ દોશ છોડીને ભાગી ગયા હતા. હાલમાં તેઓ ભારતમાં છે. હવે શેખ હસીનાએ પોતાની સરકારના પતન પાછળ અમેરિકાનો હાથ ગણાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે, અમેરિકાને સેન્ટ માર્ટીન ટાપુ ન સોંપવાના કારણે મને સત્તામાંથી હાંકી કાઢવામાં આવી છે, જે તેમને બંગાળની ખાડીમાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવા માટે સક્ષમ બનાવે છે. તેમણે બાંગ્લાદેશી નાગરિકોને કટ્ટરપંથીઓથી ગેરમાર્ગે ન દોરાવાની અપીલ કરી છે. એક અહેવાલ પ્રમાણે પોતાના નજીકના સહયોગીઓ દ્વારા મોકલવામાં આવેલા સંદેશમાં હસીનાએ કહ્યું કે, મેં રાજીનામું એટલા માટે આપ્યું છે કે મારે મૃતદેહોનું સરઘસ ન જોવું પડે.



### હું ટૂંક સમયમાં સ્વદેશ પરત ફરીશ...

અહેવાલમાં શેખ હસીનાનો હવાલો આપતા જણાવ્યું કે, જો હું દેશમાં રહી હોત તો વધુ લોકોએ જીવ ગુમાવ્યા પડ્યા હોત અને વધુ સંસાધનો અને જાહેર મિલકતોને નુકસાન થયું હોત. મેં દેશ છોડવાનો ખૂબ જ મુશ્કેલ નિર્ણય લીધો. હું તમારી નેતા બની કારણ કે તમે મને પસંદ કરી, તમે મારી તાકાત છો. એ જાણીને હું ખૂબ જ દુ:ખી છું કે, મારી પાર્ટી અવામી લીગના ઘણા નેતાઓ માર્યા ગયા છે અને કાર્યકરોને પરેશાન કરવામાં આવી રહ્યા છે અને તેમના ઘરોમાં તોડફોડ કરવામાં આવી રહી છે અને આગચંપી થઈ રહી છે. અલ્લાહની કૃપાથી હું ટૂંક સમયમાં પરત ફરીશ. હું હંમેશા બાંગ્લાદેશના ભવિષ્ય માટે પ્રાર્થના કરીશ.

### ચીન વિરોધી પહેલ માટે અમેરિકાનું દબાણ

અવામી લીગના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, અમેરિકન રાજદ્વારી શેખ હસીના પર ચીન વિરુદ્ધ પહેલ કરવા દબાણ કરી રહ્યા હતા. હસીનાની પાર્ટીના એક નેતાએ બાંગ્લાદેશમાં યુએસ એમ્બેસેડર પીટર હાસ પર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ની તરફેણ કરવાનો આરોપ લગાવ્યો હતો. હાસે જુલાઈમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. અમેરિકી સરકાર માનવ અધિકાર અને ચૂંટણી પ્રક્રિયાને લઈને શેખ હસીના અને તેમની પાર્ટીની સતત ટીકા કરી રહી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ વર્ષે જાન્યુઆરીમાં એક નિવેદનમાં કહ્યું હતું કે, બાંગ્લાદેશમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી ન હતી કારણ કે, તમામ પક્ષોએ તેમાં ભાગ નહોતો લીધો.

### સત્તા પરિવર્તન માટે અમેરિકા જવાબદાર

શેખ હસીનાએ કહ્યું હતું કે, તેઓ લોકશાહીને ખતમ કરવાનો અને એવી સરકાર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે જેનું કોઈ લોકતાંત્રિક અસ્તિત્વ જ નહીં હોય. સૂત્રોનો દાવો છે કે કથિત રીતે સરકારી નોકરીઓમાં અનામતનો વિરોધ કરતી વખતે ઉપદ્રવ મચાવનારા તોફાનીઓ વાસ્તવમાં એ વિદેશી તાકાતના હાથમાં રમી રહ્યા હતા જે બાંગ્લાદેશમાં 'સત્તા પરિવર્તન'ની યોજના બનાવી રહ્યા હતા. હસીનાના નજીકના અવામી લીગના કેટલાક નેતાઓએ પણ ઢાકામાં સત્તા પરિવર્તન માટે અમેરિકાને જવાબદાર ઠેરવ્યું છે. તેમનું કહેવું છે કે મે મહિનામાં ઢાકાની મુલાકાત લેનાર વરિષ્ઠ અમેરિકન રાજદ્વારીનો આની પાછળ હાથ છે.

### કેજરીવાલના બંગલાનું રિનોવેશન કરનાર 3 એન્જિનિયર સસ્પેન્ડ

નવી દિલ્હી : કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગે ત્રણ એન્જિનિયરોને સસ્પેન્ડ કર્યા છે. તેમના પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાનના રિનોવેશનમાં કથિત અનિયમિતતામાં સામેલ હોવાનો આરોપ છે. આ એન્જિનિયરોએ કેજરીવાલના ઈશારે અન્ય ચાર લોકો સાથે મળીને મોડિફિકેશનના નામે ઘણા નિયમોનો ભંગ કર્યો અને સામાનની કિંમતમાં પણ વધારો કરીને દર્શાવી હતી. આ એન્જિનિયરોના નામ પ્રદીપ કુમાર પરમાર, અભિષેક રાજ અને અશોક કુમાર રાજદેવ છે. કેજરીવાલના બંગલાના રિનોવેશનમાં આ ત્રણેય સૌથી મોટી ભૂમિકા ભજવી હતી.

# ઉત્તરાખંડમાં ભૂસ્ખલન, બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ

## ગંગાનું પાણી કાશી વિશ્વનાથ કોરિડોરના દાદરા સુધી પહોંચ્યું, વારાણસીના 85 ઘાટ ગંગામાં ડૂબી ગયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ચમોલીમાં રાત્રે ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં ભૂસ્ખલન થયું હતું. જેના કારણે બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ થઈ ગયો હતો. હાલમાં કોઈને ઈજા થઈ હોવાની કોઈ માહિતી નથી. સ્ટેટ ઈમર્જન્સી સેન્ટરે જણાવ્યું કે, પહાડ ધસવાને કારણે કામેડા, નંદપ્રયાગ અને છિનકા વિસ્તારમાં નેશનલ હાઈવે પણ બંધ છે. રેસ્ક્યૂ ઓપરેશન અને કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે. યુપીના 12 જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. વારાણસીમાં કાશી વિશ્વનાથ કોરિડોરની સીડીઓ સુધી ગંગાનું પાણી પહોંચી ગયું. જેના કારણે બાબા વિશ્વનાથ ધામના ગંગાદ્વાર સહિત 3 દરવાજાથી પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશમાં વરસાદ અને ભૂસ્ખલનના કારણે કુલ 135 રસ્તાઓ બંધ છે. સ્ટેટ ઈમર્જન્સી સેન્ટરે જણાવ્યું કે ઘણાં શહેરોમાં વીજળી અને પાણી પુરવઠો પણ ખોરવાઈ ગયો છે.



### બિહારમાં ગંગા અને ગંડક નદીઓમાં પૂર

બિહારના બેગુસરાઈમાં પણ ગંગા નદીના જળસ્તરમાં વધારો થયો છે. શહેરના માર્ગો પર નદીનું પાણી વહી રહ્યું છે. શનિવારે રાત્રે પટના, મોતીહારી, બેતિયા, મુઝફ્ફરપુર, સમસ્તીપુરમાં પણ વરસાદ પડ્યો હતો. જેના કારણે ગંડક નદી પણ ભયજનક નિશાનથી ઉપર પહોંચી ગઈ છે.

**દિલ્હીમાં MCD સ્કૂલની દીવાલ ધરાશાયી થઈ :** દિલ્હીમાં વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. પાલમમાં રસ્તાઓ વરસાદી પાણીમાં ડૂબી ગયા હતા. દિલ્હીના ડિંચાવ વિસ્તારમાં આવેલી MCD સ્કૂલની દીવાલ ધરાશાયી થઈ હતી અને એક વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતું. આ ઘટનામાં બે લોકો ઘાયલ થયા હતા અને બે બાઈકને નુકસાન થયું હતું.


**કર્ણાટકમાં ભૂસ્ખલન, ટ્રેનો અટકાવી દેવામાં આવી :** કર્ણાટકમાં વરસાદને કારણે ભૂસ્ખલન થયું છે. મૈસુર ડિવિઝનના સકલેશપુર અને બલ્લુપેટ સ્ટેશનો વચ્ચે ભૂસ્ખલનને કારણે મેંગલુરુ-બેંગલુરુ વચ્ચેનો ટ્રેન વ્યવહાર અટકાવી દેવામાં આવ્યો હતો. 5 ટ્રેન મોડી પડી હતી. અગાઉ 6 જુલાઈના રોજ ભૂસ્ખલન થયું હતું. આ પછી, 8મી ઓગસ્ટે જ ટ્રેનો ફરી શરૂ કરવામાં આવી હતી.

# મહારાષ્ટ્રમાં બે ભાઈ સામ-સામે : MNSના કાર્યકરોએ ઉદ્ધવ ઠાકરેની કાર પર ગોબર ફેંક્યું

## MNSએ કહ્યું- ઘરમાં ઘૂસીને મારીશું

(એજન્સી) થાણે । તા. 11

થાણેમાં, MNSના કાર્યકરોએ શિવસેના (UBT) ચીફ ઉદ્ધવ ઠાકરેની કાર પર ગોબર, બંગડીઓ, નારિયેળ અને ટામેટાં ફેંક્યા હતા. આ પછી બંનેના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે MNSના 20થી વધુ કાર્યકરોની અટકાયત કરી છે. ઠાકરે અહીં ગડકરી હોલમાં પાર્ટીના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. MNSના કાર્યકરોનો આરોપ છે કે 9 ઓગસ્ટે શિવસેના (UBT) સમર્થકોએ બીડમાં રાજ ઠાકરેના કાફલા પર સોપારી અને ટામેટાં ફેંક્યા હતા. ઘટના પર શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે કહ્યું- દિલ્હીના અહેમદ શાહ અબ્દાલી (અમિત શાહ) મહારાષ્ટ્રમાં અરાજકતા ફેલાવવા સોપારી આપી રહ્યા છે.



### સંજય રાઉતે કહ્યું- અમે રાજના કાફલા પર હુમલો કરાવ્યો નથી

સંજય રાઉતે શનિવારે કહ્યું હતું - એવી શક્યતા છે કે રાજ ઠાકરેના કાફલા પર સોપારી ફેંકનારા લોકો શિવસેના (UBT)ના સભ્ય હોઈ શકે, પરંતુ એક સંગઠન તરીકે પાર્ટીને આ ઘટના સાથે કોઈ લેવાદેવા નથી. આ ઘટના બની ત્યારે અમે દિલ્હીમાં હતા. લોકશાહીમાં દરેકને પોતાનો મત વ્યક્ત કરવાનો અને વિરોધ કરવાનો અધિકાર છે.

# J&Kના કિશ્તવાડમાં સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ

## અંધાધૂંધ ફાયરિંગ : અનંતનાગમાં બે જવાનો શહીદ થયા હતા, ઘાયલ નાગરિકનું હોસ્પિટલમાં મોત

(એજન્સી) શ્રીનગર । તા. 11

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ બાદ રવિવારે (11 ઓગસ્ટ) કિશ્તવાડમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે ફાયરિંગ થયું છે. અધિકારીઓએ જણાવ્યું કે આજે સવારે કિશ્તવાડ જિલ્લાના જંગલમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સર્ચ ઓપરેશન દરમિયાન થોડો સમય બંને તરફથી ફાયરિંગ થયું હતું. સેના, અર્ધલશ્કરી દળો અને પોલીસ નૌનટ્ટા, નાગેની પેયાસ અને આસપાસના વિસ્તારોમાં ઓપરેશન ચલાવી રહી છે. આ વિસ્તારમાં વધુ સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે. આતંકવાદીઓની શોધખોળ ચાલુ છે. ગઈકાલે શનિવારે (10 ઓગસ્ટ) અનંતનાગમાં આતંકવાદીઓના ગોળીબારમાં હવાલદાર દીપક કુમાર યાદવ અને લાન્સ નાઈક પ્રવીણ શર્મા શહીદ થયા હતા. 3 સૈનિકો અને 2 નાગરિકો ઘાયલ થયા છે. આ પૈકીના એક નાગરિકનું આજે હોસ્પિટલમાં મોત થયું હતું.

### પંજાબ મેલમાં આગની અફવાથી નાસભાગ : 30 લોકોએ છલાંગ મારી



શાહજહાંપુર : પંજાબ મેલ એક્સપ્રેસમાં આગની અફવા બાદ શાહજહાંપુરમાં નાસભાગ મચી ગઈ હતી. જનરલ કોચમાં સવાર મુસાફરો એકબીજાને કચડીને ભાગવા લાગ્યા હતા. 50 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનમાંથી 30 મુસાફરોએ છલાંગ લગાવી હતી. આ ઘટનામાં 20 મુસાફરો ઘાયલ થયા છે. 6ની હાલત ગંભીર છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના રવિવારે સવારે 8.30 વાગ્યે બરેલી અને કટરા સ્ટેશન વચ્ચે બની હતી.

### કોલકાતા રેપ-મર્ડર કેસ:આરોપીના ફોનમાંથી મળ્યો પોર્ન વીડિયો



કોલકાતા : કોલકાતાની RG કર હોસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કરનાર આરોપી સંજય રોય 14 દિવસની પોલીસ કસ્ટડીમાં છે. 9મી ઓગસ્ટે જ તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસને મદદ કરવા સંજય હોસ્પિટલમાં સિવિક વોલેન્ટિયર તરીકે કામ કરતો હતો. તે મેડિકલ હોસ્પિટલના મોટાભાગના વિભાગોની સરળતાથી મુલાકાત લઈ શકતો હતો. જ્યારે તેનો ફોન ચેક કરવામાં આવ્યો ત્યારે તેનામાં પોર્ન વીડિયો પણ મળી આવ્યો હતો.

### ગુનામાં એવિએશન એકેડમીનું બે સીટર એરક્રાફ્ટ ક્રેશ થયું



ગુના : MPના ગુના એર સ્ટ્રીપ પર બે સીટર એરક્રાફ્ટ 152 ક્રેશ થયું હતું. તેણે 11 ઓગસ્ટ, રવિવારના રોજ બપોરે 1 વાગે ટેસ્ટીંગ માટે ફ્લાઈટે ઉડાન ભરી હતી. લગભગ 40 મિનિટ સુધી ઉડાન ભર્યા બાદ એરક્રાફ્ટ સંકુલમાં જ ક્રેશ થયું હતું. એન્જિનમાં ખામી સર્જાવાને કારણે આ અકસ્માત થયો હોવાની આશંકા છે. કેપ્ટન વી ચંદ્ર ઠાકુર અને પાયલોટ નાગેશ કુમાર ઘાયલ થયા છે. કેન્ટ પોલીસ સહિત એકેડેમીના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે.



જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નર્મદા નદીના કિનારે આવેલા 25 ગામોમાં સાવચેતી અને તકેદારીના પગલાં લેવાયા

# નર્મદા ડેમમાંથી કુલ 1,35,000 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે: નીચાણવાળા ગામોના લોકોને સાવચેત રહેવા સૂચના

ભરત શાહ : રાજપીપળા

ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલ પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી રવિવારે સરદાર સરોવર બંધનાં ૦૯ દરવાજા ૧.૫૦ મીટર ખોલવામાં આવ્યા છે જેને કારણે બંધના નીચલા વિસ્તારમાં ૯૦,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. નદી તળ વિદ્યુત મથક (R.B.P.H) નાં ૦૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૧,૩૫,૦૦૦ (૪૫,૦૦૦+ ૯૦,૦૦૦) ક્યુસેક પાણી છોડવામાં આવશે. ઈન્ચાર્જ કલેક્ટર મમતા હિરપરાએ જણાવ્યું કે વડોદરા જિલ્લામાં નર્મદા નદી કિનારાના શિનોર,ડભોઇ અને કરજણ તાલુકાના કુલ ૨૫ ગામોમાં તકેદારી અને સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. આ ગામોના તલાટી અને તાલુકાના લાયઝન અધિકારીઓને મુખ્ય મથક પર હાજર રહી અગમચેતીના પગલાં લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. ડભોઈ તાલુકાના ચાંદોદ, કરનાળી અને નંદેરિયા, શિનોર તાલુકાના અંબાલી, બરકાલ, દિવેર, માલસર, દરિયાપૂરા, મોલેથા, ઝાંઝડ, કંજેઠા, શિનોર, માંડવા, સુરાશામળ તથા કરજણ તાલુકાના પુરા, આલમપુરા, રાજલી, લીલાઈપુરા, નાની કોરલ, મોટી કોરલ, જુના સાયર, સાગરોલ, ઓઝ, સોમજ, દેલવાડા, અરજપુરા ગામનો સમાવેશ થાય છે. નર્મદા ડેમમાંથી પાણી છોડવાની શક્યતાઓને ધ્યાને રાખીને આ ત્રણેય તાલુકાના ઉક્ત ૨૫ ગામોના નાગરિકોને નદીના પટમાં ના જવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. સરદાર સરોવર બંધના નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે સુરક્ષાના પગલાં લેવામાં આવી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા પૂરની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. આપત્તિના સમયે ૧૦૭૭ નંબર ઉપર સંપર્ક કરી શકાય છે.

# બાલાસિનોરમાં હાથી દાંત વેચનાર ગેંગ ઝડપાઈ

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

**20 લાખ રૂપિયાના હાથી દાંત જપ્ત કર્યા**

વાઈલ્ડ લાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરોને બાદમે મળવા પામી હતી કે મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે એકદમ પતિ યુગલ તેમના કેટલાક સાગરીતો સાથે મળીને હાથી દાંત વેચવા માટે પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે મળેલી બાતમીના આધારે લોકલ ફોરેસ્ટ વિભાગની જાણ કરવામાં આવતો તે અંગેનું છટકું ગોઠવીને તમામ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા બાલાસિનો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને તેમની ટીમ દ્વારા વેચવા માટે જતી શાહીદાબાનો નામની મહિલા અને સુલતાન અહેમદ સહિત પાંચ ઈસમોને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે અને ઝડપાયેલા આરોપીઓ પાસેથી ચાર જેટલા નાના મોટા હાથીદાંત ઝડપી પાડવામાં આવ્યા છે ઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે વન વિભાગ એ સ્થાનિક પોલીસને સાથે રાખીને કરવામાં આવેલા આ ઓપરેશનમાં આરોપીઓના ઘરેથી હાથી દાંત મળી આવવા પામ્યા હતા. બાતમીના આધારે એક ટીમ તૈયાર કરીને આરોપીઓને રંગે હાથ પકડવા માટે વાઈલ્ડ લાઈફ કંટ્રોલ બ્યુરો અને બાલાસિનોર ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા એક ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું હતું અને આ હાથીદાંતની ખરીદી કરવા માટે ફોરેસ્ટ ખાતાના અધિકારી ખુદ ખરીદદાર બન્યા હતા અને હાથી દાંત ખરીદવામાં રસ દાખવીને મુદ્દા માલ જોવા માટે મંગાવ્યું હતું પરંતુ આરોપીઓને આ બાબતે શંકા જણાતો તેમણે ટીમની દાંત બતાવ્યા ન હતા પરંતુ બાતમીના આધારે ટીમે સ્થાનિક પોલીસને સાથે રાખીને આરોપીના ઘરે બરોડા પાડ્યા હતા ત્યારે સુલતાનની પત્ની શાહીદાબા નો એ હાથી દાંત રાખ્યા હોવાનું સ્વીકારી લીધું હતું. વધુ પૂછપરછ કરતો બીજા ચાર આરોપીઓના નામ જાણવા મળતો તમામની ધરપકડ કરવામાં આવી હતી.

# શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



દિપક રાવલ : દાહોદ

લીમખેડા ની શ્રી હસ્તેશ્વર શાળામાં ગત વર્ષે શૈક્ષણિક પ્રવૃત્તિ અને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિધાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં વિધાર્થીઓને મેડલ , ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા કાર્યક્રમ માં સંસ્થા ના પ્રમુખ ધનાભાઈ ભરવાડ મંત્રી ભરતભાઈ ભરવાડ રાકેશભાઈ ભરવાડ આર્ટસ કોલેજ ના પ્રિન્સિપલ અશ્વિનભાઈ પટેલ શાળાના એચોડી આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડા તાલુકા કક્ષાની શાળાકીય U-14 વોલીબોલની સ્પર્ધા અગારા(ઉ) મુકામે યોજાઇ



દિપક રાવલ : દાહોદ

લીમખેડા તાલુકા કક્ષાની U-14 વોલીબોલની ભાઈઓ અને બહેનોની સ્પર્ધા લીમખેડા તાલુકામાં આવેલાં અગારા(ઉ) પગાર કેન્દ્ર પ્રાથમિક શાળા ખાતે યોજાઈ.જેમાં જુદી-જુદી શાળાઓની ટીમોએ ભાગ લીધો હતો. જે પૈકી ભાઈઓ વિભાગમાં પ્રથમ નંબરે રઈ પ્રાથમિક શાળા,દ્રિતીય નંબરે અગારા(ઉ) પ્રાથમિક શાળા અને તૃતીય નંબરે પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા તથા બહેનોના વિભાગમાં પ્રથમ નંબરે અગારા(ઉ) પ્રાથમિક શાળા દ્રિતીય નંબરે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અગારા(ઉ) અને તૃતીય નંબરે રઈ પ્રાથમિક શાળા આ મુજબ વિજેતા ક્રમ પ્રાપ્ત કરેલ છે જેઓને શાળાના આચાર્ય શ્રી કલસિંગભાઈ રાવત, CRC.Co.કોર્ડીનેટર જશુભાઈ બામણીયા, માર્ગદર્શક બહેનશ્રી દશરથબેન ડાયરા અને ખેલ સહાયક નરેશભાઈ તથા તમામ સ્ટાફે અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### લો બોલો...જાડી ચામડીના પાલિકા સત્તાધીશો સામે...

# રખડતા ઢોર મામલે હવે રાજપીપળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર પણ મેદાનમાં ઉતર્યા

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા નગરપાલિકા ના ખાડે ગયેલા વહીવટ થી વેરો ભરતી પ્રજા કંટાળી ચૂકી છે અને શહેર માં રખડતા ઢોરો નો ત્રાસ ઘણા સમયથી વધતો જોવા મળ્યો છે, ભૂતકાળ માં રખડતા ઢોર ના કારણે એક બાઈક સવાર નું મોત તેમજ કેટલાય લોકો ઈજાગ્રસ્ત થયાની ઘટના બની હોવા છતાં પાલિકા તંત્ર માત્ર તમાશો જ જોતી હોય એમ ઢોરો બિન્દાસપણે શહેર માં ફરી રહ્યા છે. પરંતુ કાયદો અને વ્યવસ્થા ની સાથે સાથે અકસ્માતો અટકાવવા રાજપીપળા ટાઉન પીઆઈ આર.એસ. ડોડીયા પણ રખડતા ઢોર માટે હવે મેદાનમાં ઉતર્યા છે અને તેમણે આ માટે પ્રાંત અધિકારી ને પત્ર લખ્યો છે. આર. એસ.ડોડીયા પોલીસ ઈન્સપેક્ટર રાજપીપલા પોલીસ સ્ટેશન નાઓ એ લખેલા પત્ર માં જણાવ્યું છે કે રાજપીપલા ટાઉન વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ ખુબ જ વધી ગયેલ છે અને આ રખડતા ઢોરો રોડ રસ્તા ઉપર જ બેસી રહેતા હોય તેમજ છુટા ફરતા હોય છે જેના કારણે અકસ્માત થવાની પુરેપુરી સંભાવના રહેલ છે તેમજ ટ્રાફીકની સમસ્યા સર્જાતી હોય છે જેથી આ રખડતા ઢોરો બાબતે નિયમોનુસાર આ સમસ્યાના નિરાકરણ માટે કાયદેસરની કાર્યવાહી (પાંજરાપોળમાં મોકલવા) વ્યવસ્થા કરવા જણાવ્યું છે.

# નેત્રંગ તાલુકામાં 45 શાળા અને 126 ઓરડાઓ જર્જરીત-ખંડેર હાલતમાં : કંઈ રીતે ભણશે બાળકો..?

ભરત શાહ : રાજપીપળા



જુન માસમાં નવા શૌક્ષણિક સત્રના પ્રારંભની સાથે રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ કાયઁક્મ થકી શાળામાં પ્રવેશ કરનાર નવા વિધાર્થીઓને આવકાર આપવામાં આવે છે. અભ્યાસક્રમને લગતા તમામ સાધન સામગ્રીનું વિતરણ કરાય છે.મુખ્યમંત્રી લઈને ગ્રા.પંચાયતના સરપંચો સુધીના પદાધિકારીઓ-અધિકારીઓ આ કાયઁકમમાં જોડાય છે.જે આનંદની બાબત છે.પરંતુ નેત્રંગ તાલુકાના ગામે-ગામ કાયઁરત ૧૧૦ પ્રા.શાળા માંથી ૪૫ શાળા અને ૧૨૬ ઓરડાઓ જર્જઁરીત-ખંડેર હાલતમાં છે.ગમે ત્યારે ધરાશાયી થવાની દહેશત વતૉઇ રહી છે.વિધાર્થીઓ જીવના જોખમે અભ્યાસ કરવા મજબુર બન્યા છે. નેત્રંગ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કાયઁરત ૧૧૦ પ્રા.શાળા માં ૭૬ શિક્ષકો અને ૨૧ માધ્યમિક-ઉ.માધ્યમિક હાઈસ્કુલમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા અગત્યના વિષયોના શિક્ષકોની ઘટ હોવાનું જાણવા મળ્યું છે.ક્લાર્ક-કારકુન અને સેવક મિત્રોની જગ્યા પણ વષૉથી ખાલી છે. ઉલ્લેખનીય છે કે,નેત્રંગમાં કાયઁરત મોટા ભાગની શાળાની હાલત જર્જઁરીત-ખંડેર છે.શિક્ષકોની ઘટ છે.વિધાર્થીઓ ખુલ્લા આકાશની નીચે બેસીને અભ્યાસ કરવા મજબુર છે. તેવા સંજોગોમાં પ્રા.શાળાઓમાં શૈક્ષણિક કામગીરી કેવી રીતે ચાલતી હશે તે તપાસનો વિષય બન્યો છે.....?.

# સાપુતારા તિરંગામય બન્યુ, તિરંગા યાત્રાએ મુખ્ય માર્ગો ઉપર ફરી લોકચેતના જગાવી



સુશીલ પવાર : ડાંગ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રભાવનાની જ્યોત ઘર ઘરમાં જગાવવા માટે 'હર ઘર તિરંગા' અભિયાનમાં દેશવાસીઓને જોડાવા આહ્વાન કર્યું છે. જેને અનુસરીને સમગ્ર દેશ તિરંગાના રંગમાં રંગાઈને એકતાના સૂત્રમાં પરોવાઈ ગયો છે.તિરંગા ના રંગે રંગાયેલા રાષ્ટ્ર સમસ્તની જેમ, રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લામાં પણ ચારે તરફ તિરંગો લહેરાઈ રહ્યો છે. ત્યારે આજરોજ ગિરિમથક સાપુતારા ખાતે જિલ્લા કલેક્ટર બી. બી. ચૌધરી અને જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયાનાં આગેવાની હેઠળ તિરંગા યાત્રા યોજાઈ હતી.સાપુતારા નોટિફાઈ કચેરીથી શરૂ થયેલ આ યાત્રા મુખ્ય સર્કલ થી લેકવ્યું ગાર્ડન થી ફરીને મેઈન સર્કલ સુધી પુર્ણ થઈ હતી. સાથે તિરંગા યાત્રાએ સ્થાનિકો તેમજ પ્રવાસીઓમાં લોકચેતના જગાવી હતી.

# ડાંગ જિ.પ્રા.શિ. સંઘનાં પ્રમુખ તરીકે સુરેન્દ્ર ગાવિત અને મહામંત્રી તરીકે ચિંતન પટેલ ચૂંટાયા



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ચૂંટણી-2024 માં શિક્ષકોએ ત્રણેય તાલુકાનાં મતદાન સ્થળે મતદાન કર્યુ હતુ.આ ચુંટણીમાં મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિષ્પક્ષ અને પારદર્શક કામગીરી માટે જાણીતા મહેશભાઈ પઢિયાર(આચાર્ય,સરદાર વિદ્યાલય પ્રા.શા.)ની નિમણૂંક કરવામાં આવી હતી.મતદાન દિવસે જ સરદાર વિદ્યાલય પ્રા.શાળા,આહવા ખાતે ત્રણેય તાલુકાની મતપેટી એક્ત્ર કરી મતગણતરી થઈ હતી. ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં કુલ1536 શિક્ષક મતદારોમાંથી 1470 શિક્ષકોએ મતદાન કર્યુ હતુ.જેમા પ્રમૂખના ઉમેદવાર સુરેન્દ્રભાઈ કાળુભાઈ ગાવિત 582 મતો મેળવી વિજયી બન્યા હતા.જેઓએ ફક્ત પ્રમુખની જ ઉમેદવારી નોંધાવી હતી.

# સાગબારા તાલુકાના પુંજારીગઢ ગામે પત્ની સાથે આડા સંબંધનો વ્હેમ રાખી એકની પીટાઈ કરી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના પુંજારીગઢ ગામમાં આડા સંબંધ ના વ્હેમ એક વ્યક્તિ ને માર મારનાર ઈસમ વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર રસીકભાઈ દિલીપભાઈ વસાવા રહે, સોરાપાડા તા.સાગબારા જી.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ પોતાના પુંજારીગઢ ગામની સીમમાં આવેલ ખેતરે બનાવેલ ઘર પાસે હતા તે વખતે હરીશચંદ્ર છગનભાઈ વલવી રહે, પલાસવાડા તા.સાગબારા જી.નર્મદા નાઓ તેમની પાસે જઇ કહેવા લાગેલ કે મારી પત્ની સાથે કેમ આડા સબંધ રાખે છે તેમ કહી માં-બહેન સમાન ગાળો આપી ઝપાઝપી કરી હતી.

# વરસાદની ધાર ધીમી પડતા ગિરિમથક સાપુતારા ખાતે પણ શનિ-રવિની રજાઓમાં હાઉસફુલનાં પાટીયા ઝૂલી ઉઠ્યા

સુશીલ પવાર : ડાંગ



રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી વરસાદની ધાર ધીમી થઈ ગઈ છે. હાલનાં તબક્કે ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સમયાંતરે ઝરમરીયો વરસાદ નોંધાઈ રહ્યો છે.જેના પગલે ડાંગ જિલ્લાનાં પ્રવાસન સ્થળો રમણીય ભાસી ઉઠ્યા છે.ડાંગ જિલ્લામાં વરસાદે વિરામ લેતા નદી,નાળા, કોતરડા,વહેળા, ઝરણાઓ અને નાના મોટા જળધોધ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.ત્યારે શનિ રવિની રજાઓમાં ડાંગ જિલ્લાનાં પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓનો જનસેલાબ ઉમટી પડતા ઠેરઠેર બખા થઈ જવા પામ્યા હતા. શનિરવીની રજાઓમાં ડાંગ જિલ્લાના કિલાદ કેમ્પ સાઈટ,વઘઈનો ગીરાધોધ, બોટનીકલ ગાર્ડન, દેવીનામાળ કેમ્પ સાઈટ, ડોન હિલ સ્ટેશન,મહાલ કેમ્પ સાઈટ,અંજનીકુંડ, પાંડવગુફા, શબરીધામ, ગિરમાળનો ગીરાધોધ સહિતનાં સ્થળોએ પ્રવાસીઓની ચિક્કાર ભીડ જામતા વાતાવરણ ગુંજી ઊઠ્યુ હતુ.જેમાં ગિરિમથક સાપુતારા ખાતે પણ શનિ રવિની રજાઓમાં તમામ હોટલો,રેસ્ટરોન્ટ, હોમસ્ટે બંગલા, ટેન્ટ રિસોર્ટ ખાતે હાઉસફુલનાં પાટિયા ઝૂલી ઉઠ્યા હતા.રવિવારે ગિરિમથક સાપુતારાનાં સ્વાગત સર્કલ,ટેબલ પોઈંટ સહિત ઘાટમાર્ગમાં પ્રવાસી વાહનોની સંખ્યામાં ધરખમ વધારો નોંધાતા સમયાંતરે ટ્રાફિક જામની સ્થિતિ વણસી હતી.શનિ રવિની રજાઓમાં ગિરિમથક સાપુતારા ખાતે ક્યારેક હળવા ઝાપટા તો ક્યારેક ઝરમરીયા વરસાદી માહોલની વચ્ચે ગાઢ ધુમ્મસિયા વાતાવરણની સફેદ ચાદર ઓઢાઈ રહેતા વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ હતુ.

# રાજપીપળા ખાતે સાક્ષાત દશામાંના પગલાં દેખાતા ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા



રાજપીપળા ખાડાફળીયા સ્થિત દશામાંના મંદિર ખાતે 10/07/2024 ના રોજ સાક્ષાત માં દશામાં ના પગલાં જોવા મળ્યા તેમ સેવક યુવરાજભાઈ સંજયભાઈનાઓ એ જણાવ્યું હતું અચાનક દશા માતા ના પગલાં દેખાતા ભક્તો મોટી સંખ્યા માં ઉમટી પડ્યા હતા અને સાક્ષાત દશા માતા ના દર્શન કરી ધન્યતા અનુભવી હોવાનું જાણવા મળ્યું છે. (ભરત શાહ, રાજપીપળા)

# વડોદરા ડિવિઝનના 40 રેલવે કર્મચારીઓને ડીઆરએમ એવોર્ડ મળ્યો



(એજન્સી) વડોદરા । તા. 11

વેસ્ટર્ન રેલવે ના વડોદરા ડિવિઝન ના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી જિતેન્દ્ર સિંહ ડિવિઝન ના 40 રેલ્વે કર્મચારીઓ ને સુરક્ષિત ટ્રેન સંચાલન માં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા. આ રેલવે કર્મચારીઓ ને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારી ના કારણે અનિચ્છનીય ઘટનાઓ ને રોકવામાં તેમના યોગદાન બદલ પ્રમાણપત્રો અને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વડોદરા વિભાગના સિનિયર ડિવિઝનલ સંરક્ષા અધિકારી શ્રી શરદ ગૌતમે જણાવ્યું હતું કે ટ્રેક જાળવણી કરનારા શ્રી સુરેન્દ્ર કુમાર, શ્રી શંકુલ કુમાર, શ્રી કમલેશ કુમાર સિંહ , શ્રી ધ્રુવ કુમાર, શ્રી સંજીત કુમાર મહેતા, શ્રી છતુ ગંઝુ, શ્રી ઓમ. પ્રકાશસિંહ પી. યાદવ, શ્રી કૌશિકભાઈ સોલંકી, શ્રી અજયકુમાર વાજભાઈ, સિનિયર સેક્શન એન્જિનિયર શ્રી લોકેશ કુમાર મીના, જુનિયર એન્જિનિયર શ્રી લોકેશ કુમાર સૈની, મદદનીશ શ્રી આશિષ કુમાર, સ્ટેશન માસ્તર શ્રી ગોપાલ લાલ મીના, શ્રી સુજીત કુમાર, શ્રી યોગેશ ચંદ્ર શર્મા, શ્રી બેચન પ્રસાદ, શ્રી આશિષ કુમાર આઝાદ, સ્ટેશન અધિક્ષક શ્રી અખિલેશ કુમાર ઝા, ટ્રેન મેનેજર શ્રી નિલેશ ડી. નાગરકર, શ્રી મુકેશ સી. વરીયા, શ્રી શૈલેન્દ્ર કુમાર, શ્રી રાકેશ મીના, શ્રી અરવિંદ કુમાર, શ્રી દીપક કુમાર, સિનિયર સેકશન એન્જિનિયર શ્રી પંકજ કુમાર મહતો, સ્ટાફ નર્સ શ્રી વિજય કુમાર ધનેશા, ડીઈઈ શ્રી જનાર્દન પ્રસાદ અને ટેકનિશિયન શ્રી જશવંત એ મારવાડી ને મેરિટ પ્રમાણપત્રો અને ચંદ્રકોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# દાહોદ જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન લઈને ભારે ઉત્સાહ



દિપક રાવલ : દાહોદ

દાહોદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં ૮મી થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા અભિયાન યોજાઈ રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજનો કરવામાં આવ્યા છે. જે અન્વયે હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત સંસ્કાર એડવેન્ચર ગ્રૂપ દ્વારા બાળકોને રાષ્ટ્ર ધ્વજ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. જે અન્વયે દાહોદ જિલ્લામાં પણ હર ઘર તિરંગા અભિયાનને લઈ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.હર ઘર તિરંગા યાત્રામાં જોડાઈ રાષ્ટ્રના અનેરા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુવા વિકાસ અધિકારી શ્રી જે.સી.ડાભી, તજજ્ઞ શ્રી એલ.એ.શર્મા,શ્રી ઘનશ્યામસિંહ સોલંકી,શ્રી મનીષભાઈ જૈન ,સહિત બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં કુમાર છાત્રાલય ખાતે મુંબઈના 8 કોલેજના વિધાર્થીઓ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત મળે તેવા હેતુથી મુલાકાત કરી સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિશે માર્ગદર્શન આપ્યું



અશોક મણવર : અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં આવેલ વિશ્વ વાત્સલ્ય માનવસેવા સમાજ ટ્રસ્ટ દ્વારા અવનવી સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે મુંબઈથી આવેલ કોલેજના આઠ વિદ્યાર્થીઓ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત મળે તેવા હેતુ અન્વયે કુમાર છાત્રાલયની મુલાકાત લીધેલ સંસ્થાના પ્રમુખ મૂળજીભાઈ મહિડાના અર્થાત પ્રયત્નોથી કુમાર છાત્રાલયમાં 30 વિદ્યાર્થીઓ છે ત્યારે વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટના ટ્રસ્ટી દેવચંદભાઈ સાવલિયાના માર્ગદર્શન અન્વયે અવનવી પ્રવૃત્તિ કરવામાં આવે છે ત્યારે મુંબઈથી ખાસ અહી આવેલ કોલેજમાં અભ્યાસ કરતા આઠ વિદ્યાર્થીઓ અને તેના શિક્ષકો સાથે કુમાર છાત્રાલયની મુલાકાત લય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવી જેમાં માઈન્ડ ગેમ સહિત અલગ અલગ વિષયો પર ચર્ચાઓ કરી માહિત અને માર્ગ દર્શન આપ્યુ સંસ્થાના પ્રમુખ મૂળજીભાઈ મહિડા દ્વારા આવેલ મહાનુભાવોને શબ્દોથી આવકાર્યા વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટના ટ્રસ્ટી દેવચંદભાઈ સાવલિયા સિનિયર સિટીઝન ટ્રસ્ટના રામભાઈ અમરેલીયા નંદલાલભાઈ બામટા મહેન્દ્રભાઈ પાથર સહિત આગેવાનો દ્વારા સંસ્થાની મુલાકાત લઈ પ્રભાવિત થયા કુમાર છાત્રાલયમાં વિધાર્થીઓ અને ગૃહપતિ રોહિતભાઈ સરવૈયાએ મુંબઈના શિક્ષકો અને વિધાર્થીઓ પાસેથી વિવિધ જાણકારી મેળવેલ હોવાનું મૂળજીભાઈ મહીડાએ જણાવેલ.

# સ્ટુડિયો ગ્રીનના કંગુવાનું પાવરફુલ ટ્રેલર 12 ઓગસ્ટે રિલીઝ થશે!

(એજન્સી) મુંબઇ । તા. 11

સ્ટુડિયો ગ્રીન દ્વારા નિર્મિત, સુર્યા અભિનીત 'કાંગુવા' આ વર્ષની મોટી ફિલ્મ છે. રસપ્રદ પોસ્ટરો અને રોમાંચક 'ફાયર સોંગ' દ્વારા ધ્યાન આકર્ષિત કર્યા પછી, ચાહકોની રાહ લગભગ પૂરી થઈ ગઈ છે. શિવા દ્વારા નિર્દેશિત, 'કંગુવા'નું બહુપ્રતિક્ષિત ટ્રેલર 12મી ઓગસ્ટે રિલીઝ થશે. કહેવું જ જોઈએ કે આ ફિલ્મની મોટી રિલીઝ પહેલા જ ઘણી ઉત્તેજના પેદા કરશે. કંગુવાના નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર એક નવું પોસ્ટર શેર કર્યું છે અને તેની સાથે ફિલ્મના બહુપ્રતિક્ષિત ટ્રેલરની રિલીઝ તારીખની જાહેરાત કરી છે. પોસ્ટર શેર કરતી વખતે મેકર્સે કેપ્શનમાં લખ્યું છે - "પ્રતિક્ષા પૂરી થઈ ગઈ છે વિજયનો સમય નજીક આવી રહ્યો છે. 'કંગુવા' આ વર્ષની સૌથી મોટી અને મોંઘી ફિલ્મ છે. 350 કરોડથી વધુના અંદાજિત બજેટ સાથે, તે 'પુષ્પા', 'સિંઘમ' અને અન્ય ઘણી મોટી ફિલ્મો કરતાં મોટી છે. આ ફિલ્મનું શૂટિંગ અલગ-અલગ ખંડોના 7 દેશોમાં કરવામાં આવ્યું છે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# પાટણમાં પોલ પર ચઢેલા કર્મચારીને કરંટ લાગતા ઊંધો લટક્યો



## આંખ ખૂલતાં જ કહ્યું- 'ભગવાને નવું જીવન આપ્યું' : હાઇડ્રોલિક ટ્રેક્ટરની મદદથી યુવકને નીચે ઉતારાયો

પાટણ | સિદ્ધપુરના કાકોશી ખાતે વીજ લાઈનની કામગીરી દરમિયાન એક શ્રમિક યુવકને વીજ કરંટ લાગ્યો હતો. જેથી તે વીજ પોલ પર ઊંધો લટકી ગયો હતો. એક સેકન્ડ માટે યુવકને 'યમરાજ'નાં દર્શન થઈ ગયાં હતાં. શોર્ટ લાગતા જ યુવક બેભાન થઈને પોલ પર લટકી જતા તાત્કાલિક હાઇડ્રોલિક ટ્રેક્ટરની મદદથી નીચે ઉતારી સારવાર માટે લઈ જવાયો હતો. હોસ્પિટલમાં આંખ ખૂલતાં જ યુવકે કહ્યું કે, 'ભગવાને નવું જીવન આપ્યું' છે.
સિદ્ધપુર તાલુકાના કાકોશી ગામે વીજ લાઈન રિપેરિંગની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન વિકેસ ઠાકોર નામનો શ્રમિક યુવક વીજ પોલ પર ચઢી લાઈનની કામગીરી કરી રહ્યો હતો. દરમિયાન તેનો હાથ વીજ લાઈનને અડકી જતા તેને કરંટ લાગ્યો હતો, જેથી તે વીજ પોલ પર ઊંધો લટકી ગયો હતો. જોકે, વીજ લાઈન બંધ કરીને રિપેરિંગ કામ કરવામાં આવ્યું હતું. પરંતુ કોઈ કારણોસર કરંટ લાગ્યો હતો. આ ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી. આજુબાજુના લોકો તેમજ તેના સાથી કામદારો તાત્કાલિક દોડી આવ્યા હતા.
આ દરમિયાન નજીકમાં ઊભેલું હાઈડ્રોલિક ટ્રેક્ટર બોલાવી તેને નીચે ઉતારવામાં આવ્યો હતો. ત્યારબાદ સારવાર અર્થે હોસ્પિટલ લઈ જતા તેનો બચાવ થયો હતો. આ ઘટના બનતા જ લોકો ઊમટી પડ્યા હતા. રોડ નજીક જ ઘટના બનતા કેટલાય વાહનચાલકો પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને આને કોઈક નીચે ઉતારો તેવી બૂમો પાડવા લાગ્યા હતા. જેથી બાજુમાં જ હાઈડ્રોલિક ટ્રેક્ટર હોવાથી તેની મદદ લઈને યુવકને તાત્કાલિક નીચે ઉતારવામાં આવ્યો હતો. જોકે, યુવક બેભાન અવસ્થામાં હોવાથી તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવકને બેથી ત્રણ જગ્યાએ શોર્ટ લાગ્યો હતો. જે બાદ તે વીજ પોલ પર તે ઊંધો લટકી ગયો હતો. પરંતુ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તેનો બચાવ થયો હતો, જો ઉપરથી પટકાયો હોત તો કદાચ દુર્ઘટના બની હોત.
આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા વિકેસ ઠાકોરે જણાવ્યું હતું કે, અમે પાંચ લોકો કાકોશી સાઈડ પર એલ ટી લાઈન પર કામ કરતા હતા. આ દરમિયાન લાઈન બંધ હતી, ત્યારે પિન બાઈનિંગ કરવા ઉપર ચડ્યો હતો. બે લાઈન ખોલી હતી, ત્યાં જ અચાનક ઝટકો

## ન્યૂઝ કોર્નર

### ચોબારીમાં ઝાડીમાં જુગાર રમી રહેલા ચાર શખ્સો ઝડપાયા

કચ્છ | હાલ ચાલી રહેલા શ્રાવણમાં પ્રતિદિન જુગરીઓ પોલીસને હાથ લાગી રહ્યા છે. આજે ભચાઉ પોલીસે ગંજીપાના વડે તીન પત્તિનો જુગાર રમતા ચાર ખેલીઓને રૂ. 27 હજાર 500ની રોકડ સહિત કુલ રૂ. 1 લાખ 57 હજાર 500ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જોકે 6માંથી બે ખેલી ફરાર થઈ જતા પોલીસે બન્નેની શોધ હાથ ધરી હતી. આ અંગે જાહેર કરાયેલી વિગતો મુજબ ભચાઉ પીઆઈ એસ.ડી. સિસોદીયાની સુચના અન્વયે સર્વેલન્સ સ્ટાફના માણસો ભચાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન ખાનગીરાહે મળેલી બાતમીના આધારે દરોડો પાડતા ભચાઉ તાલુકાના ચોબારી ગામના વાડીમાં રહેલી બાવળોની ઝાડીમાં રૂપિયાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા આરોપીઓને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

### ખેરાલુમાં 2 કાર અને બાઈક વચ્ચે અકસ્માત, 7 ઘાયલ

મહેસાણા | ખેરાલુથી વડનગર આવતા રોડ પર સ્વીફ્ટ ગાડીએ ઈકોને અને બાઈકને ટકકર મારતા ચારથી વધુ લોકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. ઈજા પામેલાઓને 108 મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.જ્યાં ઈકો ચાલકે સ્વીફ્ટ ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ખેરાલુના ગ્લેચાવાસમા રહેતા સુખડિયા ભાવેશકુમાર પોતાની ઈકો ગાડી GJ02CG2408 લઈ પોતાની પત્ની હર્ષાબેન અને માતા લીલાબેન સાથે વિસનગર જવા નીકળ્યા હતા એ દરમિયાન વે-વેઈટ ચોકડી પાસે વડનગર બાજુથી રોંગ સાઈડમાં બેફામ સ્પીડમાં આવતી સ્વીફ્ટ ગાડીએ ઈકો ગાડીને ટકકર મારી હતી જેથી ગાડી રોડ પર પલ્ટી મારી ગઈ હતી. બાદમાં ગાડી ચાલકે અન્ય એક બાઈક ચાલક ને ટકકર મારી હતી.આ દરમિયાન લોકોના ટોળા ઉમટી પડતા ઈજાગ્રસ્તને લઈ 108 સારવાર માટે પહોંચી હતી જ્યાં અકસ્માતમા ઈકોમાં સવાર ડ્રાઈવર,તેમની પત્ની અને માતાને ઈજાઓ થઈ હતી.

## પહેલાં ખતરનાક સ્ટંટમાં યુવકનો પગ તૂટ્યો, પછી સ્ટંટબાજોએ પોલીસકર્મીને ધક્કો મારી જમીન પર પટકી વોર્નિંગ આપી

# નવસારીમાં બે વીડિયો બાદ નવસારી પોલીસ દોડતી થઇ



**નવસારી | આજકાલના યુવકો પોતાને શૉ ઓફ કરવા માટે ક્યારેક જીવ પણ ખોઈ બેસે છે. ખાસ કરીને, મેટ્રોસિટીમાં અપર ક્લાસ વર્ગના યુવાનો બાઈક સ્ટંટ કરી પોતાની કીક સંતોષે છે. પણ હવે આ દૂષણ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઘર કરી ગયું છે. પોલીસ માટે પણ સ્ટંટબાજ યુવાનો પડકારરૂપ બની કાયદાનું ઉલંઘન કરતા હોય છે. બાઈક સ્ટંટ કરવા દરમિયાન ગંભીર અકસ્માત સાથે પોલીસને ધક્કે ચઢાવવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. એમાં પોલીસે વીડિયોને આધારે કાર્યવાહી કરવા અંગે માહિતી આપી છે.**

ખેરગામ તાલુકાના ગામે 9મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસનો વીડિયો છે. જેમાં કેટલાક યુવાનો રોડની વચ્ચે બિન્દાસપણે બાઈક સ્ટંટ કરી રહ્યા છે. જેને જોવા માટે અન્ય કેટલાક યુવાનો તેમને રોડ કિનારે ઊભા રહી ચિયર કરી રહ્યા છે. દરમિયાન એક યુવાન ઝડપી રીતે પાછલા એક વ્હીલ પર બાઈક હંકારી લાવે છે અને અકસ્માતે રોડ કિનારે ઊભા રહેલા યુવાન સાથે તેની ટક્કર થાય છે, જોકે તેમાં કોઈ ગંભીર અકસ્માત થતો નથી પરંતુ અન્ય એક યુવાન પાછળના વ્હીલ ઉપર બેલેન્સ બનાવી બાઈક હંકારી સામેથી આવતી અન્ય બાઈક સાથે જોરદાર ટક્કર થઈ હતી.
આ અકસ્માતના યુવાનનો ડાબો પગ તૂટી ગયો હોવાનું વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. ત્યારે બાદ અન્ય એક વીડિયો પણ વાઈરલ થયો. જે વીડિયો આ ઘટના બાદનો છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, પોલીસ કર્મચારીઓ આ યુવાનોને બાઈક સ્ટંટ કરવાની ના પાડવા સાથે રોકી રહ્યા છે અને જેમાં કેટલાક યુવાનોએ આવેશમાં આવી જઈ એક પોલીસ કર્મચારીને પણ ધક્કો મારીને નીચે પાડી દેતા હોય તેવું સ્પષ્ટ જોઈ શકાય છે. આ સમગ્ર મામલાને લઈને પોલીસે ગંભીરતા દાખવી હાલ બાઈક સ્ટંટ કરતા યુવાનો વિરુદ્ધ કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી. પોલીસે બંને વીડિયોની ખરાઈ કરવાની તજવીજ શરૂ કરી છે. સાથે જ વીડિયોમાં દેખાતા કેટલાક યુવાનો એને રાઉન્ડ અપ પણ કર્યા છે. આ મામલાને લઈને ટૂંક સમયમાં પોલીસે તેમના વિરુદ્ધ નક્કર કાર્યવાહી કરશે તેવું જિલ્લા પોલીસવાળા દ્વારા જાણવા મળ્યું છે.





### બીજા વીડિયોમાં પોલીસને પણ ધક્કે ચડાવી

ત્યારે બાદ અન્ય એક વીડિયો પણ વાઈરલ થયો. જે વીડિયો આ ઘટના બાદનો છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, પોલીસ કર્મચારીઓ આ યુવાનોને બાઈક સ્ટંટ કરવાની ના પાડવા સાથે રોકી રહ્યા છે અને જેમાં કેટલાક યુવાનોએ આવેશમાં આવી જઈ એક પોલીસ કર્મચારીને પણ ધક્કો મારીને નીચે પાડી દેતા હોય તેવું સ્પષ્ટ જોઈ શકાય છે. આ સમગ્ર મામલાને લઈને પોલીસે ગંભીરતા દાખવી હાલ બાઈક સ્ટંટ કરતા યુવાનો વિરુદ્ધ કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી. પોલીસે બંને વીડિયોની ખરાઈ કરવાની તજવીજ શરૂ કરી છે. સાથે જ વીડિયોમાં દેખાતા કેટલાક યુવાનો એને રાઉન્ડ અપ પણ કર્યા છે. આ મામલાને લઈને ટૂંક સમયમાં પોલીસે તેમના વિરુદ્ધ નક્કર કાર્યવાહી કરશે તેવું જિલ્લા પોલીસવાળા દ્વારા જાણવા મળ્યું છે.

### કાયદો અને વ્યવસ્થાને લઈને પ્રશ્નાર્થ

9મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ હોઈ સમગ્ર જિલ્લામાં આદિવાસી સમાજ દ્વારા ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. ખેરગામ તાલુકામાં પણ ઉજવણી થઈ રહી હતી. પરંતુ માંડવખડક ગામે કેટલા યુવાનો દ્વારા જોખમી રીતે બાઈક સ્ટંટ કરીને કાયદાનું સરેઆમ ઉલંઘન કરતા હોય તેવા વીડિયો સામે આવ્યા હતા. જે બાદ પોલીસે આવું કૃત્ય ન કરવા કહેતા ઉશ્કેરાયેલા યુવાનોએ પોલીસને પણ નીચે પાડી દેવાની ઘટનાને લઈને સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર પ્રશ્નાર્થ ઊભો કરી દીધો છે.



### ટૂંક સમયમાં કડક કાર્યવાહી થશે: SP

જિલ્લા પોલીસવડા સુશીલ અગ્રવાલ સાથે વાત કરતા તેમણે માહિતી આપી કે, આ સમગ્ર ઘટનાને લઈને હાલમાં જે બંને વીડિયો છે, તેની ખરાઈ કરવામાં આવી રહી છે. વીડિયોમાં દેખાતા કેટલાક યુવાનોને રાઉન્ડ અપ પણ કર્યા છે, સાથે જ આગામી સમયમાં ઘટનામાં સંડોવાયેલા યુવાન વિરુદ્ધ FIR પણ દાખલ થશે સાથે જ કાયદેસરની ધરપકડ કરી તેમના વિરુદ્ધ પગલાં લેવામાં આવશે.

# રિક્ષાચાલકને આંતરી છરી બતાવી સ્પ્રે છાંટી રૂ.5,500ની લૂંટ કરી...

(એજન્સી) રાજકોટ | તા. 11

રાજકોટમાં લૂંટની વધુ એક ફરીયાદ નોંધાઈ છે. જેમાં શહેરના મવડીમાં રહેતા અને મજૂરીકામ કરતા 18 વર્ષીય યુવાને રાજકોટ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ 4 શખ્સો કારમાં આવ્યાં હતા અને યુવાનને આંતરી છરી બતાવી આંખમાં સ્પ્રે છાંટી આધારકાર્ડ અને રૂ. 4,000ની લૂંટ કરી હતી તો અજાણ્યા રીક્ષાચાલકને રોકી રૂ.1,500ની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. યુવાને 4 શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે ત્યારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 309(6), 54, 126(2) તથા જીપી એક્ટ 153 મૂજબ FIR નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જોકે, ગત તા.7 ઓગસ્ટના રોજ બનેલી લૂંટની ઘટનાની 10મી ઓગસ્ટના ફરિયાદ નોંધાવવામાં આવી હતી.
રાજકોટનાં મવડીમાં 40 ફૂટના રોડ ઉપર ધરમ નગર શેરી નંબર 1/2ના ખૂણે રહેતા મંચકભાઈ સમસિંગભાઈ જેમાં ફરિયાદીના ખિસ્સામાંથી આધાર કાર્ડ તથા રોકડા રૂપીયા 4000 તથા સાહેદ ચેતનસિહ નાથુજી નકુમ પોતાની રિક્ષા લઈ જતા હોય તેને રોકી તેમની પાસેથી રૂપીયા 1500 મળી રૂ. 5500ની લૂંટની ફરિયાદ દાખલ કરી છે.

# 10 પાસ ડોક્ટરે બાળકીને 3 ઇન્જેક્શન આપતાં મોતને ભેટી:બોગસ તબીબ શમીમે 10 વર્ષથી હાટડી ખોલી હતી

(એજન્સી) સુરત | તા. 11

10થી 12 દિવસ પહેલાં સુરતમાંથી 16 બોગસ ડોક્ટરો પકડાયા હતા, ત્યારે ફરી એકવાર 10 પાસ ડોક્ટર પકડાયો છે. આ ડોક્ટરે 3 વર્ષની બાળકીનો જીવ પણ લીધો છે. બાળકીને ડાબા પગના થાપાના ભાગે ઈજા થતાં બોગસ ડોક્ટરે 3થી વધુ ઈન્જેક્શન આપી એક ટાંકો લીધો હતો. તે સમયે બાળકીના મોઢામાંથી ચીસ ફાટી નીકળી હતી. બાદમાં બોગસ ડોક્ટરે અન્ય હોસ્પિટલમાં બાળકીને લઈ જવાનું કહ્યું હતું. પરંતુ બાળકીને અન્ય હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં મૃત્યુ પામી હતી. જોકે, બાળકીનું મૃત્યુ ઈન્જેક્શનથી થયું હોવાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતા બોગસ ડોક્ટરનો ભાંડો ફૂટી ગયો હતો.
ભેસ્તાન પોલીસના જણાવ્યા અનુસાર નરગિસનગરમાં રહેતા રબીઉલ રૂસ્તમ શેખની સવા 3 વર્ષની બાળકી ફાતેમાને ગત તા.15 ફેબ્રુઆરીના રોજ રમતી વેળા પડી જતાં ડાબા પગના થાપાના ભાગે ઈજા થઈ હતી. બાળકીને ઈજા થતાં વાલી નજીકની ગરીબનવાઝ સોસાયટીમાં રેહાના ક્લિનિકમાં ડો. શમીમ સીરાજુદીન અંસારી (મૂળ રહે. ફલવટિયા, જિ. મુઝફ્ફરપુર, બિહાર) પાસે લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે બાળકીને 3 ઈન્જેક્શન આપ્યાં હતાં અને થાપાના ભાગે એક ટાંકો લીધો હતો. એ સમયે બાળકીના મોઢામાંથી ચીસ નીકળી ગઈ હતી. આ દરમિયાન ડો. શમીમે સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ વધુ સારવાર મેળવે એ પહેલાં જ બાળકી ફાતેમાને મૃત જાહેર કરી હતી. ફાતેમાનું મોત નીપજતાં તેણીનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવતાં તેનું મોત ઈન્જેક્શન આપવાના કારણે થયું હોવાનો રિપોર્ટમાં સામે આવ્યું હતું.
ભેસ્તાનમાં રહેતા શ્રમિક પરિવારની બાળકીને 6 માસ અગાઉ ઈજા થતાં સ્થાનિક વિસ્તારમાં રેહાના ક્લિનિકના ડોક્ટર પાસે સારવાર કરાવી હતી. માસૂમ બાળકીનું તરત જ મોત નીપજ્યું હતું.

**શખસે દિલ્હીથી સર્ટિફિકેટ મેળવ્યું હતું |** ભેસ્તાનમાં ગરીબનવાઝ સોસાયટીમાં રેહાના ક્લિનિકના નામે ધો.10 પાસ શમીમ અંસારીએ NEHM (નેચરો ઈલેક્ટ્રો-હોમિયોપેથી મેડિકોઝ ઓફ ઈન્ડિયા) દિલ્હીથી સર્ટિફિકેટ મેળવ્યું હતું. સર્ટિફિકેટ મેળવી છેલ્લાં 10 વર્ષથી હાટડી ખોલી હતી. આ બોગસ ડોક્ટર ભેસ્તાન અને ઉન વિસ્તારમાં રહેતા ગરીબ શ્રમિકોના આરોગ્ય સાથે ચેડાં કરીને લૂંટફાટ મચાવતો હતો. પરિવારજનોએ સમગ્ર ઘટના અંગે પોલીસને માહિતગાર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલાં સુરતના સ્લમ વિસ્તારને ટાર્ગેટ કરી ત્યાંના શ્રમિકોની સારવાર કરનાર 16 જેટલા બોગસ ડોક્ટરની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે ધરપકડ કરી છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### ત્રણોલ ગામમાંથી રૂપિયા 2.30 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળ્યો

આણંદ | ખંભોળજ પોલીસની ટીમે બાતમીને આધારે આણંદ તાલુકાના ત્રણોલ તાબે નવાપુરામાં આવેલ એક ખેતરના છાપરામાં દરોડો પાડ્યો હતો. ત્યાંથી રૂપિયા 2.30 લાખનો ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આ દારૂનો જથ્થો જપ્ત કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ તાલુકાના ત્રણોલ તાબે નવાપુરામાં રહેતો નરેન્દ્રસિંહ ઉર્ફે ઉજી રઈજીભાઈ સોઢા તેના ઘરની નજીક આવેલ ખેતરમાંના શેડવાળા છાપરામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી, તેનું ખાનગી રાહે વેચાણ કરતો હોવાની બાતમી ખંભોળજ પોલીસને મળી હતી.

### રાણવાવનીસ ચોરીના ગુન્હામા સંડોવાયલો આરોપી હરિયાણાથી ઝડપાયો

પોરબંદર | પોરબંદર જિલ્લાના વિવિધ ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના અનુસંધાને એલ.સી.બી. પીઆઇ આર.કે.કાંબરીયાના માર્ગદર્શન મુજબ હેડ કોન્સ્ટેબલ સલીમ પઠાણને હ્યુમન સોર્સીસથી હકીકત મળેલ કે, રાણાવાવ પોલીસના 2001ના આઈ.પી.સી. 381 મુજબના ગુન્હામાં રોકડા રૂપિયા તથા સોનાના દાગીના તથા મોટર સાયકલ મળી કુલ રૂ. 1,85,000ના મુદ્દામાલની ચોરી થઈ હતી. ઉપરોકત ગુન્હાના નાસતા ફરતા આરોપી ઈસ્માઈલ અબ્દુલ મજીદ હાલ પોતાના ગામ બઈઈ ખાતે હોવાની હકીકત મળી હતી.

# વલસાડથી ગુમ થયેલી 16 વર્ષીય દીકરી જયપુરમાંથી મળી આવી

(એજન્સી) વલસાડ | તા. 11

વલસાડ શહેરમાં રહેતા એક શ્રમિક પરિવારની એક સગીરાનું થોડા દિવસો પહેલા અપહરણ થયું હતું. સગીરાના માતા પિતાની મધ્યરાત્રીએ ઊંઘ ઊડી જતા સગીરાની પથારીમાં ચેક કરતા સગીરા પથારીમાં મળી આવી ન હતી. જેથી સગીરાના માતા પિતાએ આજુબાજુના વિસ્તારમાં સગીરાની શોધખોળ હાથ ધરી હતી. સગીરા ક્યાંય મળી ન આવતા છેવટે પરિવારના સભ્યોએ ઘટનાની જાણ વલસાડ સીટી પોલીસની ટીમને કરી હતી. ઘટનાની જાણ વલસાડ સીટી પોલીસની ટીમને થતા વલસાડ રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ સહિતના CCTV ફૂટેજ ચેક કરતા મળેલા પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરતા સગીરા રાજસ્થાનના જયપુર રેલવે સ્ટેશનથી સગીરાને વલસાડ સીટી પોલીસની ટીમે શોધી કાઢી હતી. વલસાડ સીટી પોલીસે સગીરાનું મેડિકલ કરાવી સગીરાનું નેવેદન નોંધી આગળની તપાસ હાથ ધરી છે. વલસાડ જિલ્લાને અડીને આવેલા દાદરા નગર હવેલી વિસ્તારનું એક શ્રમિક દંપતી વલસાડ શહેરમાં તેના પરિવાર સાથે રહે છે. આ શ્રમિક પરિવારનો 16 વર્ષીય સગીરા સાથે નજીકમાં રહેતા કોઈ અજાણ્યા યુવકે મિત્રતા કેળવી હતી. મિત્રતા દરમ્યાન યુવકે સગીરાને લગ્ન કરવાની લોભામણી લાલચ આપી સગીરાને યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી.
જે બાદ 8મી ઓગષ્ટની મધ્ય રાત્રીએ સગીરાને લગ્ન કરવાની લોભામણી લાલચ.આપી સગીરાનું અપહરણ કરી ગયો હતો. રાત્રીના 2 કલાકે સગીરાના માતા પિતા એ ઉઠીને સગીરાની પથારીમાં ચેક કરતા સગીરા ક્યાંય મળી આવી ન હતી. સગીરાને તેના ઘરની આજુબાજુના વિસ્તારમાં ચેક કરતા સગીરા ક્યાંય મળી આવી ન હતી. સગીરા ક્યાંય મળી ન આવતા છેવટે પરિવારના સભ્યોએ સગીરાના અપહરણની વલસાડ સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# સાડીના વેપારીનું પૂણેથી અપહરણ, 40 લાખની પઠાણી ઉઘરાણી કરી મરવા મજબૂર કર્યો, પત્નીને છેલ્લો કોલ કર્યો

(એજન્સી) સુરત | તા. 11

સુરતના ડિંડોલી વિસ્તારમાં ચોથા માળે આવેલી હોટલમાંથી રહસ્યમય રીતે નીચે પટકાતા યુવકનું મોત નીપજ્યું હતું. અજાણ્યા શખસ તરીકે આ યુવકનું મોત થયું હતું. પોલીસ પણ આ ઘટનાને લઈને મૂંઝવણમાં મુકાઈ ગઈ હતી. ત્યારબાદ પોલીસ તેનાં પરિવારજનો સુધી પહોંચતા જે હકીકત સામે આવી તે જાણીને પોલીસ પણ ચોકી ગઈ હતી. પૂણેના સાડીના વેપારીનું સુરતના 4 ટેક્સટાઈલના વેપારીઓ અપહરણ કરી લાવ્યા હતા અને ત્યારબાદ હોટલમાં ગોંધી રાખ્યો હતો. આ સાથે જ 40 લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી રહી હતી. જેથી, કંટાળીને સાડીના વેપારીએ હોટલના બાથરૂમના રૂમની બારીમાંથી કૂદીને આપઘાત કરી લીધો હતો. આ સમગ્ર ઘટના CCTVમાં પણ કેદ થઈ ગઈ હતી. હાલ સાડીના વેપારીની પત્નીની ફરિયાદના આધારે ડીંડોલી પોલીસે ટેક્સટાઈલના 4 વેપારીઓ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.
મળતી માહિતી પ્રમાણે મૂળ રાજસ્થાનનો 35 વર્ષીય રાકેશ પાંચારામ ચૌધરી મહારાષ્ટ્રના પૂણે ખાતે પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા-પિતા, પત્ની અને એક છ વર્ષની દીકરી છે. રાકેશે 8 વર્ષ પહેલાં પૂજા સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. રાકેશ પદ્માવતી કલેક્શનના નામથી કાપડની દુકાન ધરાવતો હતો અને સાડીનો વેપારી હતો. રાકેશનો વેપાર-ધંધો સુરત, કર્ણાટક આ તમામ જગ્યાઓ પર હતો. વેપાર-ધંધાને લઈને તે કર્ણાટક, સુરત, તમિલનાડુ સહિતની જગ્યાઓ પર તે આવતો જતો રહેતો હતો.
ગત 6 ઓગસ્ટના રોજ રાકેશ પુણેથી તમિલનાડુના મદુરાઈ જવા માટે ઘરેથી નીકળ્યો હતો. એરપોર્ટ પર તેની ફ્લાઈટ હોવાથી સવારે 11:30 વાગે ઘરેથી એરપોર્ટ જવા રવાના થયો હતો. ત્યારબાદ સાંજે સાડા પાંચ વાગ્યે રાકેશે તેની પત્ની પૂજાને જાણ કરી હતી કે, સુશીલ જોશી, હરીશ, ગૌતમ અને જયેશ એરપોર્ટ જતા સમયે રસ્તામાં મળી ગયા હતા. ત્યારબાદ આ ચારેય જબરદસ્તી મને સુરત લઈને જઈ રહ્યા છે. જેથી, મદુરાઈ જવાનું કેન્સલ કરી દીધું છે.
એક કલાક બાદ રાકેશે પત્નીને કોલ કરીને જણાવ્યું હતું કે, તેઓ મુંબઈ પહોંચી ગયા છે. ત્યારબાદ પત્નીએ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, રાકેશનો કોલ લાગ્યો ન હતો. બીજા દિવસે એટલે કે 7 ઓગસ્ટના રોજ સવારે 8:30 વાગ્યે રાકેશને પત્નીએ કોલ કરતા જણાવ્યું હતું કે, હું ઠીક છું અને સુરત પહોંચી ગયો છું. ત્યારબાદ બપોરના ત્રણ વાગ્યા પછી પત્નીને કોલ કરીને જણાવ્યું હતું કે, આ ચારેય લોકો મારી પાસે 40 લાખ રૂપિયા માંગે છે તેઓને 40 લાખ રૂપિયા આપવા પડશે.

## અમેરિકન ડોલરના હવાલા કાંડમાં બેની ધરપકડ બાદ જામીન

(એજન્સી) આણંદ | તા.11

અમેરિકામાં હવાલાના ૧.૫૦ લાખ ડોલરનો ચુનો ચોપડવા બાબતે બાકરોલ અને વલાસણના મધ્યસ્થીઓનું કારમાં અપહરણ કર્યા બાદ અલગ-અલગ જગ્યાઓએ લઈ જઈ ગડદાપાટુનો માર મારવા સાથે લાકડીથી માર મારી જાનથી માર નાખવાની ધમકી આપવાના બનાવમાં આણંદ એલસીબી પોલીસે બે શખ્સોને ઝડપી પાડયા હતા. બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા તેમનો જામીન પર છૂટકારો થયો હતો. મુખ્ય સૂત્રધાર મીહિર દેસાઈની ધરપકડ બાદ ખુલાસા થશે. બોરસદ તાલુકાના પામોલ ગામે રહેતા જયમીન ઉર્ફે પપ્પુ તથા અમદાવાદ ખાતે રહેતા મિહિર દેસાઈને અમેરીકામાં હવાલાના ૧.૫૦ લાખ ડોલરનો ચુનો ચોપડવામાં આવ્યો હતો. જે અંગે બાકરોલ ખાતે રહેતા ક્રિષ્નપાલ દિનેશકુમાર રાજપુરોહિત અને વલાસણ ગામે રહેતા સમીર પટેલ દ્વારા અમેરીકામાં સુચવેલ જોર્ડન નામનો શખ્સ આ ડોલર લઈ ગયો હોવાનું જણાવ્યું હતું. જેને લઈ ગત તા.૪ના રોજ રાત્રિના સુમારે ક્રિષ્નપાલ અને સમીરનું એલીકોન ચોકડી તેમજ કરમસદ ખાતેથી કારમાં અપહરણ કરી લઈ જઈ બાદમાં કરમસદ ગામના તળાવ, વિદ્યાનગર રોડ ઉપર આવેલ હોટલ એચના પાર્કિંગ અને સામરખા ચોકડી નજીક આવેલ એક કન્સ્ટ્રક્શન સાઈટ ખાતે લઈ જઈ બંને શખ્સોને ગડદાપાટુનો માર મારી તેમજ બેલ્ટ અને લાકડીઓથી માર માર્યો હતો. બાદમાં બંને શખ્શો પાસેથી નાણાંની પરત આપવાની માંગણી કરાતા અમેરીકાના જોર્ડન નામના શખ્સે ફોન સ્વીચ ઓફ કરી કોઈપણ જાતનો જવાબ ન અપાતા આખરે સમીર પટેલે ૫૦ હજાર ડોલર પરત આપવાનું કબુલવામાં આવતા બંને શખ્સોને છોડી મુકવામાં આવ્યા હતા.

### ન્યુઝ ફ્લેશ

### ગાંજાના 900 ગ્રામ જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ : છરો પણ મળ્યો

ગાંધીનગર : શહેરના સિમાડે ઘ ૭ સર્કલ પાસે છાપરા વિસ્તારમાં મારામીરીનો બનાવ બન્યો હોવાની વાયરલેસ પર મળેલી માહિતીના આધારે સ્થળ પર પહોંચેલી પોલીસે બે શખ્સોને વનસ્પતિજન્ય નશીલા પદાર્થ ગણાતા ગાંજાના ૯૦૦ ગ્રામ જથ્થા સાથે ઝડપી લેવા સાથે તેની પાસેથી સ્ટીલનો છરો પણ જપ્ત કર્યો હતો. બન્ને આરોપીઓને કોઈએ હુમલો કરીને માર માર્યો હોવાથી તેમની સારવાર કરાવ્યા બાદ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સેક્ટર ૨૧ પોલીસ મથકના ઈન્સપેક્ટર ડી. બી. ભુરાના જણાવવા પ્રમાણે ઘ ૭ પ્રેસ સર્કલ પાસે ઝઘડો થયો હોવના મેસેજના પગલે રાત્રે ૯ વાગ્યાના અરસામાં સ્થળ પર પીસીઆર વાન મોકલવામાં આવી હતી.

### મારી પત્ની સામે જુએ છે, કહીને યુવાન પર પાઇપ વડે હુમલો કર્યો

ગાંધીનગર : ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં કામ કરતા અને વલાદ ગામે રહેતાં યુવાનને તું મારી પત્ની સામે કેમ જુએ છે, તેમ કહીને લોખંડના પાઈપ તથા ગડદા પાટુનો માર મારવામાં આવતાં તેને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવારમાં ખસેડાયો હતો. ગામના જ રહેવાસી યુવક અને તેના ભાઈ તથા માતા સહિત ચાર વ્યક્તિ સામે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.આ બનાવ બારામાં ગાંધીનગરના વલાદ ગામે રાવળવાસમાં રહેતાં ૨૩ વષય નોકરિયાત યુવાન પરેશ દિનેશભાઈ રાવળે ઈન્ફોસિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વલાદ ગામનાં જ રહેવાસી આરોપીએ મારા ઘર સામે નજર કરીશ તો જીવતો નહીં રહે તેવી ધમકી પણ આપી હતી

### ઓફિસના તાળા તોડીને એસી, ટીવી સહિત 41 હજારની મતા ઉઠાવી ગયાં

ગાંધીનગર : ગાંધીનગરના સરઢવ ગામે જમીન દલાલની ઓફિસના તાળા નકુચા તોડીને અંદર પ્રવેશેલા તસ્કરો ઓફિસમાંથી આઉટર સહિત એર કન્ડિશનર મશીન, ટીવી અને ઈલેક્ટ્રીક સગડી મળીને રૂપિયા ૪૧ હજારની કિંમતનો મુદ્દામાલ ચોરી ગયા હતાં. માણસામાં સ્ટેશનરીની ફેક્ટરી ચલાવતા વાડજના વેપારીએ જમીનની લે-વેચ કરવા માટે સરઢવમાં ઓફિસ ખોલી હતી. જ્યા ચોરીનો બનાવ બનતા પોલીસે તપાસ આદરી હતી. અમદાવાદમાં નવા વાડજ વિસ્તારમાં આવેલી કેશવબાગ વાડીમાં શ્રદ્ધા એપાર્ટમેન્ટમાં રહેતાં પંકજભાઈ સીતારામ નાયક નામના ૫૨ વર્ષીય આધેડ દ્વારા આ બનાવ સંબંધે ગાંધીનગરના પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવાય પ્રમાણે તેણે સરઢવ ગામે ખોલેલી ઓફિસમાં દિવસે સારસંભાળ માટે રાખેલા ગામના રહેવાસી બાબુભાઈ છનાભાઈ રવળે તેને ફોન કરીને ઓફિસના તાળા નકુચા તૂટેલા હોવાની જાણ કરી હતી.

#### ઝડપાયેલા 4 શખ્સે સાડા 3 વર્ષમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી કર્યાની કબૂલાત

## મંદિર અને જવેલર્સની દુકાનોમાં ચોરીને અંજામ આપતી તસ્કર ટોળકીની ધરપકડ

(એજન્સી) ભાવનગર | તા.11

ભાવનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મંદિર અને જવેલર્સની દુકાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપતી તસ્કર ટોળકીને એલસીબીની ટીમે ભરતનગર ચોકડથી તરસમિયા તરફ જતાં રોડ પરથી એલસીબીએ ઉઠાવી લીધી હતી. ઝડપાયેલા શખ્સો પાસેથી રોકડ, ચાંદીના દાગીના, બાઈક મળી ૧.૫૯ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની ભરતનગર ચોકડીથી તરસમિયા રોડ પર આવેલ રામદેવપીર બાપાના મંદિર પાસે ચાર શખ્સ હોન્ડા સાઈન બાઈક નં. જીજે.૦૪.ડીકે.૯૯૭૫માં સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ લઈને શંકાસ્પદ હાલતમાં ઉભા હોવાની ચોક્કસ બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે દોડી જઈ વિક્રમ મથુરભાઈ કંટારીયા (ઉ.વ.૪૬, રહે, હાલ ધરમશીભાઈ ધાપાના મકાનની બાજુમાં, શીતળા માતાના મંદિર પાસે, ઘોઘારોડ, મુળ સુરકા, તા.ઘોઘા), સુમરીયાસીંગ ઉર્ફે નાનકો કાપસીંગ સુરસીંગ બામનિયા (ઉ.વ.૨૧), કાપસીંગ સુરસીંગ બામનિયા (ઉ.વ.૫૫) અને મદન બીલામસીંગ બામનિયા (ઉ.વ.૧૯, રહે, બહેડિયા, તા.જોબટ, જિ.અલી રાજપુર, રાજ્ય મધ્યપ્રદેશ, હાલ દીલિપભાઈ કોન્ટ્રાક્ટરની સાઈટમાં, સુભાષનગર, પંચવટી ચોક) નામના શખ્સોને ઉઠાવી લઈ આગવીઢબે પૂછતાછ કરતા ચારેય શખ્સ પોલીસ સમક્ષ પોપટની જેમ બોલવા લાગ્યા હતા અને છેલ્લા ત્રણથી સાડા ત્રણ વર્ષન સમયગાળા દરમિયાન ચારેય શખ્સ અને અન્ય તેના સાથીદારો સાથે મળીને ભાવનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા મંદિરો અને જવેલર્સની દુકાનોમાં ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી. જેના આધારે એલસીબીએ ઝડપાયેલી તસ્કર ટોળકી પાસેથી રોકડ રૂા.૨૪,૨૦૦, રૂા.૮૦,૧૭૦ની કિંમતના ચાંદીના અલગ-અલગ દાગીના, બાઈક મળી કુલ રૂા.૧,૫૯,૮૭૦નો મુદ્દામાલ કબજે કરી ભરતનગર પોલીસને સોંપી દીધા હતા.

છેલ્લા સાડા ત્રણેક વર્ષથી પોલીસને હંફાવતી તસ્કર ટોળકી આખરે ઝડપાયા બાદ પૂછતાછમાં વટાણાં વેરી દીધા હતા. એલસીબીના હાથે ઝડપાયેલા ચારેય શખ્સે કબૂલાત આપતા જણાવ્યું હતું કે, તેમણે અન્ય શખ્સોની સાથે મળી કોળિયાક ગામની બજારમાં આવેલ તુલજા ભવાની જવેલર્સ, અકવાડા ગામે માતૃધામ મંદિર, સિદસર-શામપરા ગામે ગ્રામ પંચાયતની જગ્યા, શહેરના મોટા શીતળા માતાના મંદિર પાસે આવેલ ખોડિયાર જવેલર્સ, શિવાજી સર્કલ પંપની બાજુમાં આવેલ રાધિકા જવેલર્સ, અકવાડા ઝાંઝરિયા હનુમાનજીના મંદિર, માલણકાથી બુધેલ રોડ ઉપર આવેલ ખીજડાવાળા મેલડી માતાના મંદિરની જગ્યા, તળાજા રોડ પર શિવકુંજ આશ્રમ મંદિર, ભરતનગર, સીતારામ ચોક પાસે આવેલ શિવશક્તિ જવેલર્સની દુકાનમાં રેકી કરી ચોરી કરી હતી. જેના આધારે ઘોઘારોડ પોલીસ મથકના બે અને ભરતનગર પોલીસ મથકના એક ગુનાનો ભેદ ઉકેલાયો છે.

મંદિરો અને સોનીની દુકાનોને નિશાન બનાવતી ભાવનગર અને મધ્યપ્રદેશની તસ્કર ટોળકી પોલીસના હાથે ઝડપાયા બાદ એલસીબીની પૂછપરછમાં સ્થાનિક આરોપી વિક્રમ અગાઉ કડિયાકામ કરવા માટે મધ્ય પ્રદેશથી માણસોને બોલાવતો હોય, તેમાંથી કેટલાક શખ્સો સાથે તેને મિત્રતા થાય એટલે તેને ચોરી કરવા માટેની જગ્યાઓ દેખાડતો હતો. ત્યારબાદ રેકી કરી અલગ-અલગ મંદિર-જવેલર્સની દુકાનોમાં રાત્રિના સમયે ચોરી કરતા હોવાનું બહાર આવ્યું હતું.

## આણંદને મ્યુનિ. કોર્પોરેશન બનાવવાની જાહેરાત 15 ઓગસ્ટે થવાની શક્યતા

(એજન્સી) આણંદ | તા.11

સામાન્ય સભામાં મહાનગરપાલિકા બનાવવા માટેના ઠરાવને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો. આગામી તા.૧૫મી ઓગસ્ટના રોજ સરકાર દ્વારા વિધિવત જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા જોવાઈ રહી છે. જેથી આણંદ શહેર આસપાસના સાત જેટલા ગામોનો પાલિકામાં સમાવેશ કરવામાં આવશે. ત્યારે કરોડો રૂપિયાની ગ્રાન્ટથી વિકાસ ઝડપી થશે તેવી સંભાવનાઓ વચ્ચે ખેડૂતોની જમીનનું અધિગ્રહણ થવાની શક્યતાઓ હોવાથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી વળી છે. આણંદ મહાનગરપાલિકા માટે કુલ ૮૭.૬૭ ચોરસ કિલોમીટરનો વિસ્તાર મંજૂર કરવામાં આવ્યો છે. જેથી આણંદ શહેર સિવાય વિદ્યાનગર, કરમસદ, જીટોડીયા, મોગરી, લાંભવેલ અને ગામડી ગામનો સમાવેશ કરવામાં આવનાર છે. હાલમાં વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે નગરપાલિકા વિસ્તારની ૧.૯૮ લાખની વસ્તી છે. હવે નવા સાત ગામો ઉમેરાતા મહાનગરપાલિકાની વસ્તી ૪ લાખથી વધુની થશે.

#### સરકારી પ્રા.શાળામાં અરસપરસ બદલી થયા બાદ વિધાર્થીની માઠી બેઠી

## કોટીયા ગામે શિક્ષિકા 10 મહિનાથી ગેરહાજર છ ગણિત-વિજ્ઞાનનો કોર્ષ બાકી

(એજન્સી) ભાવનગર | તા.11

શિક્ષણની અસરકારકતા અને શિક્ષણની સરળતા માટે જિલ્લા ફેર અરસ પરસ બદલીઓ થાય છે. પ્રાથમિક વિભાગમાં દસેક માસ પૂર્વે અરસપરસ બદલીમાં ગાંધીનગરથી મહિલા શિક્ષિકા ભાવનગર મહુવાના કરમદીયા ગામે મુકાયા જ્યાં ઓવર સેટપ થથા કોટીયા બદલી થઈ હતી પરંતુ આજદિન સુધી આ ગણિત-વિજ્ઞાનના શિક્ષક ગેરહાજર રહેતા ડીપીઈઓ દ્વારા ત્રણ નોટિસ જારી કરાય છતા કોઈ જવાબ નથી જેથી તેને છુટા કરવાનો તખ્તો ઘડાયો છે. જો કે, વિદ્યાર્થીનું શિક્ષણ ૧૦ મહિના બગડયું છે ત્યારે આગામી દિવસોમાં નજીકની શાળામાંથી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા તજવીજ હાથ ધરાઈ હોવાનું જણાયું છે.

શિક્ષકો પોતાના વતનમાં ખેતથી કામ કરી શકે તે હેતુ સાથે અરસપરસ બદલી કેમ્પ યોજાય છે પરંતુ શિક્ષકોની આ સુવિધાનો કેટલાક ગેરલાભ લેતા હોવાની બાબત સામે આવી છે. શિક્ષણ વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ દસેક માસ પૂર્વે ગાંધીનગરથી ગીતાબેન બબાજી જાલાની અરસપરસ બદલી કેમ્પ અંતર્ગત ભાવનગરના મહુવા તાલુકાના કરમદીયા ગામે મુકાયા હતાં જ્યાં ઓવર સેટપ થતા આ શિક્ષિકાને કોટીયા ગામે નિમણૂક અપાઈ હતી પરંતુ જાણે અહિ નોકરી જ ન કરવી હોય તેમ આ શિક્ષિકા લાંબા સમયથી ગેરહાજર રહેવા પામ્યા હતાં. પોતે ગણિત-વિજ્ઞાનના શિક્ષિકા હોય કોટીયા ગામની સરકારી પ્રાથમિક શાળાના ૧૦૫ વિદ્યાર્થી વચ્ચે છના મહેકમ સામે પાંચ શિક્ષકોથી ગાડુ ગબડાવાય રહ્યું છે. વાલીઓની ફરિયાદ અને અપર પ્રાયમરીના વિદ્યાર્થીનું શિક્ષણ કાર્ય પણ લાંબા સમયથી બગડી રહ્યુ છે. જે બાબત ટીપીઓ અને ડીપીઈઓને ધ્યાને આવતા વિધિવત ત્રણ નોટિસ મોકલાઈ હોવાનું જણાયું છે છતાં હજુ સુધી કોઈ જવાબ આવ્યો નથી. કર્ણોય કર્ણ આ શિક્ષિકા વિદેશ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આમ જો નોકરી જ ન કરવી હોય તો રાજીનામુ આપી વિદેશ જવું જોઈએ. જો કે, વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ડીપીઈઓએ જણાવ્યું હતું કે, નવી ભરતી ન થાય ત્યાં સુધી નજીકની અન્ય શાળામાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકને અઠવાડીયામાં એક કે બે વાર તાસ લેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જ્યારે ઉક્ત શિક્ષિકાનો પગાર ૨૬-૯-૨૩થી બંધ કરાયો છે. અને હવે અંતિમ નોટિસ આપી એકતરફી કાર્યવાહી કરવા તરફ કાર્યવાહી આગળ ચલાવાઈ હોવાનું જણાયું છે.



## જર્જરિત ફ્લેટના રિડેવલોપમેન્ટનું કામ 5 વર્ષથી અટવાયું

(એજન્સી) નડિયાદ | તા.11

૮ ઓગસ્ટ, ૨૦૧૯નો દિવસ નડિયાદ માટે એક દુ:ખદ દુર્ઘટના લઈને આવ્યો અને આ દુર્ઘટનામાં નડિયાદના પ્રગતિનગરના ફ્લેટ ધરાશાયી થતા ૪ લોકોના મૃત્યુ થયા હતા. આજે આ ઘટનાને ૫ વર્ષ અને ૨ દિવસ પૂર્ણ થયા છે. પ્રગતિનગર, પુનેશ્વર સહિતના ફ્લેટ જર્જરીત થઈ ગયેલા હોવાથી તે વખતે તંત્રએ તમામ રહીશોના ફ્લેટ ખાલી કરાવ્યા હતા અને રહીશો આથક રીતે નબળા હોવા છતાં ભાડે રહેવા ગયા હતા. ટેકનીકલ કારણો દર્શાવી અને ફ્લેટના નવનિર્માણમાં વિલંબ થઈ રહ્યો છે. જેના પરીણામે અહીંયા રહેતા પરીવારોની ધીરજ ખૂટી છે અને તેમણે આજે ગુજરાત હાઉસિંગ બોર્ડ, વડોદરા દ્વારા યોજાયેલા કેમ્પમાં રોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે જ આજે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં નડિયાદ પ્રગતિનગર અને પુનેશ્વર નગરના રહીશો માટે મુખ્યમંત્રી પ્રોત્સાહક વળતર યોજના અંતર્ગત ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલિયરન્સ સેલની જૂની યોજનામાં તા.૩૦/૦૯/૨૦૨૪ સુધી બાકી હપ્તાની પેનલટી માં ૧૦૦% માફી આપી દસ્તાવેજ કરી આપવાનો કેમ્પ યોજાયો હતો.



## 45 લીઝ રદ:વધુ રેતી ઉલેચનાર સામે હવે દંડનીય કાર્યવાહી કરાશે

(એજન્સી) ગાંધીનગર | તા.11

ગાંધીનગર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા સાબરમતી નદીમાં લીઝ મારફતે રેતી ખનનને મંજુરી આપવામાં આવે છે ત્યારે અગાઉના વર્ષોમાં આપવામાં આવેલી લીઝની મર્યાદા પુર્ણ થતા એપ્રિલ માસમાં આવી ૪૫ જેટલા લીઝધારકોને નદી વિસ્તાર છોડી દેવા માટે તાકિદ કરવામાં આવી હતી અને તેમના વર્ચ્યુલ એકાઉન્ટ પણ બ્લોક કરી દેવામાં આવ્યા છે. ત્યારે આ લીઝધારકોએ નિયમ કરતા કેટલું વધારે ખનન કર્યું છે તેની ટેકનીકલ ટીમ દ્વારા તપાસ કરાવીને દંડનીય કાર્યવાહી હાથ ધરાશે. સરકાર દ્વારા સરકારી ખનીજ સંપત્તી એટલે કે, નદીઓમાંથી રેતી કાઢવા માટે કાયદેસરની લીઝ આપવામાં આવતી હોય છે જે માટે અવાર નવાર બ્લોકની હરાજી પણ ઓનલાઈન હાથ ધરવામાં આવતી હોય છે આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરના તત્કાલિન કલેક્ટર એસ કે. લાંગા દ્વારા પાંચ વર્ષ અગાઉ ઘણી લીઝ આપવામાં આવી હતી.



## વિરપુર તાલુકાના નૂરપુર કેનાલ પાસે અકસ્માતમાં યુવકનું મોત

(એજન્સી) વિરપુર | તા.11

મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના નૂરપુર કેનાલ પાસે બાઈક અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક સવારનો હાથ શરીરથી છુટો પડી રસ્તા પડયો હતો આ અકસ્માતમાં તેનું મોત થયું હતું.વિરપુરથી બાલાસિનોર હાઈવે પરના નૂરલુર કેનાલ પાસે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો . વિરપુરથી દૂધનું ટેન્કર પૂરપાટ ઝડપે બાલાસિનોર તરફ જઈ રહ્યું હતું તે સમયે નૂરપુર કેનાલ પાસે સામેથી આવતા બાઈક સવારને ધડાકાભેર અથડાતા બાઈક સવાર ટેન્કરના પાછળના ભાગે આવી ગયો હતો. બાઈક સવાર રાહુલકુમાર લાલાભાઈ ભોઈ (ઉંમર ૨૮ ખાનપુર તાલુકાના લીમડીયાનો ) હોવાનું જાણવા મળે છે. આ અકસ્માતની જાણ આસપાસના લોકોને થતા ગામ લોકોના ટોંડે ટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા જોકે બનાવની જાણ વીરપુર પોલીસ અને ૧૦૮ ને કરતા તાબડતોબ વીરપુર પોલીસ સાથે એમ્બ્યુલન્સ દોડી આવી હતી બાઈક સવારને પ્રાથમિક સારવાર આપી લુણાવાડા ખસેડવામાં આવ્યો હતો.




## ચાર લાખ બાળકોએ મહોરા પહેરી સિંહ દિવસની ઉજવણીને આપ્યું સન્માન

(એજન્સી) ભાવનગર | તા.11

સિંહની વસ્તિદર ધીમી પણ મક્કમ ગતિએ વધી રહ્યો છે. અને ગીર ઉપરાંત બૃહદ ગીર વિસ્તારોમાં વિચરણ વધ્યું છે ત્યારે સિંહને બચાવવા વન વિભાગ અનેકવિધ પ્રયત્નો હાથ ધર્યાં છે. ૨૦૧૩થી સિંહ દિવસ ઉજવાય છે. જે આજે પણ ઉજવાયો હતો જેમાં ૧૯૦૦ શાળામાં ચાર લાખ બાળકોએ સિંહના મહોરા ધારણ કરી સિંહ બચાવ અભિયાનમાં જોડાયા હતાં.વિશ્વમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોની ભાગીદારી વધે તે હેતુથી દર વર્ષે ૧૦મી ઓગસ્ટના રોજ વર્ષ ૨૦૧૩થી વિશ્વ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારે આ વર્ષ એ ભાવનગર જિલ્લામાં ચાર લાખ જેટલા બાળકો તેમજ ૧૯૦૦થી વધારે શાળાઓ ઉજવણી કરવામાં આવી છે. આ તકે વિશ્વ સિંહ દિવસના ભાવનગર જિલ્લાના કો ઓર્ડીનેટર તખુભા સાંડસુરએ સિંહના ત્રણ ગુણો અભય, અસ્તેય અને અસંગ્યપણું વિશે જણાવીને એશિયાટીક લાયનોના ગુણધર્મો જણાવ્યા હતાં.

#### હજારોની સંખ્યામાં માંઈભક્તો દર્શનાર્થે ઉમટશે

## દર વર્ષની પરંપરા મુજબ શ્રાવણ માસના પ્રથમ રવિવારે ધર્મોત્સવનું આયોજન

(એજન્સી) ભાવનગર | તા.11

શહેરના કરચલિયા પરા ખાતે આવેલા એક સદીથી પણ પૂરાણાં ઐતિહાસિક રાંદલ માતાજીના મંદિરે દર વર્ષની પરંપરા મુજબ આવતીકાલે શ્રાવણ માસના પ્રથમ રવિવારે જગનના કાર્યક્રમનો ધર્મોત્સવ ઉજવાશે. રાંદલ માઁના જગનને લઈ સમગ્ર વિસ્તારને રોશનીથી ઝળહળતો કરી દેવામાં આવ્યો છે. શહેરના ક.પરા, રાંદલ માઁના ચોક ખાતે આવેલા લાખો શ્રધ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર સમાન રાંદલ માતાજીના મંદિરે આવતીકાલ તા.૧૧-૮ના રોજ શ્રાવણ માસના પ્રથમ રવિવારે જગનનો ધાર્મિક કાર્યક્રમ ઉજવાશે. જગન નિમિત્તે વહેલી સવારે, બપોરે અને સાંજે રાંદલ માતાજીની મહાઆરતી કરવામાં આવશે. આ ઉપરાંત ઘોડો ખુંદવાની વિધિ થશે. જેમાં હજારોની સંખ્યામાં માંઈભક્ત બહેનો હાજર રહેશે. રાંદલ માતાજીના જગનને લઈ સમગ્ર વિસ્તારને રંગબેરંગી રોશની, કમાનથી શણગારવામાં આવ્યો છે. આ ઉપરાંત રાંદલ માતાજીના મંદિરને અભિભૂત કરી દેનારા શણગારથી શોભાયમાન કરવામાં આવ્યો છે. આવતીકાલે જગન નિમિત્તે શહેર-જિલ્લામાંથી હજારોની સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડશે. જેમને ખીર-પુરી (છાબડી)ના પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. તેમજ સ્થાનિક મિત્ર મંડળો દ્વારા પણ ચા-પાણી, શરબતની વ્યવસ્થા કરવામાં આવી છે. રાંદલ યુવક મંડળ-ક.પરાના ભાઈઓ-બહેનો દ્વારા છેલ્લા ૧૦ દિવસથી શરૂ કરવામાં આવેલી તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

#### ઠગબાજ અકરમ વિરુદ્ધ હવે ગાંધીધામમાં પણ ફરિયાદ નોંધાઈ

## મીઠીરોહરની પરિણીતા અને તેના પરિવારનાં 8 સભ્યો છેતરી રૂ. 1.26 લાખ પડાવી લીધા

(એજન્સી) ગાંધીધામ | તા.11


ગાંધીધામના મીઠીરોહરમાં રહેતી પરિણીતા સાથે ભુજના ઠગબાજ અકરમે જિલ્લા ઉદ્યોગમાં લોન કરવાનું કહી પરિણીતા અને તેના પરિવારનાં ૮ સભ્યો પાસે કુલ ૧.૨૬ લાખ રૂપિયા ખંખેરી લીધા હતા. પરિણીતા અને તેના સભ્યોને તમારા નામે રૂ. ૫.૫ લાખ રૂપિયાની લોન મંજુર થઈ છે જેમાં ચેક મેળવવા ચાર્જ ભરવુ પડશે કહી મોબાઈલ ફોન દ્વારા અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરાવી રૂપિયા પડાવી લીધા હતા. અંજારમાં છેતરપિંડીનો ભોગ બનેલા લોકોએ ઠગબાજ અકરમને માર મારી તેનો વિડીયો ઉતાર્યો હતો. જેમાં તેણે ૨૨ લોકો સાથે છેતરપિંડી આચરી હોવાનું કબૂલ્યું હતું. આ ઘટના બાદ અકરમ વિરુદ્ધ છેતરપિંડીની હવે બીજી ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. ગાંધીધામના મીઠીરોહરમાં રહેતા વસંતીબેન દેવરાજભાઈ દેવીપૂજકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ફરિયાદીને ભુજમાં જિલ્લા સરકારી ઉદ્યોગ કેન્દ્રની લોન મેળવવા માટે ભુજમાં રહેતી ફરિયાદીની બહેને આરોપી અકરમ અનવર સુમરાનાં મોબાઈલ નંબર આપ્યા હતા. જેમાં અક્રમે જિલ્લા ઉદ્યોગની લોન મેળવવા માટે ફરિયાદીને ફોર્મનાં ચાર્જ પેટે રૂ. ૫,૫૦૦ ચૂકવવાનું કીધું હતું. જેમાં ફરિયાદી સરકારી લોન લેવાની લાલચમાં આવી ગયા હતા અને આરોપી અકરમે વધુ લોકોને લોન કરાવવી હોય તો કહેજો તેવી ઓફર આપી હોવાથી ફરિયાદીએ તેના પરિવારનાં જ કુલ ૮ સભ્યોની લોન કરવાનું કહ્યું હતું. જેમથી તેમના પણ ડોક્યુમેન્ટ આરોપીને આપ્યા હતા. જેથી આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ તમામ સભ્યોનાં નામે રૂ. ૫,૫૦,૦૦૦ લાખની લોન મંજુર થઈ છે કહી, ફરિયાદી અને તેમના પરિવારનાં સભ્યો પાસે લોન કરવાના ચાર્જ પેટે અલગ અલગ ઓનલાઈન ટ્રાન્જેકશન કરાવી કુલ ૧,૨૬,૦૦૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા . જે બાદ અકરમની મોડસ ઓપરેન્ડી મુજબ લોન કરી આપી ન હતી. જેથી ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અંજારમાં અકરમને માર માર્યા બાદ ખંડણી, માર મારી અને અપહરણની અકરમે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ છેતરપિંડીનો ભોગ બનનાર મહિલાએ અકરમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ બાદ ભોગ બનનારોએ આગળ આવી અકરમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પોલીસે અપીલ કરતાં હવે મીઠીરોહરની મહિલાએ અકરમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

## બેડવા ગામના આધેડની તિક્ષ્ણ હથિયારોના ઘા મારી હત્યા

(એજન્સી) આણંદ | તા.11

આણંદ નજીક આવેલ બેડવા ગામ પાસેના એક ક્લબની બહારના ફૂટપાથ પરથી આજે સવારના સુમારે ગામના જ એક આધેડની તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે તપાસ હાથ ધરી છે. બેડવા ગામે આવેલ સવશાંતિ ક્લબની બહાર ફૂટપાથ ઉપર આજે વહેલી સવારના સુમારે લોહીથી લથપથ હાલતમાં મૃતદેહ પડયો હોવાની વાત વહેતી થતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. સ્થાનિકોએ આ અંગે પોલીસને જાણ કરતા આણંદ ગ્રામ્ય પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી વધુ તપાસ કરતા મૃતક બેડવા ગામના અરવિંદભાઈ મગનભાઈ પટેલ (ઉં.વ.૫૫) હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે મૃતદેહની વધુ તપાસ કરતા કોઈ અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી નાખી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે આણંદની જનરલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)** વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.

**વૃષભ (બ,વ,ઉ)** કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.

**મિથુન (ક,છ,ઘ)** જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.

**કર્ક (ડ,હ)** પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.

**સિંહ (મ,ટ)** દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.

**કન્યા (પ,ઠ,ણ)** વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.

**તુલા (ર,ત)** આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.

**વૃશ્ચિક (ન,ય)** રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.

**ધન (ભ,ધ,ફ)** આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.

**મકર (ખ,જ)** આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.

**કુંભ (ગ,શ,સ)** આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.

**મીન (દ,ચ,ઝ,થ)** આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશે. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

# "બેન્કોમાં પૈસા જમા કરવાથી ખચકાઈ રહ્યા છે લોકો, નાણામંત્રી સીતારમણે કરવી પડી અપીલ"

(એજન્સી) મુંબઇ I તા.11



નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકો બેન્કોમાં પૈસા જમા કરાવવાથી દૂર રહેતાં હોવા મામલે ચિંતા વ્યક્ત કરી છે. શનિવારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકને સંબોધિત કર્યા પછી, તેમણે કહ્યું કે બેન્કોએ તેમની મુખ્ય કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અને લોકોને નાણાં જમા કરાવવા આકર્ષિત થાય તે માટે નવી અને આકર્ષક યોજનાઓ રજૂ કરવાની જરૂર છે. બજેટ બાદ, નાણા મંત્રી સામાન્ય રીતે આરબીઆઈના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકને સંબોધિત કરે છે. તેમણે કહ્યું કે સ્થાનિક બચત વધુને વધુ અન્ય રોકાણ પ્રોડક્ટ્સમાં જઈ રહી છે, તેથી આ મુદ્દે ધ્યાન આપવાની જરૂર છે. સીતારમણે કહ્યું કે આરબીઆઈ અને સરકાર બંને બેન્કોને તેમની મુખ્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કહી રહ્યા છે. તેઓએ આક્રમક રીતે થાપણો મેળવવા અને ધિરાણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જે બેન્કોની મુખ્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓ છે. લોન અને ડિપોઝિટ ગ્રોથમાં તફાવતની સ્થિતિમાં બેન્કોએ ડિપોઝિટ મેળવવા પર ધ્યાન આપવું જોઈએ. નાણામંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આરબીઆઈએ તમને વ્યાજ દરોમાં છૂટછાટ આપી છે. આ ડિસ્કાઉન્ટનો ઉપયોગ કરીને તેઓએ ડિપોઝિટને આકર્ષક બનાવવી જોઈએ. નવી પ્રોડક્ટ્સ રજૂ કરવી જોઈએ અને ડિપોઝિટ ઊભી કરવી જોઈએ. તેમણે બેન્ક અધિકારીઓને મોટી અથવા બલ્ક ડિપોઝીટને બદલે નાના બચતકર્તાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અરજ કરી હતી. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે પણ કહ્યું કે અમે ડિપોઝિટ અને લોન ગ્રોથ વચ્ચે લગભગ ત્રણથી ચાર ટકાનો તફાવત જોઈ રહ્યા છીએ. ડિપોઝિટનું પ્રમાણ ઘટી રહ્યું છે ડિજિટલી લોન આપવાનું પ્રમાણ વધી રહ્યું છે. આ ફેરફારને ધ્યાનમાં લેતાં બેન્કોએ ડિપોઝિટને વેગ આપવા વિવિધ પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ.

## હિંડનબર્ગના લેટેસ્ટ ધડાકાની કઈ કઈ કંપનીના શેર્સ પર થઈ શકે છે અસર?

(એજન્સી) મુંબઇ I તા. 11

અમેરિકાની શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચે અદાણી ગ્રુપ સંબંધિત મામલે ફરી એકવાર મોટો ખુલાસો કરતાં સીધો આક્ષેપ શેરમાર્કેટ રેગ્યુલેટર સેબીના ચેરપર્સન મધાબી પુરી બુચ અને તેમના પતિ ધવલ બુચ પર મૂક્યો છે. જેમાં અમુક કંપનીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. જેથી સોમવારે માર્કેટમાં આ કંપનીઓના શેર્સમાં કડાકો નોંધાવાની શક્યતા જોવા મળી શકે છે. અદાણી ગ્રુપના શેર્સમાં પણ વોલેટિલિટી વધવાની વકી છે. હિંડનબર્ગના રિપોર્ટમાં ફાઈનાન્સ સેક્ટર સાથે જોડાયેલી આઈઆઈએફએલ ઉપરાંત નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આઈઆઈએફએલના શેરનો ભાવ રૂ. 423 છે. જે ગત શુક્રવારે 2 ટકા સુધી ઘટ્યો હતો. એનએસઈ પર નેક્સસ સિલેક્ટ ટ્રસ્ટનો શેર શુક્રવારે 5 ટકા તૂટી રૂ. 137 પર બંધ રહ્યો હતો. માઈન્ડસ્પેસનો શેર શુક્રવારે નજીવી વૃદ્ધિ સાથે રૂ. 343 પર બંધ રહ્યો હતો. સોમવારે ટ્રેડિંગ દરમિયાન અદાણી ગ્રુપના શેર્સ પર નજર રહેશે. જેમાં હિંડનબર્ગના નવા આરોપોને રોકાણકારો કેવી રીતે જુએ છે, તે જોવાનું રહેશે. ગતવર્ષે જાન્યુઆરીમાં હિંડનબર્ગના આરોપો બાદ અદાણી ગ્રુપના શેર્સમાં 70 ટકા સુધી ગાબડું જોવા મળ્યુ હતું. સેબીના ચેરપર્સન માધબી બુચ અને તેમના પતિ પર કથિત અદાણી ફંડની હેરાફેરી મામલે ઉપયોગમાં લેવાયેલ ઓફશોર ફંડમાં હિસ્સો ધરાવતા હતા. રિપોર્ટ અનુસાર, સેબીએ અદાણીના મોરિશિયસ અને ઓફશોર શેલ કંપનીઓને અવગણી છે. ગૌતમ અદાણીના ભાઈ વિનો અદાણી અસ્પષ્ટ ઓફશોર બર્મૂડા અને મોરિશિયસ ફંડ્સનું કંટ્રોલિંગ કરે છે. હિંડનબર્ગે આરોપ મૂક્યો છે કે, આ ફંડ્સનો ઉપયોગ ફંડની હેરાફેરી કરવા અને ગ્રુપના શેર્સના ભાવમાં વધારો કરવા થતો હતો. આવા ફંડ વિદેશી માર્કેટમાં રોકાણ કરે છે, જેને ઓફશોર ફંડ કહે છે, તે વિદેશી ફંડ તરીકે પણ ઓળખાય છે. હિંડનબર્ગે રિપોર્ટમાં આઈઆઈએફએલએ સેબી ચેરપર્સન અને તેમના પતિ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલા ઓફશોર ફંડનું સ્ટ્રક્ચર ઘડવા માટે સુવિધા પુરી પાડી હોવાનો આરોપ છે.

### NEWS BRIEF

### આરબીઆઈ લોન ઓફર કરતી ડિજિટલ એપની સત્તાવાર માહિતી જાહેર કરશે

મુંબઈ | લોન આપવાના નામે હવે ઠગાઈ નહીં થાય. દેશની મધ્યસ્થ બેંક દ્વારા આ ગેરરિતી અટકાવવા માટે એક અસરકારક યોજના હાથ ધરવામાં આવી છે. ફાઈનાન્સિયલ સર્વિસ સેક્ટરમાં છેતરપિંડી આચરનારા ભેજાબાજોથી ગ્રાહકોને બચાવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ડિજિટલ ધિરાણ એપ્લિકેશન્સ માટે પબ્લિક ડિપોઝિટરી બનાવવાનો નિર્ણય કર્યો છે. જેની માહિતી રિઝર્વ બેંકની વેબસાઈટ પર ઉપલબ્ધ હશે. એટલે કે, હવેથી ડિજિટલ ધિરાણ એપ્લિકેશન્સ તરફથી કોલ આવવાની સ્થિતિમાં ગ્રાહકો તેની ખરાઈ કરી શકશે અને ગેરકાયદેસર એપ્લિકેશન સામે સલામત રહી શકશે. રિપોઝિટરી રેગ્યુલેટેડ એન્ટાઈટિસ (આરઈ) દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડાના આધારે હશે, જે સીધી ડિપોઝિટરીમાં જશે, તેમાં આરબીઆઈનો કોઈ હસ્તક્ષેપ નહીં હોય. તેમજ નવી ડિજિટલ લેન્ડિંગ એપ્લિકેશન બજારમાં આવવાની સ્થિતિમાં તેમજ અસ્તિત્વમાં હોય તેવી એપ બંધ થવાની સ્થિતિમાં આરઈ દ્વારા આ માહિતી અપડેટ કરવામાં આવશે. ડિજિટલ લોન ક્ષેત્રે અનૈતિક ખેલાડીઓની સતત હાજરી હોવાના અહેવાલો અવારનવાર માધ્યમોમાં પ્રકાશિત થતાં હોય છે. આવા તત્વો ખોટી રીતે દાવો કરે છે કે, તેઓ આરબીઆઈ માન્ય કંપનીઓ સાથે જોડાયેલ છે.

### હવે ખાનગી ઊર્જા કંપનીઓએ થર્મલ ઉત્પાદન ક્ષમતા વધારવા ક્વાયત હાથ ધરી

મુંબઈ | 2032 સુધી થર્મલ પાવર ક્ષેત્રે ક્ષમતા વિસ્તરણની સરકારની મહત્વકાંક્ષી યોજનાને પગલે હવે ખાનગી ક્ષેત્રની વીજ કંપનીઓ પણ પોતાના મૂળ રિન્યુએબલ એનર્જીના બિઝનેસથી વિપરતી થર્મલ પાવર સેક્ટરમાં તકો તપાસી રહી છે. વીજળીની વધતી માંગને પહોંચી વળવા સરકાર સક્રિય રીતે થર્મલપાવર પર નજર રાખી રહી છે ત્યારે અદાણી પાવર, જેએસડબ્લ્યૂ એનર્જી, ટાટા પાવર જેવી ખાનગી ક્ષેત્રની ઉર્જા કંપનીઓએ થર્મલ ક્ષમતા વધારવાની અને નવા પ્રોજેક્ટ્સ લાગુ કરવાની વિચારણા હાથ ધરી છે. રસપ્રદ રીતે ટાટા પાવર અને જેએસડબ્લ્યૂ એનર્જી જેવી કેટલીક કંપનીઓનો મૂળ બિઝનેસ રિન્યુએબલ એનર્જીનો છે, તેઓ પણ હવે સક્રિય રીતે થર્મલ એનર્જી ક્ષેત્રે રહેલી તકો તપાસી રહ્યા છે. અદાણી જૂથે પણ નવી થર્મલ ક્ષમતા ઉમેરવા અંગેની વિચારણા હાથ ધરી છે. પાવર કંપનીઓ ફરી પોતાનું ધ્યાન થર્મલ ક્ષમતા પર કેન્દ્રિત કરી રહી છે તે વલણ કારણ વિના નથી. દેશમાં વીજળીની વધતી માંગને પહોંચીવળવા 2032 સુધી સરકાર થર્મલમાં 80 ગીગાવોટથી વધુની નવી ક્ષમતા ઉમેરવાની યોજના ધરાવે છે. માટે ખાનગી કંપનીઓ પણ હાલ આ ક્ષેત્ર તરફ વળી છે.

### દેશના વિદેશી હૂંડિયામણમાં રેકોર્ડ વધારો, રિપોર્ટમાં ખુલાસો

મુંબઈ | આ અઠવાડિયું ભારત માટે ખૂબ વોલેટાલિટીથી ભરેલું રહ્યું છે. પાંચમી ઓગસ્ટે માર્કેટમાં આવેલા ઘટાડાને લઈ રિકવરી સુધીના પ્રવાસ રોકાણકારો માટે ખૂબ વિશેષ રહ્યો છે. હજી સંપૂર્ણ રિકવરી નથી થઈ શકી.આ દરમિયાન આરબીઆઈના રેપો રેટમાં ફેરબદલ ન કરવાના મોટા ખબર આવ્યા. હવે આરબીઆઈએ પોતાના લેટેસ્ટ રિપોર્ટમાં ભારતના વિદેશી હૂંડિયામણને લઈ મોટી વાત જણાવી છે. કેન્દ્રીય બેંકે કહ્યું કે, દેશનો વિદેશી હૂંડિયામણ ભંડાર બે ઓગસ્ટના સમાપ્ત અઠવાડિયામાં 7.53 અબજ ડોલર વધીને 674.91 અબજ ડોલરની નવી રેકોર્ડ ઉંચાઈએ પહોંચી ગયું છે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે અગાઉ 26 જુલાઈના રોજ પૂરા થતા સપ્તાહમાં કુલ વિદેશી મુદ્રા ભંડાર 3.47 બિલિયન ડોલર ઘટીને 667.38 બિલિયન ડોલર થઈ ગયો હતો. જ્યારે 18 જુલાઈના રોજ તે 670.85 બિલિયન ડોલરના સર્વોચ્ચ સ્તરે હતું. રિઝર્વ બેંકના ડેટા અનુસાર, ચલણ ભંડારનો મહત્વનો ભાગ ગણાતી વિદેશી ચલણ અસ્કયામતો 2 ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહમાં 5.16 બિલિયન ડોલર વધીને 592.03 ડોલર બિલિયન થઈ ગઈ છે. અમેરિકન ડોલરના સંદર્ભમાં વિદેશી હૂંડિયામણ ભંડારમાં રહેલા યુરો, પાઉન્ડ અને યેન જેવા બિન અમેરિકી ચલણની વધઘટનો પ્રભાવ સામેલ હોય છે.

## ગોલ્ડ ETFમાં અત્યાર સુધીમાં સર્વાધિક રોકાણ

(એજન્સી) કોલકાતા|| તા 11




સોનાના ભાવમાં ચડઉતર વચ્ચે, જુલાઈ ૨૦૨૪ દરમિયાન ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં સ્થાનિક રોકાણ રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. અગાઉ, કોઈપણ એક મહિના દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૧,૧૦૦ કરોડથી વધુનું સૌથી વધુ ચોખ્ખું રોકાણ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન નોંધાયું હતું. આ વર્ષે, અત્યાર સુધી ગોલ્ડ ઈટીએફમાં માત્ર એપ્રિલમાં જ ઉપાડ નોંધાયો છે, જ્યારે બાકીના ૬ મહિનામાં રોકાણમાં વધારો થયો છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાના ડેટા અનુસાર, જુલાઈ ૨૦૨૪ દરમિયાન દેશના કુલ ૧૭ ગોલ્ડ ઈટીએફ (ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ)માં રૂ. ૧,૩૩૭.૩૫ કરોડનું ચોખ્ખું રોકાણ થયું હતું, જે ૧૯૩ ટકા વધુ છે. ગયા વર્ષના સમાન સમયગાળાની ટકાવારી વધુ છે. ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન દેશમાં કુલ ૧૩ ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૪૫૬.૧૫ કરોડનું ચોખ્ખું રોકાણ થયું હતું. જૂન ૨૦૨૪ દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૭૨૬.૧૬ કરોડનું ચોખ્ખું રોકાણ થયું હતું. આ રીતે, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ ૭ મહિના (જાન્યુઆરી-જુલાઈ) દરમિયાન, ગોલ્ડ ઈટીએફમાં કુલ રૂ. ૪,૫૨૩.૨૯ કરોડનું ચોખ્ખું રોકાણ થયું હતું. જ્યારે કેલેન્ડર વર્ષ ૨૦૨૩ના પ્રથમ ૭ મહિનામાં રૂ. ૪૫૩.૫૫ કરોડનું ચોખ્ખું રોકાણ નોંધાયું હતું. મે ૨૦૨૪ દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૮૨૭.૪૩ કરોડનું ચોખ્ખું રોકાણ નોંધાયું હતું. જ્યારે એપ્રિલ ૨૦૨૪માં ૩૯૫.૬૯ રૂપિયાનો ચોખ્ખો ઉપાડ જોવા મળ્યો હતો. અગાઉ કેલેન્ડર વર્ષ ૨૦૨૩ માં, ગોલ્ડ ઈટીએફમાંથી આઉટફ્લો માત્ર બે મહિના એટલે કે જાન્યુઆરી અને માર્ચ દરમિયાન નોંધવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૩ અને માર્ચ ૨૦૨૩ દરમિયાન રોકાણમાં અનુક્રમે રૂ. ૧૯૯.૪૩ કરોડ અને રૂ. ૨૬૬.૫૭ કરોડનો ઘટાડો થયો હતો, જ્યારે અન્ય ૧૦ મહિનામાં રોકાણમાં વધારો થયો હતો. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રોકાણમાં રૂ. ૫,૨૪૮.૪૬ કરોડનો વધારો થયો છે. આ પહેલા, ગોલ્ડ ઈટીએફમાં રોકાણમાં આટલો વધારો કોઈપણ નાણાકીય વર્ષ દરમિયાન જોવા મળ્યો ન હતો. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ગોલ્ડ ઈટીએફમાં રોકાણમાં રૂ. ૬૫૨.૮૧ કરોડનો વધારો થયો હતો.

## સામાન્ય નાગરિકોને ઝટકો, 3 સરકારી બેંકોએ વ્યાજદર વધારતાં સસ્તી લોનની આશા પણ રોળાઈ

(એજન્સી) મુંબઈ | તા 11

દેશમાં ફરી મોંઘવારીએ માઝા મુકતા સસ્તી લોન માટે ગ્રાહકોએ વધુ લાંબી રાહ જોવી પડી રહી છે. રિઝર્વ બેંકે સતત નવમી વખત મોનિટરી પોલિસી કમિટી (MPC)માં બેંચમાર્ક વ્યાજદર, રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરતા સસ્તી લોન અને EMIમાં ઘટાડાની આશા પર પાણી ફરી વળ્યું હતુ. જોકે બીજી તરફ દેશની ત્રણ સરકારી બેંકોએ લોનધારકોને બમણો ફટકો આપ્યો છે. UCO બેંક, બેંક ઓફ બરોડા અને કેનેરા બેંકે એમસીએલઆર વ્યાજદરમાં વધારો કરવાની જાહેરાત કરતા ગ્રાહકોને મોટો ઝટકો મળ્યો છે. ત્રણેય બેંકોએ અલગ-અલગ સમયગાળા માટે વ્યાજદરમાં વધારો કરવાનો નિર્ણય લેતા મોટાભાગના ગ્રાહકો માટે હોમ લોન, કાર લોન, એજ્યુકેશન લોન સહિતની લોન મોંઘી થઈ ગઈ છે. જાહેર ક્ષેત્રની દિગ્ગજ કેનેરા બેંકે MCLRમાં ફેરફાર કરતા તમામ ટેન્યોરના વ્યાજદરોમાં 5 બેસિસ પોઈન્ટના વધારાની જાહેરાત કરી છે. આ વધારા બાદ ઓવરનાઈટ MCLR 8.20 ટકાથી વધીને 8.25 ટકા થઈ ગયો છે. આ સિવાય એક મહિનાના સમયગાળા માટે MCLR 8.30 ટકાથી વધીને 8.35 ટકા થયો છે.ત્રણ મહિનાના સમયગાળા માટે MCLR 8.40 ટકાથી વધીને 8.45 ટકા, છ મહિના માટે MCLR દર 8.75 ટકાથી વધીને 8.80 ટકા અને એક વર્ષના સમયગાળા માટે 8.95 ટકાથી વધીને 9.00 ટકા થયો છે.

## હવેથી રૂ. 1000 કરોડની માર્કેટ કેપ ધરાવતી કંપનીઓ પર કડક નિયમન

(એજન્સી) અમદાવાદ | તા 11

ભારતીય શેરબજારનું કદ દિવસે ને દિવસે વધી રહ્યું છે. શેરબજારમાં તેજી જ નહિ પરંતુ માર્કેટમાં વધી રહેલ રોકાણ બેઝ પર વિસ્તરી રહ્યો છે અને તેથી જ આ સ્તરે બજાર અને રોકાણકારોનો વિશ્વાસ જાળવી રાખવો અને કોઈ અનહોની ન બને તે માટે સતત સતર્ક રહેવાની જરૂર છે. આ જ તકેદારીના ભાગરૂપે એન્હાન્સડ સર્વેલન્સ મેઝર્સ (ESM) ફ્રેમવર્ક બજારમાં લાગુ કરવામાં આવી હતી. હવે મંગળવાર, ૧૩ ઓગસ્ટથી સ્ટોક એક્સચેન્જો આ ઈએસએમ ફ્રેમવર્કનું વિસ્તરણ કરશે. એનએસઈ અને બીએસઈ દ્વારા સૂચિત આ ઈએસએમ વિસ્તરણમાં હવે રૂ. ૧૦૦૦ કરોડ સુધીની માર્કેટકેપ ધરાવતી મેઈનબોર્ડ કંપનીઓનો સમાવેશ થશે. અગાઉ ઈએસએમ ફ્રેમવર્ક રૂ. ૫૦૦ કરોડથી ઓછી માર્કેટ કેપ ધરાવતી કંપનીઓ માટે જ મર્યાદિત હતી. ગત વર્ષે જૂનમાં શરૂ કરાયેલ ઈએસએમ મિકેનિઝમનો હેતુ સ્મોલ-કેપ શેરોમાં ભારે વોલેટિલિટીને દૂર કરવાનો છે અને રોકાણકારોના હિતનું રક્ષણ કરવાનો છે. શુક્રવારે બીએસઈ અને એનએસઈએ જાહેરાત કરી હતી કે ઈએસએમ ફ્રેમવર્ક હવે રૂ. ૧૦૦૦ કરોડથી ઓછી માર્કેટ કેપિટલાઇઝેશન ધરાવતી કંપનીઓને આવરી લેશે. આ ફ્રેમવર્ક હેઠળ સિક્યોરિટીઝની પસંદગી માટેના માપદંડોમાં ભાવમાં નોંધપાત્ર ભિન્નતા અને નજીકના ભાવની વધઘટનો સમાવેશ થાય છે. ઈએસએમ ફ્રેમવર્કના સ્ટેજ ૧ હેઠળ, ૫ ટકા અથવા ૨ ટકાના પ્રાઈસ બેન્ડ સાથે ટ્રેડ ફોર ટ્રેડ (ટીટૂટી)ના ધોરણે શેરોમાં ટ્રેડિંગને માન્યતા છે. આ સિવાય સ્ટેજ-૨માં સમાન ટ્રેડ ફોર ટ્રેડ મિકેનિઝમ હેઠળ સ્ટોકમાં ૨ ટકાનો જ પ્રાઈસ બેન્ડ હશે.

## રિફંડમાંથી રકમ કપાયાનું લાગે તો આ ઉપાય કરજો, આવકવેરા વિભાગે વેબસાઈટ પર આપી માહિતી

(એજન્સી) મુંબઇ I તા. 11




આવકવેરાનું રિટર્ન ફાઈલ થઈ ગયા પછી અને રિટર્નનું પ્રોસેસિંગ બેંગ્લુરૂ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટરમાં થઈ ગયા પછી રિફંડના તમે કરેલા ક્લેમ કરવાથી ઓછી રકમનો ક્લેમ મંજૂર કરવામાં આવે અને તમને પ્રોસેસિંગની પ્રક્રિયા સામે વાંધો હોય તો તમે કરદાતા તરીકે ઈનકમ ટેક્સની કલમ 154 હેઠળ રેક્ટિફિકેશન-રિફંડની રકમ સુધારી આપવા અરજી કરી શકો છો. આવકવેરા ખાતાની વેબસાઈટ પર જ આ વિગતો 8 ઓગસ્ટે અપલોડ કરવામાં આવી છે. 31 જુલાઈએ રિટર્ન ફાઈલ કરવાની તારીખ પૂરી થયા બાદ ઘણાં લોકોને આ અનુભવ થઈ શકે છે. રિટર્ન ફાઈલ કર્યા પછી પાંચ જ અઠવાડિયામાં રિફંડની રકમના મેઈલ આવવા માંડે છે. આ મેઈલમાં તમે ધારેલી કે ગણતરી કરેલી રિફંડની રકમ કરતાં ઓછી રકમના ઈ-મેઈલ ડિપાર્ટમેન્ટ તરફથી મોકલવામાં આવતા હોવાના કિસ્સાઓ બની રહ્યા છે. આવકવેરા અધિકારીઓ પર રિફંડની રકમની ગણતરી કરવામાં ભૂલ કરી બેસતા હોવાનું જોવા મળે છે. તેને પરિણામે તમને લાગે કે તમને ઓછું રિફંડ મળ્યું છે તો તમે અરજી કરીને તમારા રિફંડની રકમ વધારી આપવાની માગણી કરી શકો છો. બેંગ્લુરૂ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર દ્વારા જે રિટર્નના પ્રોસેસિંગ કરી દેવામાં આવ્યા હોય તે જ રિટર્નના રેક્ટિફિકેશન માટેની અરજી કરી શકાય છે. રિફંડની રકમમાં સુધારો કરવા માટે કલમ 154 હેઠળ રેક્ટિફિકેશનની અરજી કરો તે પછી તે અરજીનું ઈ-વેરીફિકેશન કરવાની જરૂર જ નથી. આ અરજી કરીને રિટર્નને નવેસરથી પ્રોસેસ કરવાની માગણી કરી શકાય છે. તેમ જ ટેક્સ ક્રેડિટમાં મિસમેચ હોય તો તેમાં સુધારો કરી શકાય છે. તેમ જ રિટર્નના ડેટામાં સુધારો કરવાની માગણી કરી શકાય છે.

## ડેવલપમેન્ટ રાઈટ્સ પર GSTની ફરી ઊઠેલી માંગથી જમીન માલિકો ચિંતિત




(એજન્સી) મુંબઈ | તા. 11

રિયલ એસ્ટેટ ડેવલપર્સને જમીન પર બાંધકામ માટેની મંજૂરી આપતાં જમીન માલિકના ડેવલોપમેન્ટ રાઈટ્સ પર જીએસટી વસૂલવાની માંગથી લેન્ડઓનર્સ મુંઝવણમાં મુકાયા છે. જીએસટી વિભાગ દ્વારા આ માટે જમીન માલિકોને નોટિસો ફટકારવામાં આવી રહી છે. જો કે આ મામલો નવો નથી. અગાઉ પણ ડેવલોપમેન્ટ રાઈટ્સ પર જીએસટી વસૂલવાની માંગણી થઈ ચૂકી છે. હવે ફરીથી આ માંગ જન્મી છે. ત્યારે 18 ટકા જીએસટી વસૂલવાની માંગથી સમગ્ર દેશમાં પ્રોપર્ટી માર્કેટ્સમાં ડેવલોપમેન્ટ અને રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ્સની કિંમતો પર અસર પડી શકે છે. ડેવલોપમેન્ટ રાઈટ્સ પર જીએસટી લાગુ કરવાની માંગનું ભૂત ફરી ધુણતાં જમીન માલિકો દુવિધામાં મૂકાવા સાથે ચિંતિત થયા છે. કેમ કે, આવા વ્યવહારો પર જીએસીટ વસૂલાતનો મુદ્દો હાલ સુપ્રીમ કોર્ટમાં પડતર છે. આ સમગ્ર વિવાદ એ વાતને લઈને છે કે, રિયલ એસ્ટેટ ડેવલપર્સને જમીન પર બાંધકામ માટેની મંજૂરી આપતાં જમીન માલિકના ડેવલોપમેન્ટ રાઈટ્સ પર જીએસટી લાગુ કરી શકાય કે નહીં અને જો આવા વ્યવહારો પર જીએસટી લાગુ કરવામાં આવે તો કરની વસૂલાત ડેવલોપર્સ પાસેથી કરવી કે જમીન માલિક પાસેથી કરવી?

### દેશમાં ઈ-કોમર્સના વિકાસ સાથે ટુ વ્હીલર્સની માગમાં વધારો

## ટુ વ્હીલર્સના માર્કેટ કદની દ્રષ્ટિએ ચીન કરતા ભારત આગળ નીકળી જશે



(એજન્સી) નવી દિલ્હી I તા. 11

વર્તમાન વર્ષમાં ટુ વ્હીલર્સની સંખ્યાની દ્રષ્ટિએ ચીનને આંબીને ભારત સૌથી મોટી બજાર ધરાવતો દેશ બની રહેવાની ધારણાં છે. ૨૦૨૪માં ટુ વ્હીલર્સની એકંદર વૈશ્વિક સંખ્યામાં ભારતનો હિસ્સો ૩૫ ટકા જેટલો જોવા મળશે જ્યારે ચીનમાં ૩૪ ટકા હિસ્સો જોવા મળશે. કેલેન્ડર વર્ષ ૨૦૨૩માં ટુ વ્હીલર્સની વૈશ્વિક બજારમાં ચીનનો હિસ્સો ૩૭ ટકા હતો અને ભારતનો ૩૨ ટકા એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. વીજ સંચાલિત તથા આઈસીઈ બન્ને પ્રકારના ટુ વ્હીલર્સના વેચાણને આધારે આ અંદાજ આવી પડયો છે. ચીનમાં ટુ વ્હીલર્સનો વપરાશ મોટેભાગે શહેરો પૂરતો મર્યાદિત છે અને તે પણ ટ્રાફિકની સમશ્યામાંથી બચવા માટે, જ્યારે ભારતમાં ગ્રામ્ય સ્તરેથી ટુ વ્હીલર્સનો જોરદાર માગ જોવા મળી રહી છે એટલુ જ નહીં ઈ-કોમર્સના વિકાસે ટુ વ્હીલર્સનો વપરાશ વધારી દીધો છે. આ પરિબળોને કારણે ટુ વ્હીલર્સની સંખ્યાની દ્રષ્ટિએ ભારત, ચીન કરતા આગળ નીકળી જવાની સંભાવના જોવા મળી રહી છે. ઈ-ટુ વ્હીલર્સમાં ભારત કરતા ચીન ઘણું જ આગળ છે. ૨૦૨૩માં ભારતમાં ૯ લાખની સામે ચીનમાં ૫૯ લાખ ઈ-ટુ વ્હીલર્સનું વેચાણ થયું હતું. જો કે ૨૦૨૩માં ચીનમાં ઈ-ટુ વ્હીલર્સના વેચાણમાં ૨૩ ટકા ઘટાડો થયો હતો જ્યારે ભારતમાં ૫૦ ટકા વધારો જોવા મળ્યો હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

### છેલ્લા 10 વર્ષમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સીધા વિદેશી રોકાણમાં 69 ટકાનો વધારો

(એજન્સી) મુંબઇ | તા 11

૨૦૧૪-૨૪ દરમિયાન મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)નો પ્રવાહ ૬૯ ટકા વધીને ૧૬૫.૧ બિલિયન ડોલર થયો છે, એમ સરકારે સંસદમાં જણાવ્યું હતું. ભારત ઉત્પાદન ક્ષેત્રે વિદેશી રોકાણ માટે અગ્રતા ધરાવતા દેશ તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે. છેલ્લા દસ નાણાકીય વર્ષો (૨૦૧૪-૨૪)માં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં એફડીઆઈ ઈક્વિટીનો પ્રવાહ ૬૯ ટકા વધીને ૧૬૫.૧ બિલિયન ડોલર થયો છે. છેલ્લા દસ નાણાકીય વર્ષોમાં (૨૦૦૪-૧૪), તે US ૯૭.૭ બિલિયન ડોલર હતું. છેલ્લા પાંચ નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦ થી ૨૦૨૩-૨૪) દરમિયાન દેશમાં કુલ એફડીઆઈનો પ્રવાહ ૩૮૩.૫૦ બિલિયન યુએસ ડોલર હતો. સરકારના પગલાંથી મોબાઈલ ફોન સહિત અનેક ક્ષેત્રોમાં આયાત પરની નિર્ભરતા ઘટી છે. ૨૦૧૪-૧૫માં મોબાઈલ ફોનની આયાત પર ૪૮,૬૦૯ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, જે ૨૦૨૩-૨૪માં ઘટીને ૭,૬૭૪ કરોડ રૂપિયા થઈ ગયા હતા. એ જ રીતે, નિકાસ ૨૦૧૪-૧૫માં રૂ. ૧,૫૬૬ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂ. ૧,૨૮,૯૮૨ કરોડથી વધુ થઈ છે.

## આ ત્રણ અમીર ભારતીય પરિવારોની કુલ સંપત્તિ સિંગાપોરના જીડીપી જેટલી

(એજન્સી) મુંબઇ | તા 11



સિંગાપોર એ એશિયાના સૌથી વધુ ધનિક દેશો પૈકીનો એક છે. એની જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ - કુલ ઘરેલું ઉત્પાદન) 460 બિલિયન ડોલર (38.6 લાખ કરોડ રૂપિયા) જેટલી છે. ભારતના ત્રણ સૌથી ધનાઢ્ય પરિવારોની સંપત્તિ ભેગી કરો તો એ આંકડો સિંગાપોરની જીડીપી જેટલો થવા જાય છે. તાજેતરમાં જાહેર કરાયેલા 'બાર્કલેઝ'ના સૌથી ધનિક ભારતીયોના રિપોર્ટમાં આ હકીકત જાહેર કરવામાં આવી છે. ભારતના જે ત્રણ પરિવારની કુલ સંપત્તિ સિંગાપોરના જીડીપી જેટલી થાય છે એ છે, અંબાણી પરિવાર, બજાજ પરિવાર અને બિરલા પરિવાર. બ્રિટિશ બહુરાષ્ટ્રીય બેંક 'બાર્કલેઝ' દ્વારા જાહેર કરવામાં આવેલા 'હુરુન રિપોર્ટ'માં જણાવાયું છે કે, ભારતના ત્રણ સૌથી વધુ ધનિક પરિવારની કુલ સંપત્તિ સિંગાપોરની જીડીપી જેટલી થવા જાય છે. એમાં સમાવેશ થાય છે અંબાણી પરિવારનો, જેની સંપત્તિ છે રૂપિયા 25.8 લાખ કરોડ, બીજા નંબરે છે બજાજ પરિવાર, જેની સંપત્તિ છે રૂપિયા 7.1 લાખ કરોડ અને ત્રીજા ક્રમે છે બિરલા પરિવાર, જેની સંપત્તિ છે રૂપિયા 5.4 લાખ કરોડ. બાર્કલેઝના રિપોર્ટમાં જણાવાયું છે કે, પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિકોની યાદીમાં અદાણી પરિવાર રૂપિયા 15.4 લાખ કરોડનું મૂલ્ય ધરાવે છે. ત્યારબાદ પૂનાવાલા પરિવાર છે, જેનું મૂલ્ય 2.4 લાખ કરોડ રૂપિયા છે. એ પછી આવે છે દિવી પરિવાર, જેનું મૂલ્ય છે 91,200 કરોડ રૂપિયા. બાર્કલેઝના અહેવાલમાં લખાયું છે કે લિસ્ટમાં સામેલ ભારતના તમામ અબજોપતિ બિઝનેસ પરિવારો કુલ 130 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવે છે, જે સ્વિટ્ઝર્લેન્ડ અને UAE જેવા દેશોની કુલ જીડીપી કરતાં પણ વધી જાય છે. રિપોર્ટમાં દર્શાવાયું છે કે ભારતમાં 124 પરિવારો એવા છે જેની ઓછામાં ઓછી નેટવર્થ 1 બિલિયન ડોલરની છે. એકલા અંબાણી પરિવારની સંપત્તિ ભારતની જીડીપીના 10 % કરતાં વધારે છે. એ ઉપરાંત, ભારતના ટોપ ટેન બિઝનેસ ફેમિલીની સંયુક્ત સંપત્તિ રૂપિયા 6,009,100 કરોડ થાય છે, એવું આ રિપોર્ટમાં લખ્યું છે. રિપોર્ટમાં લખેલી એક રસપ્રદ હકીકત એ પણ છે કે, અનલિસ્ટેડ હોય એવી ભારતની સૌથી મૂલ્યવાન કંપની 'હલ્દીરામ સ્નેક્સ' છે, જેનું મૂલ્ય 63,000 કરોડ રૂપિયા છે. હુરુન રિપોર્ટ એ વિશ્વભરના ધનિકોની સંપત્તિની આકારણી કરતી અગ્રણી સંસ્થા છે.

1998 માં લંડનમાં સ્થપાયેલ આ સંસ્થા ભારત, ચીન, ફ્રાન્સ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા, જાપાન, કેનેડા અને લક્ઝમબર્ગમાં કાર્યરત છે અને એના રિપોર્ટની નોંધ વૈશ્વિક સ્તરે લેવાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, શ્રાવણ સુદ-08

# છળકપટથી ધર્માંતરણની વધતી ઘટનાઓ

તાજેતરમાં જ આવેલા કેટલાક સમાચારો જોઈએ. ૨૯ જુલાઈએ ઉત્તર પ્રદેશ સરકારે છળકપટથી ધર્માંતરણ પર સજાને વધુ કઠોર કરવાનો નિર્ણય કર્યો અને આ સંદર્ભે એક સંશોધન વિધેયક વિધાનસભામાં રજૂ કર્યું. ૨૮ જુલાઈએ બરેલીથી સમાચાર આવ્યા કે છળ-છદ્મથી એક હિંદુ યુવકને ધર્માંતરિત કરવા માટે પાદરી સહિત ત્રણ લોકોની ધરપકડ કરાઈ. આ જ તારીખે રતલામથી સમાચાર આવ્યા કે ખેતરમાં પ્રાર્થના સ્થળ બનાવીને ધર્માંતરણ કરાઈ રહ્યું હતું. ફરિયાદ કરાતાં પોલીસ પહોંચી ગઈ અને ત્યાં તેને લગભગ ૧૫૦ આદિવાસીઓ મળ્યા. બીમારી દૂર કરવાની લાલચ આપીને ધર્માંતરણ કરાવવાના આરોપમાં પોલીસે કેટલાક લોકોની અટકાયત કરીને ફરિયાદ નોંધી. ૨૬ જુલાઈએ મુરાદાબાદથી એક સમાચાર આવ્યા કે એક ફેશન ઈન્સ્ટિટ્યૂટની સંચાલિકા રક્ષાંદા ખાન અને તેના પતિ શાહનવાઝ ખાનને તેમને ત્યાં આવતી યુવતીઓને ધર્માંતરણ કરવા માટે પ્રેરિત કરવાના આરોપમાં ધરપકડ કરી. ૨૫ જુલાઈએ રાંચીથી સમાચાર આવ્યા કે ઝારખંડ હાઈકોર્ટે 'ચંગાઈ સભા' દ્વારા આદિવાસીઓના ધર્માંતરણ પર રોક લગાવવાની માંગ કરતી જનહિત અરજી પર સુનાવણી કરતાં એ જિલ્લાઓનો વિસ્તૃત રિપોર્ટ માગ્યો, જ્યાં આદિવાસીઓનું લોભ-લાલચથી ધર્માંતરણ કરાવાય છે. કોર્ટે એ પણ પૂછ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર તરપતી ધર્માંતરણ રોકવા માટે કયાં પગલાં ભરવામાં આવ્યાં છે? આ જ તારીખે લોકસભામાં ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું કે બાંગ્લાદેશથી થનારી ઘૂસણખોરી અને સાથે જ ધર્માંતરણને કારણે ઝારખંડમાં આદિવાસી આબાદી ઝડપથી ઘટતી જાય છે. જો ૨૫ જુલાઈના અને એના પહેલાંના અખબારો ફેંદવામાં આવે તો દેશના કોઈને કોઈ હિસ્સામાં છળકપટથી ધર્માંતરણના સમાચારો મળી જશે. જેમ કે ૧૦ જુલાઈએ પ્રયાગરાજથી આવેલા સમાચારની નોંધ લેવી જરૂરી છે, જેમાં અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું કે લકોને ધર્મ એટલે કે મત-મજહબના પાલનની અને તેના પ્રચારની સ્વતંત્રતા તો છે, પરંતુ આ સ્વતંત્રતા ધર્માંતરણનો અધિકાર નથી આપતી. આ ટિપ્પણી કરતાં હાઈકોર્ટે અનુસૂચિત જાતિના ગરીબ હિંદુઓને કષ્ટોથી મુક્તિ અને બહેતર જીવનની લાલચ આપીને ઈસાઈ બનાવી દેવાના આરોપમાં ધરપકડ કરાયેલા શ્રીનિવાસ રાવ નાઈકને જામીન આપવાનો ઈનકાર કરી દીધો. અલ્હાબાદ હાઈકોર્ટની આ ટિપ્પણીએ ધ્યાન તો ખેંચ્યું કે બંધારણ મત પ્રચારની સ્વતંત્રતા આપે છે અને તેમાં ધર્માંતરણનો અધિકાર નથી, પરંતુ વસ્તુસ્થિતિ તો કંઈક જુદી જ છે. બંધારણે આપેલ મત પ્રચારની સ્વતંત્રતાની આડમાં જ દેશમાં મોટા પાયે છળકપટ અને લોભલાલચથી ધર્માંતરણ થઈ રહ્યું છે. તેને કારણે દેશના કેટલાય હિસ્સાની જનસંખ્યા એટલે કે ડેમોગ્રાફી બદલાઈ ગઈ છે અને અન્ય હિસ્સાની ઝડપથી બદલાઈ રહી છે. ધર્માંતરણ સમસ્યા સ્વતંત્રતા પહેલાં જ શરૂ થઈ ગઈ હતી. મહાત્મા ગાંધી ઈસાઈ મિશનરીઓ દ્વારા છળકપટથી કરાવવામાં આવતા ધર્માંતરણના પ્રબળ વિરોધી અને ટીકાકાર હતા, પરંતુ સ્વતંત્રતા બાદ સરકારે ઈસાઈ મિશનરીઓને એ જાણવા છતાં પણ મત પ્રચારની સુવિધા આપી દીધી કે તેઓ ગરીબ લોકોને લાલચ આપીને ધર્માંતરણ કરાવવામાં સંડોવાયેલી છે.

## દાહોદ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક એસ.જે.બળેવીયાનો વિદાય સમારંભ અને આર.એ.જેઠવાનો સત્કાર સમારંભ યોજાયો

દિપક રાવલ : દાહોદ

જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતા નાયબ માહિતી નિયામક શ્રી સુરેન્દ્રભાઈ બળેવીયા જુનાગઢ કચેરી ખાતે બદલી થતાં વિદાય સમારોહ અને વડોદરા ખાતે ફરજ બજાવતા શ્રી આર.એ.જેઠવા દાહોદ ખાતે નાયબ માહિતી નિયામકશ્રી નો ચાર્જ સંભાળતા સત્કાર સમારંભ યોજાયો હતો. આ વિદાય સમારોહમાં નાયબ માહિતી નિયામક શ્રી સુરેન્દ્રભાઈ બળેવીયા દાહોદ ખાતે ૩ વર્ષ થી વધુ દરમિયાન તેમણે કરેલી કામગીરીના સંસ્મરણો વાગોળ્યા હતા. આ વેળાએ અધિક્ષક શ્રી મફતભાઈ ભોઈ,માહિતી મદદનીશ સુશ્રી કાકુલ ઢાકીયા, જુનિયર કલાર્ક સુશ્રી ડીનાબેન પરમાર તેમજ શ્રી જુઝરે સુરેન્દ્રભાઈ



બળેવીયા સાથેની યાદગાર પળોને યાદ કરી તેમની કાર્યશૈલીને બિરદાવી હતી. શ્રી સુરેન્દ્રભાઈ બળેવીયાને શુભેચ્છા પાઠવવાની સાથે ભવિષ્યમાં તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરી દાહોદના ફોટોગ્રાફર શ્રી જુઝરએ કર્યું હતું. આ અવસરે કચેરીના અધિક્ષકશ્રી મફત ભોઈ, માહિતી મદદનીશ સુશ્રી કાકુલ ઢાકિયા , જુનીયર કલાર્ક સુશ્રી ડી.એસ.પરમાર ,શ્રી જુઝર,શ્રી રાકેશભાઈ,શ્રી જયદેવભાઈ,સુશ્રી કૈલાશબેન સહિત કચેરીના કર્મચારીઓએ શ્રી સુરેન્દ્રભાઈ બળેવીયાને શાલ ઓઢાડી તથા શ્રી ફળ આપી શુભેચ્છા પાઠવી હતી. વિદાય સમારોહમાં દાહોદ જિલ્લા માહિતી કચેરીના કર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દિપડાએ બે મહિલાઓ પર જીવલેણ હુમલો કર્યાની ઘટના મામલે સાંસદ મનસુખ વસાવાએ મુલાકાત લીધી

### ગરુડેશ્વર તાલુકામાં દીપડાનો ત્રાસ હોવાથી આ વિસ્તારની મુલાકાત લઈ લોકોના ખબરઅંતર પૂછી મૃતકના પરિવારને સાંત્વના પાઠવી

ભરત શાહ : રાજપીપળા

૧૧ તારીખ 4 ઓગસ્ટ ના રોજ માંડણ ગોરા ચીનકૂવા ગામે દિપડાએ બે મહિલાઓ પર જીવલેણ હુમલો કર્યો જેમાં એક મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું તથા બીજી મહિલાને ગંભીર ઈજા થતાં હાલ ગરૂડેશ્વર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના બાદ સાંસદ મનસુખભાઈ વસાવા તેમને જોવા પહોંચ્યા ત્યારે વધુ જાણ થઈ કે આ વિસ્તારમાં દીપડાનો ઘણો ત્રાસ



છે.અને અહિ સ્થાનિક લોકો ડરી ગયા છે બાળકોને શાળામાં જવામાં પણ તકલીફ આવી રહી છે. આ સંદર્ભે વન વિભાગના અધિકારીઓ સાથે સાંસદે મુલાકાત કરી માનવ ભક્ષી દીપડો પાંજરે પુરાય એવી સૂચના પણ આપી અને લોકોની જીવનશૈલી ફરી રાબેતા મુજબ ભય વિના શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી. તેમની આ મુલાકાત દરમ્યાન પૂર્વ જિલ્લા મહામંત્રી જયંતીભાઈ તડવી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## નાગેશ્વર શિવાલયમાં સ્થાપિત શિવભકતોની આસ્થાનું કેન્દ્ર બનેલું પારાનું શિવલિંગ

નીતિન ઠાકર : ચાણસ્મા

શ્રાવણ માસના દર સોમવારે દુર દુરથી શિવભકતો પારા નાં શિવલિંગના દર્શન કરી ધન્યતા અનુભવે છે.વ્યવસ્થાપકો દ્વારા દર્શનાર્થે આવતાં શિવભકતો માટે દાતા ઓના સહયોગ થી ભોજન પ્રસાદ ની વ્યવસ્થા કરાય છે ડાહયાભાઈ



દેસાઈ વ્યવસ્થાપ નાગેશ્વર શિવાલય ભાટસર પવિત્ર શ્રાવણ એટલે શિવમહિમાને ઉજાગર કરતો પવિત્ર માસ દેવાદિ દેવ મહાદેવની કૃપા આશિર્વાદ મેળવવા શિવપુજા થકી શિવભક્તો ધન્યતા અનુભવે છે એટલું મહત્વ શ્રાવણ માસ ના સોમવાર નું છે પવિત્ર શ્રાવણ માસ ના સોમવારે ચાણસ્મા પંથક ના પ્રાચીન શિવાલય ઝિલેશ્વર મહાદેવ ના પ્રવિત્ર શિવાલય ના સાનિધ્ય માં લોકમેળો ભરાય છે જ્યારે પાટણ જિલ્લા ના એકમાત્ર પવિત્ર ચમત્કારી પારા નું શિવલિંગ ચાણસ્મા ના ભાટસર ગામેં નાગેશ્વર શિવાલય માં આવેલ છે જ્યાં શ્રાવણ માસ ના પવિત્ર સોમવારે દુર દુર થી શિવભકતો શિશ ટેક ટેકવી દેવાધિ દેવ મહાદેવ ના કૃપા શિષ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવે છે દર્શનાર્થે પધારતા શિવભકતો માટે વ્યવસ્થાપકો દ્વારા દાતા ઓ ના સહયોગથી ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવતી હોવાનું વ્યવસ્થાપક ડાહ્યાભાઈ દેસાઈ એ જણાવ્યું હતું.

## નર્મદા જિલ્લામાં એક આધેડ અને એક યુવતી ક્યાંક ગુમ થતાં પરિવારે પોલીસની મદદ માંગી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા માં બે અલગ અલગ બનાવો માં એક આધેડ વ્યક્તિ અને એક યુવતી ગુમ થવા બાબતે પોલીસ માં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ રાજપીપળા પોલીસ મથકે નોંધાયેલ વિગત મુજબ બચુભાઈ ગુસિયાભાઈ વસાવા ઉ.વ.૬૬ રહે.રૂંઢ મોટા ભીલવાડા તા.નાંદોદ જી.નર્મદા નાઓ ગઇ તા.૦૭/૦૮/૨૦૨૪ ના રોજ બપોરના અરસા માં ભેંસો ચરાવવા માટે ગયા હતા તેમની ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ ના હોઈ તેમના પત્ની મીરાબેન એ રાજપીપળા પોલીસ ની મદદ માંગી છે. જ્યારે બીજી ઘટના એકતાનગર પોલીસ મથકે નોંધાઈ જેમાં પાયલબેન પંકજભાઈ વિક્રમભાઈ તડવી ઉ.વ.૧૯ રહે.વાડી(ઝરીયા) ઉપલુ ફળીયુ તા. ગરૂડેશ્વર જી.નર્મદા નાઓ તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ વાડી ગામ ક્યાંક જતા રહ્યા હોય પંકજભાઈ વિક્રમભાઈ તડવી નાઓ એ આ બાબતે એકતાનગર પોલીસ ને જાણ કરતા ઉપરોક્ત બંને બનાવ બાબતે પોલીસે શોધખોળ શરૂ કરી છે.

## માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે સંકલિત કર બાદ નફામાં અભૂતપૂર્વ 2,321%ની વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) મુંબઈ । તા. 11

માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE: MANAKCOAT, BSE: 539046), અગ્રણી કોટેડ મેટલ પ્રોડક્ટ્સ ઉત્પાદક અને નિકાસકર્તાઓમાંની એક છે અને કોઈલ અને શીટ બંને સ્વરૂપમાં પ્રી-પેઈન્ટેડ ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ અને પ્લેન ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલમાં વિશેષતા ધરાવે છે,તેણે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય અહેવાલ આપ્યો છે.

પ્રદર્શન પર ટિપ્પણી કરતા માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના હોલ ટાઈમ ડાયરેક્ટર શ્રી કરણ અગ્રવાલે જણાવ્યું, "અમને નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિકની પ્રશંસનીય કામગીરીની જાણ કરવામાં આનંદ થઈ રહ્યોછે, જેમાં અમારા કર બાદના નફામાં અને એકંદર પ્રદર્શનમાં ઉલ્લેખનીય સુધારો થયો છે, જે કોટેડ મેટલ પ્રોડક્ટ્સ ક્ષેત્રે અમારી વ્યૂહાત્મક પહેલ અને કાર્યકારી કાર્યક્ષમતાને દર્શાવે છે. આ વૃદ્ધિ ઘણા મુખ્ય પરિબળો દ્વારા પ્રેરિત થઈને ટકી રહેવાની અપેક્ષા છે. અમારૂ લાંબા ગાળાનું ક્રેડિટ રેટિંગ એક્યૂટ બીબીબી+થી એ-માં અપગ્રેડ કરવામાં આવ્યું છે, અને અમારૂં ટૂંકા ગાળાનું રેટિંગ એક્યૂટ એ2થી એ2+માં સુધર્યું છે. આ સુધારાઓ અમારી ઉન્નત નાણાકીય સ્થિરતાને રેખાંકિત કરે છે અને અમારી વિશ્વસનીયતાને વેગ આપે છે, જે અમને ભવિષ્યના વિકાસ માટે ફાયદાકારક સ્થાન આપે છે. આ સુધારેલ રેટિંગથી અમને વધુ સારા નાણાકીય વિકલ્પો સુધી પહોંચ બનાવવા અને અમારા વ્યવસાયમાં વધુ રોકાણ કરવામાં મદદ મળશે. કેન્દ્રીય બજેટમાં માળખાકીય વિકાસ પર ભાર અને સ્ટીલ ઉદ્યોગ માટે સકારાત્મક વૃદ્ધિના અંદાજોએ અમારી કામગીરી માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે. માળખાકીય ખર્ચમાં વધારો થવાથી સ્ટીલ ઉત્પાદનોની માંગમાં વધારો થવાની ધારણા છે, જેનાથી અમારા વ્યવસાયને ફાયદો થશે. જેમ જેમ અમે આગળ વધીએ છીએ તેમ તેમ અમે આ તકોનો લાભ ઉઠાવવા, અમારી પ્રોડક્ટ ઑફરિંગ વધારવા અને ટકાઉ મૂલ્ય પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ રહીએ છીએ. આ સકારાત્મક વેગ આગામી ત્રિમાસિકોમાં સતત વૃદ્ધિ અને સફળતા માટે મજબૂત પાયો સ્થાપિત કરે છે.

## ચંદુમાણાથી ખારી ધારીચાલ સેવાળાને જોડતા રોડ પર વોંકળાના કારણે હેરાનગતિનો ભોગ બનતા ભારે વાહનો



નિતીન ઠાકર : ચાણસ્મા

ચંદુમાણા થી ખારી ધારીચાલ સેવાળા ને જોડતા લિંક રોડ પર વોકળા ના કારણે મોટા વાહનો જેવા કે ટ્રક એસ ટી બસ આ રોડ પર વોકળા માં પસાર થતાં સમયે વોકળા ના કારણે રોડ ની મધ્ય ભાગ માં વધારે ઉંડાઈ થઈ જતાં રોડ ની બંને સાઈડો નો ગાળો વધી જવાના કારણે નાના વાહનો જેવાકે રીક્ષા મારૂતી ગાડી ઓ બાઈકો પસાર થઈ જાય છે પરંતુ મોટા વાહનો જેવા જેવા કે ટ્રકો એસ ટી બસો આ વોકળા માં થી પસાર થવાનો પ્રયત્ન કરે છે ત્યારે મોટા વાહનો ના આગળ - પાછળ નો ભાગ રોડ સાથે ઢસડાય છે જેથી મોટા વાહનો માટે આ રોડ પરથી પસાર થવું મુશ્કેલ રૂપ બન્યું જ્યારે બીજી બાજુ રોડ ની બંન્ને સાઈડો ના બાવળો ના ઝુંડ રોડ પર આવી જતાં એકબીજા વાહનો ને પસાર થવું મુશ્કેલરૂપ બન્યું છે ત્યારે આ રોડ પર પસાર થતા વાહનો માટે કાયમી મુશ્કેલી નું નિવારણ થાય તે માટે વાંકળા માં નાળાં નાખી બનાવવા ની સાથે રોડ ની બંન્નેં બાજૂ ના બાવળો ને દુર કરવા વાહન ચાલકો ની માંગ ઉઠવા પામી છે

## ઓટીટી અને સોશિયલ મીડિયા પરની અશ્લીલ સામગ્રી સામે કડક કાર્યવાહીની માંગ કરતા સાંસદ મનસુખ વસાવા

### આ પ્રકારની સામગ્રી માત્ર મનોરંજનનો એક રૂપ નથી તે ભારતના મૂલ્યો અને પરિવાર પ્રણાલી પર સીધો હુમલો છે

ભરત શાહ : રાજપીપળા

ભાજપના વરિષ્ઠ સાંસદ મનસુખ વસાવાએ સૂચના - પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને લખેલા પત્રમાં ઓટીટી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત થતી અશ્લીલ અને વિકૃત સામગ્રી સામે તાત્કાલિક અને કડક પગલાં લેવાની માંગ કરી છે. ભાજપ સાંસદ મનસુખ વસાવાએ સૂચના અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને લખેલા પત્રમાં ઓટીટી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત થતી અશ્લીલ અને વિકૃત સામગ્રી સામે તાત્કાલિક અને કડક પગલાં લેવાની માંગ સાથે આ પત્રમાં ગુજરાત યુવા જાગરણ મંચ દ્વારા રજૂ કરાયેલ અરજી પણ જોડવામાં આવી છે, જેમાં જણાવાયું છે કે કેવી રીતે આવી સામગ્રી આપણા રાષ્ટ્રની



સાંસ્કૃતિક અને નૈતિક કિંમતો પર ગંભીર પ્રભાવ પાડી રહી છે અને સમાજના પવિત્ર સંબંધો અને પરિવાર પ્રણાલીને નબળી પાડી રહી છે. મનસુખ વસાવાના પત્રમાં ખાસ કરીને બી.એન. એસ. એક્ટ, મહિલાઓનું અભદ્ર પ્રતિનિધિત્વ અધિનિયમ અને આઈ.ટી. એક્ટમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમણે વિનંતી કરી છે કે આ કાયદાઓમાં કડક જોગવાઈઓ ઉમેરવામાં આવે અને તેને અસરકારક રીતે લાગુ કરવામાં આવે, જેથી અશ્લીલ અને વિકૃત સામગ્રીના પ્રસારને રોકી શકાય અને તેના માટે જવાબદાર લોકોને સજા આપી શકાય. ડૉ. વૈશાલી શાહ, યુવા જાગરણ મંચની પ્રતિનિધિએ પણ આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ પ્લેટફોર્મ માત્ર અશ્લીલતાનો પ્રચાર જ નથી કરતા પરંતુ પરિવારિક સંબંધોને પણ વિકૃત કરી રહ્યા છે, જેમ કે સસરા-વહુ, શિક્ષક-છાત્ર, અને ભાભી-દેવર વચ્ચેના ગેરકાયદેસર સંબંધો. આ પ્રકારની સામગ્રી માત્ર મનોરંજનનો એક રૂપ નથી તે ભારતના મૂલ્યો અને પરિવાર પ્રણાલી પર સીધો હુમલો છે. આ સામાજિક દુશ્મન અને હિંસાનું બીજ વાવનારા તત્વો છે, જેનો નાશ કરવો સમાજના સર્વોત્તમ હિતમાં છે. ડૉ. શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા અશ્લીલ સામગ્રીને પ્રોત્સાહન આપવા અને તેને મોનેટાઇઝ કરવાની નિંદા કરી છે. તેમણે માંગ કરી છે.

## રાજપીપળામાં શીતળા સાતમનો ભાતીગળ મેળો કાળિયાભુત મંદિર તરફથી ભરાયો



ભરત શાહ : રાજપીપળા

આજે શીતળા સાતમ હોવાના કારણે રાજપીપળા શીતળા માતાજી ના મંદિરે દરવર્ષે ભરાતો ભાતીગળ મેળો આ વર્ષે પણ ચાલુ રહ્યો પરંતુ આ વર્ષે કાળિયાભુત મામાના મંદિર ની ચોકડી થી શીતળામાતા મંદિર સુધી મેળો ભરાયો છે. રાજપીપલા નગરપાલિકા દ્વારા દુકાનોના સ્ટોલ પણ આ બાજુ પાડવામાં આવ્યા છે એટલે ભક્તોએ ફરીને મંદિરે દર્શન કરવા જવું પડશે.આ મંદિર વડિયા ગામમાં આવતું હતું જેથી વડિયા ગામનું નું મંડળ વહીવટ કરતુ હતું. વડિયા ગામ ના યુવાનો મંડળ ના સભ્યો દ્વારા મંદિરનું સમગ્ર આયોજન અને મેળાનું સંચાલન કરવામાં આવે છે. આજે મેળો શરૂ થતાં રાજપીપળા પોલીસ સુરક્ષાની જવાદારી સંભાળી છે. રાજપીપળા શીતળામાતાજી ના મંદિર નજીક આવેલ કારમાઈકલ બ્રીજ જે જર્જરિત થઈ જતા રાજપીપળા નગરપાલિકા દ્વારા જેને હાલ નવો બનાવવામાં આવી રહ્યો છે. એટલે જિલ્લા કલેકટર દ્વારા આ રસ્તો વાહન વ્યવહાર માટે બંધ કરી ને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

## મહારાષ્ટ્રના ગવર્નર શ્રી સી. પી. રાધાકૃષ્ણન, રાજ્યના પ્રધાન શ્રી મંગલ પ્રભાત લોઢા અને માનુષી છિલ્લરે જીજેઈપીસીના ઈન્ડિયા ઇન્ટરનેશનલ જ્વેલરી શો પ્રીમિયર 2024નું ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ઈન્ડિયા ઈન્ટરનેશનલ જ્વેલરી શૉ (આઈઆઈજેએસ) ઉદ્યોગમાં શ્રેષ્ઠતાના ચાર દાયકા પૂરા કરે છે ત્યારે વૈભવ, નવીનતા અને કારીગરીનાં શિખરનો અનુભવ કરો. એક્સક્લુઝિવ કલેક્શન શોધો, ગ્લોબલ લીડર્સ સાથે નેટવર્ક કરો અને ભારતના જ્વેલરી સેક્ટરના કેન્દ્રમાં રહેલી આ અભૂતપૂર્વ ઈવેન્ટનો ભાગ બનો. મહારાષ્ટ્રના ગવર્નર માનનીય શ્રી સી.પી. રાધાકૃષ્ણને વિશ્વના સૌથી મોટા જેમ એન્ડ જ્વેલરી બીટુબી શોમાંના એક - ઈન્ડિયા ઈન્ટરનેશનલ જ્વેલરી શૉ (આઈઆઈજેએસ) પ્રીમિયર 2024નું ઉદ્ઘાટન કર્યું હતું, જે ભારતની સર્વોચ્ચ વેપાર સંસ્થા ધ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી) દ્વારા મુંબઈના બાંદ્રા કુર્લામાં જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાષ્ટ્ર સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા પ્રધાન માનનીય શ્રી મંગલ પ્રભાત લોઢા



ઉપસ્થિત રહ્યા હતા. જીજેઈપીસીના ચેરમેન શ્રી વિપુલ શાહ, જીજેઈપીસીના વાઈસ ચેરમેન શ્રી કિરીટ ભણસાલી, જીજેઈપીસીના કન્વીનર-નેશનલ એક્ઝિબિશન શ્રી નીરવ ભણસાલી અને કમિટી ઓફ એડમિનિસ્ટ્રેશને (સીઓએ) અનેક સન્માનિત મહેમાનો અને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું જેમ કે ડી બીયર્સ ગ્રુપના ડાયમંડ ટ્રેડિંગના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પોલ રોલી, જોય આલુક્કાસના એમડી શ્રી પોલ અલુક્કા અને આદિત્ય બિરલા ગ્રુપના બિઝનેસ ડિરેક્ટર - નોવેલ જ્વેલ્સ શ્રી દિલીપ ગૌર સમાવિષ્ટ હતા. જીજેઈપીસીની બ્રાંડ એમ્બેસેડર માનુષી છિલ્લરે ઉદ્ઘાટન સમારંભમાં ગ્લેમર અને ઝગમગાટનો સ્પર્શ ઉમેર્યો હતો. આ વર્ષે "બ્રિલિયન્ટ ભારત" થીમનું પ્રદર્શન કરતા આઈઆઈજેએસ પ્રીમિયર 2024 શોની તારીખો છે: મુંબઈમાં જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 8-12 ઓગસ્ટ અને મુંબઈના નેસ્કો ગોરેગાંવમાં બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે 9-13 ઓગસ્ટ. આઈઆઈજેએસ પ્રીમિયર 2024નો કુલ પ્રદર્શન વિસ્તાર 1,35,000 ચોરસ મીટર હશે (1.45 મિલિયન ચોરસ ફૂટ), જે પશ્ચિમી વિશ્વના અગ્રણી તુલનાત્મક શો કરતાં ઘણો વધારે છે. 3,600થી વધુ સ્ટોલ અને 2,100 પ્રદર્શકો સાથે, આઈઆઈજેએસ પ્રીમિયર સમગ્ર ભારતમાંથી 50,000થી વધુ ખરીદદારો અને 60થી વધુ દેશોમાંથી 2,000થી વધુ ખરીદદારોને આકર્ષે તેવી અપેક્ષા છે. આ વર્ષે એક ખાસ આકર્ષણ ધ સિલેક્ટ ક્લબ છે - એક્સક્લુઝિવ હાઈ-એન્ડ કોચર જ્વેલરી સેક્શન. સિલેક્ટ ક્લબ 101 પ્રદર્શકો દ્વારા ભવ્ય ડિઝાઈન અને નવીન કારીગરીની શોધ કરે છે. ક્લબનું આયોજન જાસ્મીન હોલ, ત્રીજા માળે, જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, બીકેસી, મુંબઈ ખાતે કરવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્રના ગવર્નર માનનીય શ્રી સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે, "જીજેઈપીસીનો આઈઆઈજેએસ એ વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત બીટુબી જેમ એન્ડ જ્વેલરી શોમાંનો એક છે અને તે દિવસ આવશે જ્યારે તે સમગ્ર વિશ્વમાં સૌથી મોટો હશે.

## ગોદરેજ એગ્રોવેટ ત્રિપુરામાં ઓઈલ પામ પ્રોસેસિંગ મિલ સ્થાપશે

(એજન્સી) ત્રિપુરા । તા. 11

ગોદરેજ એગ્રોવેટ લિમિટેડે (જીએવીએલ) આજે જાહેરાત કરી હતી કે તેનો ઓઈલ પામ પ્લાન્ટેશન બિઝનેસ (ઓપીપી) ત્રિપુરામાં ઓઈલ પામ પ્રોસેસિંગ મિલિંગની સ્થાપના કરશે. આ યુનિટ રાજ્યના ધલાઈ જિલ્લામાં સ્થાપવામાં આવશે, જ્યાં કંપની હાલમાં વાર્ષિક 3 લાખની ક્ષમતા સાથે નર્સરી ચલાવે છે અને તેને વધારીને 5 લાખ પ્રતિ વર્ષ કરવાની યોજના ધરાવે છે. આ સ્થળે કંપની ઓઈલ પામ માટે એક અદ્યતન આરએન્ડડી સેન્ટર પણ સ્થાપશે. આ ઉપરાંત ઓઈલ પામ ખેડૂતોને વ્યાપક સમર્થન પૂરું પાડવા માટે વન સ્ટોપ સોલ્યુશન એવું સમાધાન સેન્ટર પણ શરૂ કરવામાં આવશે. ત્રિપુરા સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ બાબતોના પ્રધાન માનનીય રતન લાલ નાથ દ્વારા આ મિલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ મિલ તથા આરએન્ડડી સેન્ટરના શિલાન્યાસ પ્રસંગે મલેશિયાના એસડી ગુથરી પ્લાન્ટેશન્સના હેડ ઓફ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ડો. હરિકૃષ્ણ કુલવીરિસિંગમ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઓઈલ પામ જીનોમના અભ્યાસ અને



ડીકોડિંગના બે દાયકાથી વધુના અનુભવ સાથે, તેઓ સ્થાનિક સ્તરે ઉચ્ચ ઉપજ આપતા ટકાઉ ઓઈલ પામ વિકસાવવા માટે કંપનીને માર્ગદર્શન આપશે. ઓગસ્ટ 2021માં નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ - ઓઈલ પામ (NMEO-OP) ની રજૂઆત બાદ, ત્રિપુરા સરકારે ઓછામાં ઓછી 7,000 હેક્ટર જમીનને પામની ખેતી હેઠળ લાવવાની યોજના શરૂ કરી છે. આ પ્રસંગે ટિપ્પણી કરતા ત્રિપુરા સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ બાબતોના પ્રધાન માનનીય રતન લાલ નાથે જણાવ્યું હતું કે, "નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ - ઓઈલ પામ (NMEO-OP) ની સફળતામાં નિર્ણાયક ભૂમિકા ભજવતા, ત્રિપુરાની સરકાર એક ઈકો-સિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે રાજ્યના તેલ પામ ખેડૂતો માટે ફાયદાકારક હોય અને જમીનનો ઉપયોગ તે પાક માટે સૌથી યોગ્ય હોય. રાજ્યમાં ઓઈલ પામ પ્રોસેસિંગ મિલ આવવાથી, અમારા ખેડૂતો હવે રાજ્યમાં તેમની ઉપજ વેચી શકશે. અમે ગોદરેજ એગ્રોવેટ જેવા વિશ્વાસપાત્ર અને ભરોસાપાત્ર ભાગીદારો સાથે ભાગીદારી કરવા માટે ઉત્સાહિત છીએ, જેઓ રાજ્યમાં તેલ પામના ખેડૂતોના ઉત્થાન માટે ચોક્કસપણે તેમની કુશળતાનો લાભ લેશે. સમાધાન કેન્દ્ર સ્થાપવાનો તેમનો નિર્ણય માત્ર હાલના ઓઈલ પામ જ નહીં, પણ નવા ઓઈલ પામના ખેડૂતોને પણ મદદ કરશે, જેનાથી રાજ્યની સંભવિતતામાં તેમની મજબૂત માન્યતા પ્રદર્શિત થશે."

ગોદરેજ એગ્રોવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર બલરામ સિંહ યાદવે જણાવ્યું હતું કે "અમે ઓઈલ પામ ખેડૂતોનું ઉત્થાન કરવાના અમારા સામાન્ય મિશનમાં પૂરા દિલથી સમર્થન આપવા બદલ ત્રિપુરા સરકારના આભારી છીએ. તેમના દ્વારા બનાવવામાં આવી રહેલી અનુકૂળ ઈકો-સિસ્ટમ ખરેખર પ્રોત્સાહક છે." "અમને વિશ્વાસ છે કે આજની જાહેરાત ન કેવળ ખેડૂતોને તેમની ઉપજ અમને સીધી વેચવામાં મદદ કરશે, પરંતુ રોજગાર પેદા કરવામાં અને વ્યવસાયની સમગ્ર વેલ્યુ ચેઈન સાથે જોડાયેલા વ્યવસાયોને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરશે. અમને વિશ્વાસ છે કે ત્રણ દાયકાથી વધુની અમારી કુશળતાનો ઉપયોગ કરીને, રાજ્યનો ટેકો અને વિશ્વાસ ક્ષમતા ચોક્કસપણે અમને ઓઈલ પામની આયાત પર નિર્ભરતા ઘટાડવાની રાષ્ટ્રની યાત્રામાં યોગદાન આપવાની તક પૂરી પાડશે" એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# મેથીના દાણાનો આ રીતે ઉપયોગ કરો, વાળની સમસ્યામાં થશે દૂર



વાળ તૂટવા, ખરવા અને નબળા પડવા એ બહુ સામાન્ય સમસ્યાઓ છે. જેના કારણે હાલમાં ઘણા લોકો પરેશાન રહે છે. લોકો તેમના વાળને સ્વસ્થ અને ચમકદાર રાખવા માટે ઘણા પ્રયત્નો કરે છે, મોંઘા હેર પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે અને હેર ટ્રીટમેન્ટ કરાવે છે. જેમાં અનેક પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે અને તેની સાથે તેમાં ઘણા પૈસા પણ ખર્ચવામાં આવે છે. પરંતુ ઘરમાં હાજર કેટલીક વસ્તુઓ પણ આ સમસ્યાઓ દૂર કરવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મેથીના દાણા લગભગ દરેકના રસોડામાં હોય છે. દરેકે સાંભળ્યું હશે કે તે આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. પરંતુ તેની સાથે સાથે તે વાળ માટે પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમાં અનેક પ્રકારના નિકોટિનિક એસિડ તેમજ પ્રોટીન હોય છે. જે તમારા વાળને પોષણ આપવામાં મદદ કરી શકે છે. તેની સાથે તેમાં લેસીથિન પણ જોવા મળે છે, જે વાળને મજબૂત અને મુલાયમ રાખવામાં મદદગાર સાબિત થાય છે. તમે તેને ઘણી રીતે ઉપયોગ કરી શકો છો.

**વાળ ખરવાની સમસ્યા |** વાળ ખરતા અટકાવવા માટે મેથીના દાણાનો ઉપયોગ કરી શકાય છે. આ માટે તમારે એક કપ પાણીમાં બે ચમચી મેથીના દાણાને આખી રાત પલાળી રાખવાના છે. બીજા દિવસે એ જ પાણીમાં મેથીના દાણાને ઉકાળવાના છે. આ પછી, પાણી ઠંડું થયા પછી, તે જ પાણીનો ઉપયોગ કરીને, આ બીજની સાથે બીજ, ત્રણ અને ચાર જાસૂદના પાંદડા અને ફૂલોના બીજને પીસી લો અને પેસ્ટ તૈયાર કરો. હવે આ પેસ્ટથી તમારા માથાના સ્કેલ્પમાં મસાજ કરો અને તેને 20 થી 30 મિનિટ સુધી રહેવા દો. આ પછી તમારા વાળને હૂંફાળા પાણી અને શેમ્પૂથી સાફ કરી લો. આ માસ્કનો ઉપયોગ અઠવાડિયામાં બે વાર કરી શકો છો.



**ડેન્ડ્રફ કંટ્રોલ |** મેથીના દાણા પણ ડેન્ડ્રફની સમસ્યા દૂર કરી શકે છે. આ માટે બે ચમચી આખી રાત પાણીમાં પલાળી રાખો. હવે આ પાણીને ઉકાળો અને જ્યારે તે ઠંડુ થઈ જાય ત્યારે તેને પીસીને પેસ્ટ બનાવી લો. આ પછી એક ચમચી તાજા લીંબુનો રસ અને એક ચમચી ઓલિવ તેલ એડ કરો. હવે આ પેસ્ટથી તમારા માથાની મસાજ કરો અને અડધો કલાક રહેવા દો. આ પછી તમારા વાળને હળવા શેમ્પૂથી ધોઈ લો. આ બંને હેર માસ્ક કુદરતી ઘટકોમાંથી બનાવવામાં આવ્યા છે પરંતુ જો તમને આમાંથી કોઈપણ વસ્તુથી એલર્જી હોય તો તેનો ઉપયોગ કરવાનું ટાળો. આ સિવાય શરૂઆતમાં, તમે પરીક્ષણ માટે તેને તમારી હથેળી પર લગાવવાનો પણ પ્રયાસ કરી શકો છો.

# દારુ કરતાં પણ વધારે નુકસાન કરે છે ખોટી રીતે ખાધેલી બદામ, લિવર થઈ જાય છે ખરાબ

આપણે સૌ જાણીએ છીએ કે બદામ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.. આ સૂકો મેવો પોષકતત્વોથી ભરપૂર હોય છે. પરંતુ જો બદામને તમે ખોટી રીતે ખાવ છો તો તે સ્વાસ્થ્ય માટે દારૂ કરતા પણ વધારે ખતરનાક સાબિત થઈ શકે છે. આ વાત સાંભળીને આશ્ચર્ય થશે પરંતુ તેની પાછળ વૈજ્ઞાનિક તથ્ય પણ છે જે આજે તમને જણાવીએ. ઈશા ફાઉન્ડેશનના સંસ્થાપક અને પ્રમુખ સદગુરુ એ તેના એક વીડિયોમાં જણાવ્યું હતું કે જો બદામને ખોટી રીતે ખાવામાં આવે તો તે લીવર માટે દારૂ કરતાં પણ વધારે ભયંકર સાબિત થાય છે. સદગુરુ એ જણાવ્યું હતું કે બદામ ખાવાની સાચી રીત કઈ છે તે જાણવી જરૂરી છે.. બદામમાં પ્રોટીન અને હેલ્ધી ફેટ હોય છે. જે આપણા શરીરને ફાયદો કરે છે. પરંતુ આ ફાયદો ત્યારે થાય છે જ્યારે બદામને સાચી રીતે ખાવામાં આવે જો ખોટી રીતે બદામ ખાતી હોય તો તે નુકસાન પણ કરે છે. સદગુરુના જણાવ્યા અનુસાર બદામને ખાતા પહેલા આખી રાત પાણીમાં પલાળીને રાખવી જોઈએ. સવારે જાગીને પલાળેલી બદામની છાલ ઉતારીને પછી જ તેને ખાવી. આ રીતે બદામ ખાવાથી તે સરળતાથી પચે છે અને શરીરને સૌથી વધુ પોષણ મળે છે. બદામમાં પ્રોટીન, વિટામિન ઈ, મેગ્નેશિયમ, ફાઈબર અને એન્ટિઓક્સિડન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેને ખાવાથી ત્વચા અને વાળને લાભ થાય છે. સાથે જ તે હાર્ટની હેલ્થ પણ સારી રાખે છે. બદામનું સેવન નિયમિત કરવાથી બેડ કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં રહે છે. તેનાથી વજન ઘટાડવામાં પણ મદદ મળે છે.



### બદામ દારૂ કરતા વધારે ખતરનાક કેવી રીતે ?

હવે પ્રશ્ન એ થાય કે બદામ ખોટી રીતે ખાવાથી દારૂ કરતા વધારે ખતરનાક કેવી રીતે સાબિત થાય ? જ્યારે તમે બદામને પલાળ્યા વિના ખાવ છો તો તેની અસર ધીરે ધીરે પાચનતંત્ર અને અન્ય અંગો પર પડે છે. જો તમે લાંબા સમય સુધી પલાળ્યા વિના બદામ ખાવ છો તો ઘણા ગંભીર રોગ પણ શરીરમાં શરૂ થઈ શકે છે. કાચી બદામ સૌથી વધુ લીવરને ડેમેજ કરે છે. ફરક એટલો છે કે દારૂનું સેવન કરવાથી શરીરને તુરંત જ નુકસાન થવા લાગે છે જ્યારે બદામ ધીરે ધીરે શરીરને નુકસાન કરે છે અને આ નુકસાન પણ સ્થાયી હોય છે.

# સાતમી સદીનું કપાલેશ્વર મહાદેવ મંદિર



ભારતભરમાં ભગવાન શિવજીનાં એવાં ઘણાં મંદિર છે, જેને જોઈને ધન્યતા અનુભવાય છે. આ શિવ ભગવાનનાં મંદિરોમાં કેટલાંક એવાં પણ મંદિરો છે, જે ખૂબ જ પ્રાચીન છે. સામાન્ય રીતે ભારતમાં જેટલાં પણ રાજ્યો છે ત્યાં ભગવાન શંકરનાં અનેકો મંદિર જોવા મળે જ છે. આ મંદિરોમાં ખાસ કરીને શ્રાવણ મહિનામાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર આવતું હોય છે. એવી જ રીતે ચેન્નઈના મલયપુરમાં ભગવાન શંકરનું કપાલેશ્વર મંદિર આવેલું છે, જે 12 જ્યોતિર્લિંગો પછીનું ધાર્મિક રીતે સૌથી વધુ મહત્ત્વનું મંદિર ગણવામાં આવે છે. આ મંદિરમાં માત્ર ભારતભરમાંથી જ નહીં, વિશ્વભરમાંથી શ્રદ્ધાળુઓ ભગવાન શિવજીના દર્શનાર્થે આવતા હોય છે. અહીં શ્રદ્ધાળુઓ ભગવાન શિવની પૂજા કરીને ધન્યતા અનુભવે છે. આ મંદિરને લઈને એવી ધાર્મિક માન્યતા પણ છે કે, જે શ્રદ્ધાળુ અહીં સાચા મનથી દર્શનાર્થે આવે છે અને પોતાની મનોકામના મનોમન જણાવે છે, તેની તમામ મનોકામના પૂર્ણ થઇ જાય છે.

## કપાલેશ્વર મંદિર

ચેન્નઇના દક્ષિણ ભાગમાં આવેલા માયલાપુરમાં કપાલેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. મૂળ આ મંદિર ભગવાન શિવ અને માતા પાર્વતીને સમર્પિત છે, જેને અહીંની સ્થાનિક ભાષામાં કર્પગમબલ કહેવામાં આવે છે. કપાલેશ્વર મંદિરનું નિર્માણ સાતમી સદીની આસપાસ પલ્લવ રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું એવું ઇતિહાસકારોનું માનવું છે. કપાલેશ્વર મંદિર વાસ્તુશિલ્પની દૃષ્ટિએ પણ વિશેષ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. મંદિરની વાસ્તુશિલ્પ બનાવટ દ્રવિડ શૈલીથી ઘણી મળતી આવે છે. તેથી ચોક્કસથી કહી શકાય કે તે સમયે દ્રવિડ શૈલીનો ભારે દબદબો હતો. તે સમયે મોટાભાગનાં મંદિરોમાં દ્રવિડ શૈલી વાપરવામાં આવતી હતી. જોકે, પોર્ટુગીઝ સંશોધકોએ આ મંદિરને ખૂબ જ નુકસાન પહોંચાડ્યું હતું અને તેને નષ્ટ પણ કરી નાખ્યું હતું. ત્યારબાદ સોળમી સદીમાં વિજયનગરના રાજાએ ફરીથી આ મંદિરનું નિર્માણ કર્યું હતું. આ મંદિર નિર્માણ કરવામાં વિજયનગરના રાજાઓએ કોઇ કસર બાકી રાખી નહોતી અને મંદિરને સુંદર રીતે બનાવવામાં આવ્યું હતું. મંદિરની વાસ્તુકલા પણ સૌ કોઈને આકર્ષે તે રીતે બનાવવામાં આવી હતી.

## કપાલેશ્વર મંદિરની વાસ્તુકલા

કપાલેશ્વર મંદિર દ્રવિડ વાસ્તુકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આ મંદિર સાતમી સદીમાં પલ્લવ રાજા દ્વારા બનાવવામાં આવ્યું હતું. મંદિરની વર્તમાન સંરચના વિજયનગરના રાજાઓ દ્વારા સોળમી સદીની આસપાસ બનાવાઈ હતી. મંદિરનું મુખ્ય ભવન કાળા પથ્થરથી બનાવવામાં આવ્યું છે. આ મંદિરનાં મુખ્ય બે દ્વાર છે અને વિશાળ ગોપુરમ પણ છે. મંદિરનું મુખ્ય ગોપુરમ 120 ફૂટ ઊંચું છે, જે વર્ષ 1906માં બનાવવામાં આવ્યું હતું. મંદિરનું અન્ય નકશીકામ પણ આકર્ષણ જન્માવે એવું છે.

## મંદિરના તહેવારો

કપાલેશ્વરમાં મોટાભાગના તહેવારો ઊજવવામાં આવે છે, પરંતુ ખાસ કરીને અહીં બ્રહ્મોત્સવનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવે છે. બ્રહ્મોત્સવ વર્ષનો મોટામાં મોટો તહેવાર મનાય છે. આ તહેવારે અહીં મેળાનું પણ આયોજન કરવામાં આવે છે. બ્રહ્મોત્સવને માણવા માટે રાજ્યની આસપાસના લોકો અને ભારતના લોકો પણ શ્રદ્ધાપૂર્વક અને ભક્તિભાવપૂર્વક અહીં આવતા હોય છે. મંદિરમાં શ્રાવણ મહિનો પણ ખૂબ જ ધામધૂમથી ઊજવાય છે. શ્રાવણ મહિનામાં અહીં મોટી સંખ્યામાં ભક્તો ભગવાન શિવના આશીર્વાદ લેવા આવે છે અને ભગવાન શિવનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

## પૌરાણિક કથા

કપાલેશ્વર મહાદેવ મંદિરને લઇને એક પ્રચલિત પૌરાણિક કથા છે. આ કથામાં જણાવ્યા અનુસાર કોઇ એક શાપને કારણે માતા પાર્વતી મોર બની ગયાં હતાં અને તેથી તેઓ તેમના મૂળ સ્વરૂપમાં આવવા માંગતાં હતાં. પોતાના અસલ સ્વરૂપમાં આવવા માટે તેમણે તપ કરવાનો શુભારંભ કર્યો. તેમણે ઘણાં વર્ષો સુધી તપ કર્યું અને શિવલિંગની પૂજા-અર્ચના પણ કરી. અંતે આકરા તપ બાદ માતા પાર્વતી તેમના મૂળ સ્વરૂપમાં આવી ગયાં હતાં.

### કપાલેશ્વર મંદિર ખૂલવાનો સમય

કપાલેશ્વર મહાદેવ મંદિર સવારે 6: 00 વાગ્યે ખોલવામાં આવે છે. ત્યારબાદ બપોરના 12 : 30થી 4 : 00 વાગ્યા સુધી મંદિર બંધ રાખવામાં આવે છે. આ મંદિર રાત્રિના 9 : 30 સુધી ખુલ્લું રહે છે.

## મંદિરનું આકર્ષણ

કપાલેશ્વર મંદિર જેટલું બહારથી આકર્ષિત કરે છે તેટલું જ અંદરથી પણ આકર્ષિત કરે છે. અંદર મંદિરમાં 60થી પણ વધુ મૂર્તિઓ જોવા મળે છે. મંદિર પરિસરની આસપાસ બે મોટા સભાખંડ છે અને નજીકમાં જ ગૌશાળા છે. આ ગૌશાળામાં ભક્તો ગાયની પૂજા-અર્ચના કરે છે અને તેમને ઘાસ પણ ખવડાવતા હોય છે. કપાલેશ્વર મંદિરના પરિસરમાં ભગવાન શિવને ભોગ ચઢાવવામાં આવે છે. આ ભોગમાં અનેક પ્રકારનાં ફળોની સુંદર રંગોળી પણ બનાવવામાં આવે છે. એટલે કે તે ફળોને આકર્ષિત રીતે સજાવવામાં આવે છે. મંદિરનાં પગથિયાં ઊતરતાં જ સામેથી ગોદાવરી નદી વહેતી નજરે ચડે છે. જે જોઇને સૌ શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવે છે.

# બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિમાં...



સોમનાથ જ્યોતિર્લિંગ

- રુપાલી દવે

બાર જ્યોતિર્લિંગ માંનું એક જ્યોતિર્લિંગ સૌરાષ્ટ્ર ની પવિત્ર ભૂમિમા ગીર પંથક પર બિરાજમાન છે.આ જગ્યાનો ઉલ્લેખ પુરાણ માં પ્રભાસ ક્ષેત્ર કરવામાં આવ્યો છે. જ્યાં સોમેશ્વર મહાદેવ બિરાજમાન છે એ સ્થળ ને “કૈલાસ મહામેરુ પ્રસાદ” નામે ઓળખાય છે સોનેથી મઢેલા મંદિર ની અંદર ભગવાન ભોળાનાથ સોમેશ્વર નું દિવ્ય શિવલિંગ બિરાજમાન છે.શ્રાવણ મહિના માં તો ત્યાં ભક્તો નું ઘોડાપૂર ઉમટ્યું હોય છે. ભકતો વર્ષ દરમિયાન નિયમિત પણે સોમનાથ મંદિર ના દર્શન એ આવે છે. ભગવાન ભોળાનાથ સોમેશ્વર ના દર્શન માત્ર થી ભકતો ની ભવો ભવ ની પીડા સમાપ્ત થઈ ને શાંતિ નો અનુભવ કરે છે. આમપણ ભગવાન ભોળાનાથ ના શિવલિંગ પર માત્ર ભક્તિ ભાવ થી પાણી અર્પણ કરવાથી પણ એ ખુશ થઈ જાય છે તો વિચારો સ્વયં સિદ્ધ સોમેશ્વર જ્યોતિર્લિંગ ના દર્શન કરવાની પ્રાપ્તિ. પ્રભાસ ક્ષેત્ર નું સૌન્દર્ય એટલું અદભૂત છે કેમ? ના હોય જ્યાં સ્વયં ઈશ્વરનો વાસ હોય ત્યાં કુદરત પણ સોળે કળાએ નિત્ય રહે છે. સુવર્ણ ના સોમનાથ મંદિર ની સામે ઘૂઘવતો દરિયો જે ભરતી સમયે ખુદને પાવન કરવા મંદિર ના દરવાજા નો સ્પર્શ કરી ને પ્રણામ કરતો હોય છે. અલખ નિરંજન ના ધ્વનિ માં સમસ્ત પ્રભાસ “શિવો હમ્” ના નારા સમસ્ત પ્રભાસ ક્ષેત્રમાં ગુંજી ઉઠે છે. એવુ માનવામાં આવે છે કે સ્વર્ગ માંથી દેવો,સિધ્ધો, ગ્રહો,સપ્તર્ષિ,દાનવો વગેરે નિત્ય સોમનાથ જ્યોતિર્લિંગની પૂજા સ્તુતિ કરવા આવે છે. પુરણ અનુસાર સુવર્ણ ના સોમનાથ મંદિર નું નિર્માણ સૌ પ્રથમ ચંદ્ર દેવ એ કર્યું હતું.શિવપુરાણના “કોટી રુદ્રંસહિતા” ના ૮થી૧૪ અધ્યાય માં ઉલ્લેખ આ વિશેનો ઉલ્લેખ છે. દક્ષ પ્રજાપતિએ એની ૨૭ કન્યાઓના લગ્ન ચંદ્ર દેવ સાથે કર્યા હતા. લગ્ન બાદ દક્ષ પ્રજાપતિની ૨૭ કન્યાઓ એ અનુભવ્યું કે પતિ ચંદ્ર નું ધ્યાન અને પ્રેમ માત્ર ને માત્ર એની પત્ની રોહિણી પર અધિક છે એના તરફ નજર પણ કરતા નથી.ચંદ્રની ૨૭પત્નીઓ એ એકવાર ક્રોધિત થઈને પતિ ચંદ્ર દેવ ને શ્રાપ આપ્યો કે એને ક્ષય રોગ લાગુ પડે જશે. પત્નીઓના શ્રાપના લીધે ચંદ્રદેવને ક્ષય રોગ લાગુ પડયો. ક્ષય રોગ ના શ્રાપ ના લીધે ચંદ્ર દેવ ની કળા ઘટી ગઈ ને પૃથ્વી પર રાત્રે અંધારું છવાયેલું રહેવા લાગ્યું.એક દિવસ અમાસ ના બદલે વર્ષભર અમાસ નું અંધારું રહેવા લાગે તો.આ સ્થતિ ને લીધે પૃથ્વી પર હાહાકાર મચી ગયો.બ્રહ્માજી પાસે દેવો દાનવો મનુષ્ય બધા એકઠા થઇ ને આવ્યા ને બ્રહ્માજી ની પ્રાર્થના કરતા કહ્યું કે દેવ,અનર્થ થઈ ગયો ચંદ્ર ની કળા ઘટતા બધેય અંધારું છવાઈ ગયું છે. બ્રહ્માજી એ વિચાર્યું કે મારા સર્જન માં તો ખામી નથી તો આવું કેમ બન્યું? બે મિનિટ મૌન ધારણ કરી ને સૂક્ષ્મ દૃષ્ટિ એ ધ્યાન ધરતા શ્રાપ ના લીધે ક્ષય રોગથી પીડાતા ચંદ્ર દેવ દેખાયા.

બ્રહ્માજી તાત્કાલિક ચંદ્રદેવ સમક્ષ પ્રસન્ન થઈ ને પૂછ્યું ત્યારે ચંદ્રદેવ ના પ્રિય પત્ની રોહિણીજી એ પતિના ક્ષય રોગ નું કારણ કીધું અને નિવારણ પૂછ્યું.બ્રહ્માજી એ ક્ષય નિવારણ નો ઉપાય અને શ્રાપ માટે મુક્તિ નો ઉપાય પ્રભાસ ક્ષેત્ર માં જઈને ભગવાન સદાશિવને ઉપાસના સાધના દ્વારા પ્રસન્ન કરીને રોગ માંથી મુક્તિ મેળવવા સૂચવ્યું.બ્રહ્માજી ના આશીર્વાદ પ્રાપ્ત કરીને તાત્કાલિક ચંદ્રદેવ પૃથ્વી પરની પવિત્ર ભૂમિ પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા ને સતત છ મહિના અન્ન જળ નો ત્યાગ કરીને સદાશિવ ની ઉપાસના સાધના કરી. ચંદ્ર દેવની ભક્તિ થી પ્રસન્ન થઈ ને માત્ર છ મહિનામાં ભગવાન ભોળાનાથ પ્રગટ થયા. ભગવાન ભોળાનાથ એ ચંદ્રદેવ ને પ્રસન્ન થઈ ને કહ્યું કે હે ચંદ્રદેવ ! તમારું પૂર્ણપણે શ્રાપમુક્ત થવું શક્ય નથી. પરંતુ, હું શ્રાપને હળવો કરી શકું છું. આજથી તમારી કલા એક પક્ષમાં પ્રતિદિન ક્ષિણ થશે, તો બીજા પક્ષમાં પછી ફરી નિરંતર વધતી રહેશે.”

ભગવાન મહાદેવજી ના વરદાન થી ચંદ્ર દેવ ની કળા કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ માં વધે ઘટે એટલે અમાસ અને પૂનમ.પંદર દિવસ અંતે અમાસ આવતા ચંદ્રદેવ ની કળા ઘટે છે.જ્યારે પંદર દિવસ ના અંતે પૂનમ આવતા કળા વધે છે. ભગવાન ભોળાનાથ એ ચંદ્ર દેવ ને આશીર્વાદ આપતા જ દેવો,મનુષ્યો,દાનવો એ ખુશખુશાલ થઈ ને ભગવાન



ભોળાનાથ પર પુષ્પ વૃષ્ટિ કરી. બધા એ ભગવાન ભોળાનાથ ને પ્રભાસ ક્ષેત્રે માં બિરાજમાન થવાની પ્રાર્થના કરી. બધાની પ્રાર્થના વશ ભક્ત વત્સલ ભગવાન ભોળાનાથ પ્રભાસ ક્ષેત્રમાં જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરજ્યા. ભગવાન ભોલેનાથ ના જ્યોતિર્લિંગ ચંદ્રની તપસ્યા ના લીધે પ્રગટ થયું હતું એટલે “સોમશ્વર જ્યોતિર્લિંગ અથવા સોમનાથ જ્યોતિર્લિંગ” ના નામે પ્રસિદ્ધ થયું. ચંદ્ર દેવ એ મય દાનવ દ્વારા સોમેશ્વર જ્યોતિર્લિંગના ભવ્ય મંદિર બનાવીને એને શુધ્ધ સોનાથી મઢાવ્યું હતું. ઈતિહાસ અનુસાર સોમનાથ જ્યોતિર્લિંગ મંદિર વારંવાર કોઈના કોઈ વિધર્મી ઓનાં આતંક ના કારણોસર ખંડિત થતું રહ્યું છે.આ કારણોસર એનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો છે. પૃથ્વી પર ભગવાન ભોળાનાથ એ પ્રગટ થઈ ને એનું તેજ સ્વરૂપ જ્યોતિર્લિંગ પધરાવ્યા બાદ યુગો ના યુગો સોમનાથ જ્યોતિર્લિંગ મંદિર સુવર્ણ નું ભવ્ય મંદિર ના દર્શન નો લાભ ભકતો એ લીધા કર્યો હતો.પરંતુ કાળે ક્રમે ચંદ્ર પર આક્રમણો ના લીધે એક સમયે સોમનાથ મંદિર ખંડિત થયું ને એને પુનઃ શિવ ભક્ત રાવણે જીર્ણોધ્ધાર કરીને ચાંદી નું બનાવ્યું હતું.યુગો બાદ ભગવાન શ્રી કૃષ્ણ એ ધરા પર જનમ લીધો ત્યારે પુનઃ ખંડિત બનેલા સોમનાથ મંદિર નો જીર્ણોધ્ધાર કરીને ચંદનથી મઢ્યું હતું.એવું માનવામાં આવે છે કે ભગવાન ભોળાનાથ નું નિત્ય સાનિધ્ય પ્રાપ્ત થઈ શકે એટલે ભગવાન શ્રી કૃષ્ણ એ મથુરા છોડ્યું ને દ્વારિકા અંત સુધી વસ્યા હતા.

સોમનાથ મંદિર એ વાસ્તુ અને વિનાશ નું સાક્ષી બનતું આવ્યું છેm અનેક વિધ્વંસકો ની તોડફોડ બાદ પણ સોમનાથ મંદિર પુનઃ નિર્માણ વારંવાર સ્થાન પ્રાપ્ત કરી લે છે. મુસ્લિમ શાસકો એ સોમનાથ ના મંદિર પર આક્રમણ કર્યું ત્યારે અનેક લોકો એ એની સામે લડવા પ્રાણો નું બલિદાન આપ્યું હતું. ૧૯૪૭ માં સરદાર વલ્લભ ભાઈ પટેલ સોમનાથ મંદિર ના દર્શન એ આવ્યા ત્યારે ખંડેર થઈ ગયેલ મંદિર નો જીર્ણોધ્ધાર કરવાનો નિર્ણય કર્યો હતો.૧૯૫૧ ની ૧૧મે ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ ના વરદ હસ્તે સોમનાથ ના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી.વર્તમાન ભારત ના વડાપ્રધાન નરેન્દ્રમોદી એ જ્યારે એ ગુજરાતમાં સી.એમ બન્યા ત્યારે સોમનાથ ના મંદિર નો ભૂગર્ભ અને શિખર સુવર્ણ ના બનાવડાવ્યા છે.આજે સોમનાથ મંદિરના શિખર ની ભવ્યતા ગગન ચુંબે એટલે કે આકાશ ને સ્પર્શે છે. ચાલો ત્યારે પવિત્ર શ્રાવણ માસ માં ભગવાન ભોળાનાથ ના શિવલિંગ પર પંચામૃત સ્નાન,બિલી પત્ર,વગેરે થી પૂજા બાદ જનોઈ વસ્ત્ર અર્પણ કરીને ઉત્માં ઉતમ ભોગ ધરાવી ને ભક્તિભાવ થી આરતી, સ્તુતિ,ભજન કરીએ. મારા ભોળાનાથ ને પ્રસન્ન કરીએ :

શંભુ ચરણે પડી માંગુ ઘડી રે ઘડી કષ્ટ કાપો

દયા કરી દર્શન શિવ આપો..

તમે ભકતો ના દુઃખ હરનારા શુભ સૌનું સદા કરનારા

હું તો મંદ ગતિ તારી અકળ ગતિ કષ્ટ કાપો દયા કરી દર્શન શિવ આપો..

હર હર ભોલે જય બાબા ભોલા ભંડારી


ઓમ નમઃ શિવાય

# અર્જુન રામપાલનું X એકાઉન્ટ હેક

## 'આ સારા સમાચાર નથી, કોઈપણ મેસેજ કે ટ્વીટનો જવાબ ન આપો'

(એજન્સી) મુંબઇ । તા. 11

'ધાકડ', 'ડેડી', 'ક્રેક' જેવી ફિલ્મોમાં જોવા મળેલા અભિનેતા અર્જુન રામપાલે તાજેતરમાં સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું હતું કે તેનું એક્સ એકાઉન્ટ (અગાઉ ટ્વિટર) હેક થઈ ગયું છે. અર્જુને તેને ખરાબ સમાચાર ગણાવ્યા છે. પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ જાણકારી આપતા અર્જુન રામપાલે લખ્યું, 'આ સારા સમાચાર નથી. મારું X એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે. મહેરબાની કરીને કોઈપણ ટ્વીટ કે મેસેજનો જવાબ આપશો નહીં. એ નોંધનીય છે કે, અર્જુન રામપાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. અભિનેતા સોશિયલ મીડિયા પર ઓલિમ્પિકમાં જઈ રહેલા ભારતીય ખેલાડીઓને સતત પ્રોત્સાહિત કરી રહ્યો હતો. તેણે છેલ્લે 9 ઓગસ્ટના રોજ તેના X એકાઉન્ટમાંથી પોસ્ટ કર્યું હતું, જેમાં તેણે એથલીટ નીરજ ચોપરાને ભાલા ફેંકમાં સિલ્વર જીતવા બદલ અભિનંદન આપ્યા હતા. તેણે લખ્યું હતું કે, 'અમેઝિંગ નીરજ ચોપરા. આ ઓલિમ્પિકમાં ભારત માટે હાઈએસ્ટ મેડલ. આગામી ઓલિમ્પિકમાં તમે વિશ્વ અને ઓલિમ્પિક રેકોર્ડ તોડશો. અમને ગર્વ અનુભવવાની તક આપવા બદલ આભાર. આ સિવાય અર્જુન રામપાલે ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતવા પર હોકી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



મહત્ત્વનું છે કે, અર્જુન રામપાલ લાંબા સમયથી કોઈ મોટી હિટ ફિલ્મનો હિસ્સો નથી. વર્ષ 2023માં અર્જુન કંગના રનૌતની ફિલ્મ 'ધાકડ'માં વિલન તરીકે જોવા મળ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી હતી. આ પછી, અભિનેતા વિદ્યુત જામવાલ સાથે આ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'ક્રેક'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી.

અર્જુન રામપાલ ટૂંક સમયમાં ફિલ્મ ધ 'બેટલ ઓફ ભીમા કોરેગાંવ'માં જોવા મળશે. ફિલ્મ તૈયાર છે, જોકે તેની રિલીઝ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી. આ સિવાય તેની પાસે 'મંકી', 'નાસ્તિક' અને 'ધૂરંધર' જેવી ફિલ્મો પણ છે. ફિલ્મો ઉપરાંત અર્જુન નેટફ્લિક્સ સિરીઝ 'રાણા નાયડૂ'માં પણ જોવા મળશે. ફિલ્મી કરિયરની વાત કરીએ તો મોડલિંગમાં સફળતા હાંસલ કર્યા બાદ અર્જુન રામપાલે 2001માં આવેલી ફિલ્મ 'પ્યાર ઈશ્ક ઔર મોહબ્બત'થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. અભિનેતા 'દિલ હૈ તુમ્હારા', 'દિલ કા રિશ્તા', 'યકીન', 'હમકો તુમસે પ્યાર હૈ', 'રોક ઓન', 'હાઉસફુલ', 'રાજનીતિ' જેવી શાનદાર ફિલ્મોમાં જોવા મળ્યો છે.

# સુપરસ્ટારના તમાકુને પ્રમોટ કરવા બદલ ભડક્યા મુકેશ ખન્ના: કહ્યું, 'તેમને પકડીને મારવા જોઈએ, મેં અક્ષયને ઠપકો પણ આપ્યો હતો'

(એજન્સી) મુંબઇ । તા. 11

'શક્તિમાન' ફેમ પીઢ અભિનેતા મુકેશ ખન્નાએ એક ઈન્ટરવ્યુમાં પાન મસાલાની જાહેરાત કરનારા કલાકારોની આકરી ટીકા કરી છે. અભિનેતાએ કહ્યું કે આવા કલાકારોને પકડીને મારી નાખવા જોઈએ.

બોલિવૂડ બબલને આપેલા ઈન્ટરવ્યુમાં મુકેશે કહ્યું, 'જો તમે મને પૂછો તો હું કહીશ કે તેમને પકડીને મારી નાખવા જોઈએ. મેં તેને આ વાત પણ કહી છે. મેં અક્ષય કુમારને પણ ઠપકો આપ્યો હતો કે તે સ્વાસ્થ્ય પ્રત્યે આટલો સભાન છે તો પછી આવી જાહેરાતો કેવી રીતે કરે છે. હવે અજય દેવગન અને શાહરૂખ ખાન પણ આવી જાહેરાતો કરે છે. તમે લોકોને શું શીખવો છો તે સમજાતું નથી? મુકેશે આગળ કહ્યું- 'આ લોકો આવી જાહેરાતો શા માટે કરે છે? શું તેમની પાસે પૈસા નથી? મેં તમને ઘણી વાર કહ્યું છે કે આવી જાહેરાત ન કરો. ઘણા કલાકારોએ આવી જાહેરાતો પણ પાછી ખેંચી હતી. અક્ષય કુમાર અને અમિતાભ બચ્ચને કદાચ આવી જાહેરાતોથી પોતાને દૂર રાખ્યા છે. પરંતુ આજે પણ આવી જાહેરાતો કરનારા ઘણા છે. એ જ ઈન્ટરવ્યુમાં મુકેશે આગળ કહ્યું- 'આ સટ્ટાબાજીનો પ્રચાર કરતી એપ્સની જાહેરાતો પણ મને પરેશાન કરે છે. શક્તિ કપૂરથી લઈને કપિલ શર્મા સુધી આવી જાહેરાતો કરે છે અને કહે છે - 'પૈસા સીધા તમારા ખાતામાં જશે...' મેં તેને પૂછ્યું શું તમે લોકોને રમી ગેમ શીખવો છો? સરકાર દ્વારા તેના પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, પરંતુ આ જાહેરાતોમાં કામ કરવું એ નવા કલાકારો અને અભિનેત્રીઓ માટે ગર્વની વાત બની ગઈ છે.

મુકેશ પહેલા તાજેતરમાં અભિનેતા જ્હોન અબ્રાહમે પણ પાન મસાલાને પ્રમોટ કરતા કલાકારો પર નારાજગી વ્યક્ત કરી હતી. જ્હોને એવા સાથી કલાકારોને પણ નિશાન બનાવ્યા જેઓ એક તરફ ફિટનેસની વાત કરે છે અને બીજી તરફ પાન મસાલાની જાહેરાત કરે છે.



# શર્વરીને ડેટ કરવા પર સની કૌશલે કહ્યું

## 'તે માત્ર મારી મિત્ર છે'; એક્ટ્રેસે કહ્યું- લોકોએ આ અફવાઓ પર વિશ્વાસ ન કરવો જોઈએ

(એજન્સી) મુંબઇ । તા. 11

વિકી કૌશલનો નાનો ભાઈ સની કૌશલ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ફિર આયી હસીન દિલરૂબા'માં જોવા મળે છે. જો કે, સની તેની પ્રોફેશનલ લાઈફ કરતાં તેના અંગત જીવન માટે વધુ સમાચારોમાં રહે છે. છેલ્લા કેટલાક સમયથી તેનું નામ 'મુંજ્યા' ફેમ અભિનેત્રી શર્વરી સાથે જોડાઈ રહ્યું છે. આ દરમિયાન સનીએ એક ઈન્ટરવ્યુમાં શર્વરીને માત્ર તેની મિત્ર ગણાવી હતી. ફિલ્મ 'ફિર આયી હસીન દિલરૂબા'ના પ્રમોશન દરમિયાન આપેલા એક ઈન્ટરવ્યુમાં સનીએ પોતાના રિલેશનશિપ સ્ટેટસ વિશે વાત કરી હતી. અભિનેતાએ કહ્યું કે તે સિંગલ છે. જ્યારે પૂછવામાં આવ્યું કે શું તે શર્વરીને ડેટ કરી રહ્યો છે, તો સનીએ કહ્યું કે તે માત્ર તેની સારી મિત્ર છે. બીજી તરફ, આ દિવસોમાં આગામી ફિલ્મ 'વેદ'ના પ્રમોશનમાં વ્યસ્ત શર્વરીને એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે શું તે સનીને ડેટ કરી રહી છે? તો અભિનેત્રીએ કહ્યું- 'આ ખોટું છે, હું અફવાઓ પર વિશ્વાસ નથી કરતી, મને આશા છે કે મારા દર્શકો પણ નહીં કરે.' જો કે શર્વરી અને સનીએ હજુ સુધી તેમના સંબંધોની પુષ્ટિ કરી નથી, પરંતુ બંને ઘણીવાર સાથે જોવા મળે છે. અભિનેતા રણવીર સિંહે પણ 'કોફી વિથ કરણ'માં આ વાતની પુષ્ટિ કરી છે. તેને પૂછવામાં આવ્યું કે કેટરિના અને વિકી કોની સાથે ડબલ ડેટ પર જવા ઈચ્છશે. તો તેના જવાબમાં રણવીરે તરત જ સની અને શર્વરીનું નામ લીધું. વર્ક ફ્રન્ટ પર, સની તાજેતરમાં રિલીઝ થયેલી તાપસી પન્નુ સ્ટારર ફિલ્મ 'ફિર આયી હસીન દિલરૂબા'માં મહત્વની ભૂમિકામાં જોવા મળે છે.

# 'સ્ત્રી 2'ની રિલીઝ ડેટમાં ફેરફાર

## મેકર્સે સોશિયલ મીડિયા પર લખ્યું - તે એક સ્ત્રી છે, તે કંઈ પણ કરી શકે છે

(એજન્સી) મુંબઇ । તા. 11

શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની હિટ ફિલ્મ 'સ્ત્રી'ની સિક્વલ 'સ્ત્રી 2' હવે 14 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે. પહેલા આ ફિલ્મ 15 ઓગસ્ટે રિલીઝ થવાની હતી, પરંતુ હવે તે એક દિવસ પહેલા રિલીઝ થશે.

મેડોક ફિલ્મ્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને નવી રિલીઝ ડેટ વિશે માહિતી આપી છે. પોસ્ટના કેપ્શનમાં લખ્યું હતું- 'સ્ત્રી હવે તેના સમય પહેલા આવી રહી છે. 'સ્ત્રી 2' હવે 14 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે. એડવાન્સ બુકિંગ હવે શરૂ થઈ ગયું છે. તે એક સ્ત્રી છે, તે કંઈ પણ કરી શકે છે. એટલા માટે તે રાત્રે વહેલા આવી રહી છે, ફક્ત તમારા માટે. તો તમારી ટિકિટ બુક કરો.

'સ્ત્રી 2'માં શ્રદ્ધા કપૂર, રાજકુમાર રાવ, પંકજ ત્રિપાઠી, અભિષેક બેનર્જી અને અપારશક્તિ ખુરાના મહત્વની ભૂમિકામાં જોવા મળશે. વરુણ ધવન ફિલ્મમાં 'ભેડિયા' તરીકે કેમિયો કરી રહ્યો છે. આ ફિલ્મમાં તમન્ના ભાટિયા પણ નાના રોલમાં જોવા મળશે.

મેડોક ફિલ્મ્સે Jio સ્ટુડિયો સાથે મળીને 'સ્ત્રી 2' બનાવી છે. આ ફિલ્મ મેડોક સુપરનેચરલ યુનિવર્સની પાંચમી ફિલ્મ છે. આ યુનિવર્સ હેઠળ અગાઉ 'સ્ત્રી', 'રૂહી', 'ભેડિયા' અને 'મુંજ્યા' જેવી ફિલ્મોનો સમાવેશ થતો હતો. ફિલ્મની વાર્તાની વાત કરીએ તો 'સ્ત્રી 2'માં એક નવો વળાંક આવ્યો છે. આ વખતે એક ડરામણો સિરકટા રાક્ષસ રહસ્યમય રીતે સ્ત્રીઓઓનું અપહરણ કરે છે. શ્રદ્ધા કપૂરે આ ફિલ્મમાં પોતાનો જૂનો રોલ નવી અંદાજમાં ભજવ્યો છે. આ વખતે તેની પાસે સ્ત્રીની શક્તિઓ છે.

# જ્હોને પ્રેસ કોન્ફરન્સના વિવાદ પર વાત કરી

## કહ્યું- મને ઉશ્કેરવા માટે પત્રકારને તૈયાર કરવામાં આવ્યો હતો, મને યોગ્ય પ્રશ્નો પૂછવામાં આવ્યા નહોતા...

(એજન્સી) મુંબઇ । તા. 11

અભિનેતા જ્હોન અબ્રાહમ આગામી ફિલ્મ 'વેદા'ના કારણે ચર્ચામાં છે. તાજેતરમાં, આ ફિલ્મના ટ્રેલર લોન્ચ સમયે, તેણે એન્ટરટેઈનમેન્ટ જર્નાલિસ્ટ સાથે જોરદાર દલીલ કરી હતી. તેણે જર્નાલિસ્ટને મૂર્ખ પણ કહ્યો. હવે અભિનેતાએ આ મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. તેણે કહ્યું કે જર્નાલિસ્ટને તેને ઉશ્કેરવા માટે પ્લાન કરવામાં આવ્યો હતો. તે યોગ્ય પ્રશ્નો પણ પૂછતા ન હતા.

રણવીર અલ્લાહબાદિયાને આપેલા ઈન્ટરવ્યુમાં જ્હોને કહ્યું- મારી ફિલ્મ 'વેદા' માટે એક પ્રેસ કોન્ફરન્સ થઈ હતી જે 15 ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. મને ઉશ્કેરવા માટે એક પત્રકારને ત્યાં મૂકવામાં આવ્યો હતો. હું એમ પણ કહેવા માંગુ છું કે તે જીત્યો અને હું હારી ગયો કારણ કે મને ગુસ્સો આવ્યો.

સૌ પ્રથમ, હું લાંબા સમયથી કોઈપણ પ્રેસ કોન્ફરન્સનો ભાગ નહોતો. મને ટ્રેલર લોન્ચ ઈવેન્ટ પસંદ નથી. અહીં એ જ જૂના પત્રકારો તમને વાહિયાત પ્રશ્નો પૂછે છે. કોઈ સમજદાર પ્રશ્નો પૂછતું નથી. ત્યાં એક વ્યક્તિ બેઠો હતો. તેના બોસે મને કન્ટેન્ટ માટે ખરાબ પ્રશ્નો પૂછવાનું કહ્યું. તેણે પૂછ્યું અને મેં પ્રતિક્રિયા આપી. તેથી તે જીત્યો નહીં પણ હું હારી ગયો. કદાચ મારે તે ન કરવું જોઈતું હતું, પરંતુ તે થયું. જોકે તે વ્યક્તિ પણ તેને લાયક હતી.જ્હોન અબ્રાહમે ટ્રોલિંગ કલ્ચર વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું- આજકાલ ટ્રોલ કરવું સરળ થઈ ગયું છે. જે લોકોનું જીવન સારું નથી ચાલી રહ્યું, તેઓ સોશિયલ મીડિયા પર બીજાને ગાળો આપતા રહે છે. પરંતુ હું આ બાબતો પર ધ્યાન આપતો નથી.

હું માત્ર સારું કામ કરવા માંગુ છું. હું માત્ર કામ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું. હું ફક્ત મારા પોતાના કામ પર ધ્યાન આપું છું. મને પાર્ટીઓમાં જવાની અને નેટવર્કિંગની પરવા નથી. ફેન્સી કારમાં બેસીને તમને બહુ કામ નહીં મળે. હું ક્યારેય કમેન્ટ વાંચતો નથી. હું છાપ ઊભી કરવા માટે આવું નથી કહી રહ્યો. હું કોઈ સોશિયલ મીડિયા પર પણ નથી. વોટ્સએપનો પણ ઉપયોગ કરતો નથી. આ કારણે લોકોની નકારાત્મકતામાં કોઈ ફરક પડતો નથી. આ કારણે હું પણ ખુશ છું. જ્હોન પહેલીવાર ફિલ્મ 'વેદા'માં શર્વરી અને તમન્ના ભાટિયા સાથે જોવા મળશે. આ સિવાય ફિલ્મમાં અભિષેક બેનર્જી અને આશિષ વિદ્યાર્થી જેવા કલાકારો પણ જોવા મળશે. નિખિલ અડવાણી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ 15 ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થશે.



આ ફિલ્મ દ્વારા જ્હોન અને નિખિલ બીજી વખત સાથે કામ કરતા જોવા મળશે. આ પહેલા બંનેએ 2019માં રિલીઝ થયેલી 'બાટલા હાઉસ'માં સાથે કામ કર્યું હતું.

# રવિનાએ શાહરૂખખાનની ફિલ્મને રિજેક્ટ કરી હતી

## કિંગ ખાનને એક્ટ્રેસનો આ નિર્ણય ઘણો વિચિત્ર લાગ્યો, કહ્યું- શું તું પાગલ છે?

(એજન્સી) મુંબઇ । તા. 11

શાહરૂખ ખાન સાથે સ્ક્રીન શેર કરવી એ દરેક એક્ટ્રેસનું સપનું હોય છે. પરંતુ એક સમયે રવિના ટંડને કિંગ ખાન સાથે કામ કરવાની ના પાડી. આ સાંભળીને શાહરૂખ ચોંકી ગયો. રવિનાએ કહ્યું- શું તું પાગલ છે?

તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન રવિના ટંડને જણાવ્યું કે તેણે શાહરૂખ સાથે કામ કરવાની કેમ ના પાડી? ફિલ્મફેરને આપેલા ઈન્ટરવ્યુમાં અભિનેત્રીએ કહ્યું - મને કોસ્ચ્યુમ પસંદ ન હોવાથી શાહરૂખ ખાન સાથે ફિલ્મ કરવાની ના પાડી હતી.

ફિલ્મનું નામ લીધા વિના રવિના ટંડને કહ્યું- મેં શાહરૂખ ખાન સાથે ફિલ્મ લગભગ સાઈન કરી હતી. પરંતુ જ્યારે કોસ્ચ્યુમ્સની ચર્ચા કરવામાં આવી ત્યારે તેઓ મને ખૂબ જ વિચિત્ર લાગતા હતા. મને એ કોસ્ચ્યુમ પહેરવામાં કમ્ફર્ટેબલ નથી લાગતું. તેથી મેં માફી માંગી અને ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી.

રવિનાએ આગળ કહ્યું- શાહરૂખને મારો આ નિર્ણય ઘણો વિચિત્ર લાગ્યો. તેને નવાઈ લાગી કે કોસ્ચ્યુમના કારણે હું ફિલ્મ કેવી રીતે ના પાડી શકું. તેણે કહ્યું- તમે પાગલ છો, હવે શા માટે ના પાડી રહ્યા છો? મેં કહ્યું- તે કોસ્ચ્યુમ પહેરી નહીં શકું, મને વિચિત્ર લાગશે.

આ પહેલીવાર નથી જ્યારે રવિના ટંડને શાહરૂખ ખાન સાથે કામ કરવાનો ઈનકાર કર્યો હોય. તેને યશ ચોપરાની ફિલ્મ 'ડર' માટે પણ અપ્રોચ કરવામાં આવી હતી. પરંતુ તેણે કેટલાક દ્રશ્યોમાં અસ્વસ્થતા અનુભવી અને ફિલ્મમાં કામ કરવાની ના પાડી. જોકે રવીના ટંડને 1995માં રિલીઝ થયેલી ફિલ્મ 'ઝમાના દિવાના'માં શાહરૂખ સાથે સ્ક્રીન શેર કરી છે.



# કિંગ ખાને વૃદ્ધ વ્યક્તિને ધક્કો માર્યો... : વીડિયો વાઇરલ થતાં ટ્રેન્ડ થયા- 'શેમ ઓન યુ શાહરુખ', સ્વિટ્ઝર્લેન્ડમાં લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલની ઘટના

**બોલિવૂડ બાદશાહ શાહરુખ ખાન તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડમાં આયોજિત 77મા લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બન્યો હતો. અહીં તેમને પાર્ડો અલ્લા કેરિએરા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. જોકે, રેડ કાર્પેટનો એક વીડિયો વાઈરલ થયા બાદ શાહરુખ ખાન વિવાદોમાં ઘેરાયેલો જોવા મળે છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં શાહરુખ ખાન એક વૃદ્ધ વ્યક્તિને રેડ કાર્પેટ પર ધક્કો મારતો જોવા મળે છે. આ વીડિયો સામે આવ્યો ત્યારથી સોશિયલ મીડિયા પર 'શેમ ઓન યુ શાહરુખ' ટ્રેન્ડ કરી રહ્યો છે.**

ફિલ્મ ફેસ્ટિવલમાં બ્લેક સૂટ પહેરીને પહોંચેલા શાહરુખ ખાન પેન્ટના ખિસ્સામાં હાથ નાખીને પોઝ આપી રહ્યો હતો જ્યારે તેણે નજીકમાં ઊભેલા એક વ્યક્તિને તેને ફ્રેમમાં આવતા જોયો. શાહરુખે તે માણસને કેમેરાની ફ્રેમમાંથી હટાવવા માટે તેના હાથ વડે પાછળની તરફ ધક્કો માર્યો. તેણે તે વ્યક્તિને પાછળ ધક્કો મારીને ફરીથી પોઝ આપવાનું શરૂ કર્યું.

શાહરુખ ખાનનો આ વીડિયો X પ્લેટફોર્મ પર વાઈરલ થઈ રહ્યો છે. આ સાથે 'શેમ ઓન યુ શાહરુખ' હેશટેગ સાથે ટ્રોલર્સ શાહરુખ પર એક વૃદ્ધ વ્યક્તિ સાથે ગેરવર્તન કરવાનો આરોપ લગાવી રહ્યા છે. એક યુઝરે વીડિયો શેર કરીને લખ્યું,- તેણે વૃદ્ધને ધક્કો માર્યો, તેને શરમ આવવી જોઈએ. જ્યારે બીજાએ લખ્યું,- હું હંમેશાં જાણતો હતો કે તે એટલો સારો નથી જેટલો તે બનવાનો પ્રયત્ન કરે છે.

મહત્ત્વનું છે કે, શાહરુખ ખાન 10 ઓગસ્ટના રોજ સ્વિટ્ઝર્લેન્ડના લોકાર્નો શહેરમાં પહોંચ્યો હતો. અહીં તે 77મા લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બન્યો હતો જ્યાં તેને પાર્ડો અલ્લા કેરિએરા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો. શાહરુખ ખાનના માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં મજબૂત ફેન ફોલોઈંગ છે. શનિવારે સાંજે લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલ 2024માં તેને પાર્ડો અલ્લા કેરિએરા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. આ ઈવેન્ટના તેના તમામ ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. હિન્દી ભાષામાં વાત કરતાં તેણે ફેન્સના આઈ લવ યુ નો જવાબ આપ્યો હતો.

તેણે મજાકમાં એમ પણ કહ્યું કે તે આ એવોર્ડ ટાઈટલનું નામ બોલી શકશે નહીં કારણ કે તે ખૂબ જ અઘરું છે. તેની 2002ની ફિલ્મ 'દેવદાસ' પણ ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવવામાં આવી હતી. કિંગ ખાન 11 ઓગસ્ટ (આજે) યોજાનારા સેશનમાં ચાહકોના સવાલોના જવાબ આપશે. એવોર્ડ મેળવ્યા બાદ શાહરુખ ખાને ટ્રોફી વિશે કહ્યું, 'તે ખૂબ જ ભારે છે' અને તેને બાજુ પર મૂકી દીધી, જેનાથી લોકો હસી પડ્યા. અભિનેતાએ કહ્યું, 'ખુલ્લા હૃદયથી મારું સ્વાગત કરવા માટે હું તમારા બધાનો આભાર માનવા માગું છું, જે આ ખૂબ જ સુંદર, ખૂબ જ સાંસ્કૃતિક, ખૂબ જ કલાત્મક અને ખૂબ જ હૂંફાળું શહેર લોકાર્નોમાં સ્ક્રીન પર મારા સ્વાગત કરતાં પણ વધુ અદ્ભુત છે.'



### શાહરુખે ફેન્સના 'આઈ લવ યૂ'ની બૂમનો જવાબ આપ્યો

ભાષણ દરમિયાન, પ્રેક્ષકોમાં એક ચાહકે બૂમો પાડી, 'આઈ લવ યૂ'. શાહરુખે કહ્યું, 'હું પણ તમને પ્રેમ કરું છું.' તેણે ભાષણ દરમિયાન કહ્યું 'દિવસ અદ્ભુત હતો, ભોજન અદ્ભુત હતું, મારું ઈટાલિયન સુધરી રહ્યું છે અને મારી રસોઈ પણ સુધરી રહી છે,' પછી તેણે ઈટાલિયન ભાષામાં વાત કરી અને અનુવાદ કર્યો, 'હું પાસ્તા અને પિત્ઝા પણ બનાવી શકું છું.' હું અહીં લોકાર્નોમાં શીખી રહ્યો છું.'

### શાહરુખ સત્રમાં પ્રશ્નોના જવાબ આપશે

કાર્યક્રમ પહેલાં લોકાર્નો ફિલ્મ ફેસ્ટિવલે શાહરુખનું પોસ્ટર રિલીઝ કર્યું હતું. ફેસ્ટિવલના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરવામાં આવેલા પોસ્ટરમાં, શાહરુખ અદભુત બ્લેક બ્લેઝર અને મેચિંગ ટ્રાઉઝરમાં જોવા મળી રહ્યો છે, જે અદભુત લુક આપી રહ્યું છે. શાહરુખને ફેસ્ટિવલના 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યો હતો. ધ હોલિવૂડ રિપોર્ટર અનુસાર, તે 11 ઓગસ્ટના રોજ એક સવાલ-જવાબ સેશનમાં પણ ભાગ લેશે.

### શાહરુખે ભારત વિશે વાત કરી

તેણે આગળ કહ્યું, 'એક નાની જગ્યામાં ઘણા લોકો બેઠા છે અને એટલી ગરમી છે, એવું લાગે છે કે જાણે ભારતમાં ઘરે હોઉં. આથી મને અહીં આમંત્રિત કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર. છેલ્લી બે સાંજ ખૂબ અદ્ભુત રહી. પોતાનું ભાષણ પૂરું કરતાં શાહરુખે હિન્દીમાં કહ્યું, 'હું મારા હૃદયના ઊંડાણથી અને સમગ્ર ભારત વતી તમારો આભાર માનું છું. નમસ્કાર અને આભાર. ભગવાન તમારા સૌનું ભલું કરે' તેની કારકિર્દીને સન્માનિત કરવા માટે, ફેસ્ટિવલમાં સંજય લીલા ભણસાલીની 2002ની ફિલ્મ 'દેવદાસ' દર્શાવવામાં આવી હતી, જેમાં તેણે એક અમીર લો ગ્રેજ્યુએટની ભૂમિકા ભજવી હતી. ફિલ્મમાં ઐશ્વર્યા રાય બચ્ચન અને માધુરી દીક્ષિતે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

# પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય અભિયાનનો અંત

## રેસલિંગમાં રિતિકા ક્વાર્ટર ફાઈનલમાં હારી, અદિતિ-દીક્ષા ગોલ્ફમાં ચોથા રાઉન્ડમાં હાર્યા

(એજન્સી) પેરિસ તા 11

પેરિસ ઓલિમ્પિકના 14માં દિવસે ભારતીય અભિયાનનો અંત આવ્યો છે. ભારતીય રેસલર રિતિકા પેરિસ ઓલિમ્પિક 2024માં મહિલાઓની 76 કિગ્રા રેસલિંગ કેટેગરીની ક્વાર્ટર ફાઈનલમાં હારી ગઈ છે. તેને કિર્ગિસ્તાનના ઈપેરી મેડેટ કાયજીએ 1-1થી પરાજય આપ્યો હતો. કિર્ગિસ્તાનની રેસલર આ મેચ જીત્યા પછી પોઈન્ટ બરાબર હતા કારણ કે તેને છેલ્લો પોઈન્ટ મળ્યો હતો. રિતિકાએ રાઉન્ડ ઓફ 16માં હંગેરીની બર્નાડિટ નાગીને 12-2થી હરાવીને ટોપ-8માં સ્થાન મેળવ્યું હતું. રેસલિંગ ઉપરાંત ભારતીય ગોલ્ફર અદિતિ અશોક અને દીક્ષા ડાગર પણ હારી ગયા છે. એક દિવસ પહેલા અમન સેહરાવતે પુરુષોની 57 કિગ્રામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતે કુલ 6 મેડલ જીત્યા છે. પેરિસ ઓલિમ્પિકની ક્લોઝિંગ સેરેમની પણ 11 ઓગસ્ટે યોજાશે, જેમાં ભારતના ધ્વજવાહક પીઆર શ્રીજેશ અને મનુ ભાકર બનવાના છે. આ વખતે ઓલિમ્પિકમાં ભારત હજુ સુધી ગોલ્ડ મેડલ જીતી શક્યું નથી. ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરા પાસેથી આ વખતે પણ ગોલ્ડની અપેક્ષા હતી, પરંતુ તેણે સિલ્વર મેડલ પણ મેળવ્યો હતો. રોહતકમાં જન્મેલી રિતિકા ભારતીય નેવીની ઓફિસર છે. તે ચીફ પેટી ઓફિસરની પોસ્ટ પર પોસ્ટેડ છે. રિતિકા કુસ્તીમાં મહિલા 76 કિગ્રા કેટેગરીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ મહિલા રેસલર છે.કિર્ગિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયન રેસલર સાથેની કુસ્તીબાજને જીત મળી હતી કારણ કે તેણીએ અંતિમ દાવ લગાવીને પોઈન્ટ મેળવ્યો હતો.



### 2022માં વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં 72 કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળ રહી હતી

રિતિકાની કરિયર બહુ લાંબી નથી, આ ખેલાડી 2022માં વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપમાં 72 કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળ રહી હતી. આ પછી આ ખેલાડીએ 2023માં તિરાનામાં આયોજિત અંડર 23 વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. 2024માં જ રિતિકાએ એશિયન ચેમ્પિયનશિપમાં 72 કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.પેરિસ ઓલિમ્પિકમાં ભારતની ગોલ્ડ મેડલની આખરી આશા પણ ઠગારી નીવડી છે. ભારતની મહિલા કુસ્તીબાજ રિતિકા હુડ્ડા કુસ્તીમાં મહિલા 76 કિગ્રા વર્ગમાં ક્વાર્ટર ફાઈનલમાં હારીને બહાર થઈ ગઈ હતી. રિતિકાની કરિયર બહુ લાંબી નથી.

### અમન સેહરાવતે પ્યુર્ટો રિકોના ખેલાડીને હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો.

ભારતની મેન્સ ટીમ હીટ 2 સ્પર્ધાના રાઉન્ડ 1માં 3:00:58 ના સમય સાથે 5મું સ્થાન મેળવ્યું. અમોલ જેકબ, રાજેશ રમેશ, સંતોષ કુમાર, મુહમ્મદ અજમલ, મુહમ્મદ અનસની બનેલી ભારતીય ટીમ 4X400 મીટર રિલેની ફાઈનલમાં ક્વોલિફાય કરી શકી ન હતી. ભારતીય મહિલા ટીમ 3:32:51ના સમય સાથે 16 ટીમમાં 15મા સ્થાને રહી અને 4X400m રિલેની ફાઈનલમાં ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી. પાંચ વખતની ગ્રેમી વિજેતા ગેબ્રિએલા સરમિએન્ટો વિલ્સન ક્લોઝિંગ સેરેમનીમાં હાજરી આપશે પાંચ વખતની ગ્રેમી વિજેતા અને 'હર' તરીકે જાણીતી ગેબ્રિએલા સરમિએન્ટો વિલ્સન પેરિસ ઓલિમ્પિકના સમાપન સમારોહ દરમિયાન પ્રદર્શન કરતી જોવા મળશે. તે 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક માટે 'હેન્ડઓવર' ના ભાગ રૂપે સ્ટેડ ડી ફ્રાન્સમાં યુએસ રાષ્ટ્રગીત ગાશે. 'હર'એ તેની શાનદાર કારકિર્દી દરમિયાન ઓસ્કાર, એમી અને ગ્રેમી એવોર્ડ જીત્યા છે. 27 વર્ષીય કેલિફોર્નિયાના ગાયકે 'આઈ કાન્ટ બ્રેથ' માટે 2021ના સોંગ ઓફ ધ યરનો ગ્રેમી અવોર્ડ જીત્યો હતો. લોસ એન્જલસ 1984 અને 1932 પછી 2028માં ત્રીજી વખત ઓલિમ્પિકનું આયોજન કરશે. આ શહેર પ્રથમ વખત પેરાલિમ્પિક્સનું આયોજન પણ કરશે.

### ક્વાર્ટર ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરવા છતાં રિતિકાને હારનો સામનો કરવો પડ્યો હતો

પેરિસ ઓલિમ્પિકમાં 76 કિગ્રા વર્ગની કુસ્તીમાં ભારતીય મહિલા કુસ્તીબાજ રિતિકા હૂડાને ક્વાર્ટર ફાઈનલમાં કિર્ગિસ્તાનના કુસ્તીબાજ સામે હારનો આંચકો લાગ્યો હતો. ક્વાર્ટર ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરવા છતાં રિતિકાને હારનો સામનો કરવો પડ્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં ભારતની ગોલ્ડ મેડલની આખરી આશા પણ ઠગારી નીવડી છે. ભારતની મહિલા કુસ્તીબાજ રિતિકા હુડ્ડા કુસ્તીમાં મહિલા 76 કિગ્રા વર્ગમાં ક્વાર્ટર ફાઈનલમાં હારીને બહાર થઈ ગઈ હતી.કિર્ગિસ્તાનની વર્લ્ડ ચેમ્પિયન રેસલર સાથેની રિતિકા હુડ્ડાની કુસ્તી મેચ 1-1થી ડ્રોમાં સમાપ્ત થઈ હતી. મેચ સમાન પોઈન્ટ પર સમાપ્ત થઈ હોવા છતાં કિર્ગિસ્તાનની કુસ્તીબાજને જીત મળી હતી કારણ કે તેણીએ અંતિમ દાવ લગાવીને પોઈન્ટ મેળવ્યો હતો. આ મુકાબલા પહેલા રિતિકાએ હંગેરિયન રેસલરને 12-2થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી હતી. રિતિકાએ પેરિસના અખાડામાં શાનદાર પ્રદર્શન કર્યું અને હંગેરિયન રેસલરને એકતરફી રીતે હરાવી હતી.

## ઈમરાનથી લઈને બાબર સુધી પાક.ને આ એવોર્ડ કોઈને આપ્યો નથી



પાકિસ્તાન તા 11

પાકિસ્તાનનો અરશદ નદીમને એ એવોર્ડથી નવાજવાની જાહેરાત કરી છે. જેને મેળવનાર પહેલો પાકિસ્તાની ખેલાડી હશે. ઈમરાન ખાનથી લઈ બાબર આઝમ સુધી મોટા મોટા ક્રિકેટરને પણ આ એવોર્ડ મળ્યો નથી. પેરિસ ઓલિમ્પિકમાં ઈતિહાસ રચ્યા બાદ અરશદ નદીમ પોતાના વતન પરત ફર્યો છે. પાકિસ્તાનના લાહૌર એરપોર્ટ પર પ્લેનના લેન્ડિંગ સાથે તેનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. પાકિસ્તાન સરકારે અરશદ નદીમના વતન પરત ફરતા પહેલા દેશના સૌથી મોટા એવોર્ડમાંથી એકથી નવાજવાની જાહેરાત કરી છે. અરશદ નદીમને પાકિસ્તાન સરકારે જે સન્માનથી જાહેરાત કરવાની જાહેરાત કરી છે. તે આજ સુધી કોઈ ખેલાડીને મળ્યો નથી. અરશદ નદીમ આ એવોર્ડ મેળવનાર પહેલો ખેલાડી હશે. આ એવોર્ડ પાકિસ્તાન માટે વનડે વર્લ્ડ કપ જીતનાર ઈમરાન ખાન હોય કે પછી ટી20 વર્લ્ડકપ જીતનાર યૂનુસ ખાન હોય આ એવોર્ડ તેમને મળ્યો નથી.

પાકિસ્તાનનો બીજો સૌથી મોટો નાગરિક સન્માન છે હિલાલ એ પાકિસ્તાન, જે અરશદ નદીમને આપવામાં આવશે. જેવલિન માટે ઓલિમ્પિક ચેમ્પિયન બની પાકિસ્તાન પરત ફરેલા અરશદ નદીમને આ બીજો સૌથી મોટો નાગરિક સન્માન મેળવનાર પહેલો ખેલાડી હશે. દેશની જેમ આ સન્માન તેમણે પેરિસ ઓલિમ્પિકમાં કરેલા શાનદાર પ્રદર્શનથી મળ્યું છે.

## જેન્ડર' વિવાદો વચ્ચે ઈમાન ખલીફએ જીત્યો ગોલ્ડ મેડલ

પેરિસ તા 11

અલ્જેરિયાની મહિલા બોક્સર ઈમાન ખલીફ (Imane Khelif) પેરિસ ઓલિમ્પિક 2024માં ગોલ્ડ મેડલ જીત્યો છે. ગયા શુક્રવારે ઈમાન ખલીફાએ મહિલાઓની 66 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ જીત્યો હતો. અલ્જેરિયાની મહિલા બોક્સર લિંગ વિવાદને લઈને ઘણી ચર્ચામાં રહી હતી. ઈમાન ખલીફ પર બાયોલોજિકલ મેલ હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. ઈમાને ચીનની યાંગ લિયુ સામેની ફાઈનલ મેચમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. અલ્જેરિયાની મહિલા બોક્સર ઈમાન ખલીફ (Imane Khelif) પેરિસ ઓલિમ્પિક 2024માં ગોલ્ડ મેડલ જીત્યો છે. ગયા શુક્રવારે ઈમાન ખલીફાએ મહિલાઓની 66 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ જીત્યો હતો. અલ્જેરિયાની મહિલા બોક્સર લિંગ વિવાદને લઈને ઘણી ચર્ચામાં રહી હતી. ઈમાન ખલીફ પર બાયોલોજિકલ મેલ હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. ઈમાને ચીનની યાંગ લિયુ સામેની ફાઈન મેચમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું માનવું હતું કે તે તેમના માનકોમાં ખરી ઉતરી છે, જેના કારણે તેને સ્પર્ધામાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી. ઈમાન આખરે ગોલ્ડ મેડલ જીત્યો. પરંતુ નોંધનીય બાબત એ છે કે અલગ-અલગ મેચોમાં ભાગ લેનાર વિવિધ દેશોની મહિલા બોક્સરોએ ઈમાન વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. ઈમાન ખલીફએ ઈટાલીની બોક્સર એન્જેલા કેરિની સામે 16મા રાઉન્ડની મેચ રમી હતી. ઈટાલિયન બોક્સરે થોડી જ સેકન્ડોમાં ઈમાન ખલીફ સામે ફાઈટ છોડી દીધી હતી અને તે રિંગમાંથી બહાર નીકળી ગઈ હતી. આ પછી ઈમાન ખલીફાએ ફાઈનલ સુધી તેની તમામ મેચો એકતરફી જીતી લીધી હતી.



## દ વિનેશ ફોગાટે જોઈન્ટ સિલ્વર મેડલ વિજેતા જાહેર કરવા અંગે અપીલ કરાઈ

(એજન્સી) પેરિસ તા 11

ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટ સિલ્વર મેડલ મેળવશે કે નહીં તે અંગેનો નિર્ણય ફરી એક વખત મોકૂફ રાખવામાં આવ્યો છે. CAS હવે 11 ઓગસ્ટે આ મામલે પોતાનો ચુકાદો આપશે. મહિલાઓની 50 કિગ્રા વજન વર્ગની ફાઈનલ પહેલા જ ડિસ્કવોલિફાય કરવામાં આવ્યા બાદ વિનેશ ફોગાટે જોઈન્ટ સિલ્વર મેડલ વિજેતા જાહેર કરવા અંગે અપીલ કરી છે. ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગટ સિલ્વર મેડલ મેળવશે કે નહીં તે અંગેનો નિર્ણય ફરી એકવાર મોકૂફ રાખવામાં આવ્યો છે. CAS હવે 11 ઓગસ્ટે આ મામલે પોતાનો ચુકાદો આપશે. પોતાને ગેરલાયક ઠેરવ્યા બાદ, વિનેશ ફોગાટે આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (CAS)માં અપીલ કરી છે જ્યાં સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. હવે આ મામલે નિર્ણય 11 ઓગસ્ટના રોજ સાંજે 6 વાગ્યા સુધીમાં લેવામાં આવી શકે છે. વિનેશ ફોગાટને મહિલાઓની 50 કિગ્રા વજન વર્ગની ફાઈનલ પહેલા જ ડિસ્કવોલિફાય ઠેરવવામાં આવી હતી કારણ કે ગુરુવાર, 7 ઓગસ્ટના રોજ યોજાનારી ફાઈનલની સવારે તેનું વજન નિર્ધારિત મર્યાદા કરતા 100 ગ્રામ વધુ મોદીએ પેરિસમાં હાજર ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા સાથે પણ વાત કરી હતી.



**શું હતો મામલો?** વિનેશ ફોગાટને મહિલાઓની 50 કિગ્રા વજન વર્ગની ફાઈનલ પહેલા જ ડિસ્કવોલિફાય ઠેરવવામાં આવી હતી કારણ કે ગુરુવાર, 7 ઓગસ્ટના રોજ યોજાનારી ફાઈનલની સવારે તેનું વજન નિર્ધારિત મર્યાદા કરતા 100 ગ્રામ વધુ હોવાનું જણાયું હતું. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) ના નિયમો અનુસાર, ઓલિમ્પિકમાં કુસ્તીનું સંચાલન કરતી સંસ્થા કોઈપણ કુસ્તીબાજનું વજન વધારે હોય તેને સમગ્ર ટુર્નામેન્ટમાંથી અયોગ્ય ઠેરવવામાં આવે છે અને જો તે મેડલ જીતવાની સ્થિતિમાં હોય તો પણ તેને મેડલ મળતો નથી.

### ડિસ્કવોલિફાય થયા પછી લીધી નિવૃત્તિ

આ અપીલ પછી બીજા જ દિવસે 29 વર્ષની વિનેશે કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે હવે તેનામાં આગળ લડવાની તાકાત નથી. આ સ્થિતિમાં મેડલ ચૂકી જતાં સમગ્ર દેશમાં નિરાશા, ઉદાસી અને ગુસ્સાનું વાતાવરણ સર્જાયું હતું. સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો અને વિપક્ષે સરકાર પાસે હસ્તક્ષેપની માંગ કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પેરિસમાં હાજર ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા સાથે પણ વાત કરી હતી. પીએમ મોદીએ તેમની પાસે આ મામલાની સંપૂર્ણ માહિતી માંગી અને તમામ શક્ય મદદ આપવા કહ્યું.

**વિનેશની અપીલ :** વિનેશ સાથે પણ એવું જ થયું અને 100 ગ્રામ વધારે વજન હોવાને કારણે તેને બહાર ફેંકી દેવામાં આવી. આ કારણે, વિનેશ ફાઈનલમાં પહોંચે તો તેને જે સિલ્વર મેડલ મળવાનો હતો તે પણ તેની પાસેથી છીનવી લેવામાં આવ્યો અને તે તમામ કુસ્તીબાજોમાં સૌથી છેલ્લા સ્થાને રહી. આ પછી વિનેશે 7 ઓગસ્ટની સાંજે CASમાં એક અપીલ દાખલ કરી, જેમાં સૌથી પહેલા ફાઈનલ રોકવા અને તેને બીજી તક આપવાની માંગ કરવામાં આવી. CAS એ તરત જ તેને નકારી કાઢ્યું અને કહ્યું કે તેઓ ફાઈનલને રોકી શકે નહીં. આ પછી, વિનેશની અપીલમાં ફેરફાર કરવામાં આવ્યો અને સંયુક્ત રીતે સિલ્વર મેડલ આપવાની માંગ કરવામાં આવી.

## નીરજ ચોપરાએ વિનેશ ફોગાટ પર કહી મોટી વાત

(એજન્સી) પેરિસ તા 11

પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે સિલ્વર મેડલ જીતનાર નીરજ ચોપરાએ વિનેશ ફોગાટ પર મોટું નિવેદન આપ્યું છે. નીરજ ઈચ્છે છે કે વિનેશ ફોગટને મેડલ મળ્યો હોત તો સારું થાત અને તેણે આ માટે ખાસ કારણ આપ્યું છે. પેરિસ ઓલિમ્પિકમાં ભાલા ફેંકમાં ભારત માટે સિલ્વર મેડલ જીતનાર નીરજ ચોપરા ખૂબ જ નિરાશ છે. આ નિરાશા તેના પોતાના પ્રદર્શન માટે નથી પરંતુ વિનેશ ફોગાટ માટે છે, જેને ગોલ્ડ મેડલ મેચ પહેલા પેરિસ ઓલિમ્પિકમાંથી ગેરલાયક ઠેરવવામાં આવી હતી. નીરજ ચોપરાએ કહ્યું કે તેઓ ઈચ્છે છે કે વિનેશ ફોગટ મેડલ મેળવે. કારણ કે લોકો તમારા ગમે તેટલા વખાણ કરે પણ, જો તમારી પાસે મેડલ ન હોય તો લોકો તમને ભૂલી જાય છે. નીરજ ચોપરાએ પેરિસમાં મીડિયા સાથે વાત કરતા બધાની સામે પોતાની દિલની લાગણી વ્યક્ત કરી. વિનેશના સમર્થનમાં નીરજે શું કહ્યું? નીરજ ચોપરાએ કહ્યું, 'આપણે બધા જાણીએ છીએ કે જો મને મેડલ મળે તો તે શાનદાર રહેશે. જો મેડલ રહેતો નથી, તો ગળાની આસપાસ એક શૂન્યતા છે. જો તમને મેડલ ન મળે તો લોકો તેને થોડા દિવસ યાદ રાખે છે. લોકો તમને કહેશે કે તમે અમારા ચેમ્પિયન છો, પરંતુ એ સાચું છે કે જ્યાં સુધી તમે પોડિયમ પર ન હોવ ત્યાં સુધી લોકો તમને ભૂલી જાય છે. વિનેશે આપણા દેશ માટે જે કર્યું છે તે લોકોએ ભૂલવું ન જોઈએ. શ્રીજેશે પણ વિનેશને સમર્થન આપ્યું હોકી ટીમ માટે બ્રોન્ઝ મેડલ જીતનાર ગોલકીપર શ્રીજેશે પણ વિનેશ ફોગાટને સપોર્ટ કર્યો હતો. તેણે કહ્યું, 'વિનેશે દેશ માટે જે કર્યું તે મોટી વાત છે. છેલ્લા એક વર્ષમાં તેને ઘણો સામનો કરવો પડ્યો છે. અદ્ભુત ખેલદિલી બતાવીને તેણે પેરિસ ઓલિમ્પિકની ફાઈનલમાં જગ્યા બનાવી. અમને બધાને ખૂબ જ આશ્ચર્ય થયું કે ફાઈનલમાં પહોંચવા છતાં તેને મેડલ નહીં મળ્યો. અમે બધા તેની સાથે ઉભા છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે તે સિલ્વર મેડલ જીતે.



## ઓલિમ્પિક મેડલ જીતનાર ભારતીય હોકી ટીમનું અપમાન!

(એજન્સી) પેરિસ તા 11

સોશિયલ મીડિયા પર ફેન્સ ભડક્યાપેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતીને ભારતીય હોકી ટીમ સ્વદેશ પરત ફરી છે. દિલ્હીમાં ટીમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંતુ સોશિયલ મીડિયા પર એક અલગ જ ચર્ચા છેડાઈ ગઈ છે અને ચાહકો ભારતીય હોકી ટીમનું દેશમાં આગમન બાદ અપમાન થયું હોવાનો આરોપ લગાવી રહ્યા છે. ભારતીય હોકી ટીમે તાજેતરમાં પેરિસ ઓલિમ્પિકમાં દેશ માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતે બ્રોન્ઝ મેડલ મેચમાં સ્પેનને 2-1થી હરાવ્યું હતું. આ ઐતિહાસિક જીત બાદ ભારતીય ટીમના કેટલાક ખેલાડીઓ ભારત પરત ફર્યા છે. દિલ્હી એરપોર્ટ પર ઢોલ-નગારા સાથે ભારતીય ખેલાડીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંતુ આ બધા વચ્ચે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. કેટલાક ચાહકોને લાગે છે કે સ્વદેશ પરત ફર્યા બાદ ભારતીય હોકી ટીમના ખેલાડીઓનું અપમાન થયું છે. ફેન્સે તેની પાછળનું કારણ પણ જણાવ્યું છે.



**ક્રિકેટ સાથે હોકીની સરખામણી :** ભારતીય ખેલાડીઓની રાહ જોઈને સવારથી જ એરપોર્ટની બહાર ચાહકો એકઠા થઈ ગયા હતા. ખેલાડીઓ પરત આવતા જ ઢોલ-નગારા સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંતુ T20 વર્લ્ડ કપ જીતીને ભારત પરત ફરેલી ટીમ ઈન્ડિયા કરતા આ ભીડ ઘણી ઓછી હતી. એમાં કોઈ શંકા નથી કે ક્રિકેટ દેશની સૌથી લોકપ્રિય રમત છે, અને જ્યારે ક્રિકેટની સરખામણી અન્ય રમતો સાથે કરવામાં આવે છે, ત્યારે ઘણો તફાવત જોવા મળે છે. આ વખતે પણ કંઈક આવું જ જોવા મળ્યું.

**ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમનો દબદબો :** ઓલિમ્પિકના ઈતિહાસમાં હોકીમાં ભારત સૌથી સફળ દેશ છે. ભારતે 8 ગોલ્ડ મેડલ, 1 સિલ્વર મેડલ અને 4 બ્રોન્ઝ મેડલ સહિત કુલ 13 મેડલ જીત્યા છે. ભારત 1928 ઓલિમ્પિકથી હોકીમાં ભાગ લઈ રહ્યું છે. આ સમયગાળા દરમિયાન ભારતીય હોકી ટીમે તેની પ્રથમ 6 ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ભારત સિવાય માત્ર ઓસ્ટ્રેલિયા જ હોકીમાં 10 મેડલ જીતવાની સિદ્ધિ હાંસલ કરી શક્યું છે. પરંતુ તેમના નામે માત્ર 1 ગોલ્ડ મેડલ છે. નેધરલેન્ડ અને ગ્રેટ બ્રિટને અત્યાર સુધીમાં 9 ઓલિમ્પિક મેડલ જીત્યા છે. જ્યારે પાકિસ્તાનના નામે હોકીમાં 8 મેડલ છે.

## ક્રિકેટ છોડીને બેઝબોલ રમવા લાગ્યો? અલગ જર્સીમાં દેખાયો ખેલાડી!

(એજન્સી)ન્યૂયોર્ક તા 11

સૂર્યકુમાર યાદવ આ દિવસોમાં ક્રિકેટમાંથી બ્રેક પર છે સૂર્યા ન્યૂયોર્કના યાન્કી સ્ટેડિયમમાં પહોંચ્યો હતો સૂર્યકુમાર યાદવનો નવો વીડિયો સામે આવ્યો ટીમ ઈન્ડિયાના વિસ્ફોટક બેટ્સમેન સૂર્યકુમાર યાદવ આ દિવસોમાં ક્રિકેટમાંથી બ્રેક પર છે. સૂર્યા છેલ્લે શ્રીલંકા પ્રવાસ પર T20 સિરીઝમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરતો જોવા મળ્યો હતો. હાલમાં જ એવા સમાચાર આવ્યા હતા કે સૂર્યા હવે બૂચી બાબુ ટૂર્નામેન્ટમાં મુંબઈ તરફથી રમતા જોવા મળશે. આ રેડ બોલ ટૂર્નામેન્ટમાં રમીને સૂર્યાને ટેસ્ટ ટીમમાં જગ્યા બનાવવાની તક મળી શકે છે. હવે સૂર્યકુમાર યાદવની નવી તસવીરો અને વીડિયો સામે આવ્યા છે જે ચાહકોનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યા છે. સૂર્યા નવી જર્સી સાથે જોવા મળ્યો વાસ્તવમાં સૂર્યકુમાર યાદવ આ દિવસોમાં ન્યૂયોર્કમાં રજાઓ માણી રહ્યા છે. જ્યાં ગઈકાલે સૂર્યા ન્યૂયોર્કના યાન્કી સ્ટેડિયમમાં પહોંચી ગયો હતો. આ સમય દરમિયાન સૂર્યને મેજર લીગ બેઝબોલના ન્યૂયોર્ક યાન્કીઝ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સૂર્યકુમારનું અહીં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સૂર્યને તે નંબરની યાન્કીઝ પિનસ્ટ્રાઈપ જર્સી આપવામાં આવી હતી જે તેનો ક્રિકેટ જર્સી નંબર છે. સૂર્યકુમાર યાદવની આ લેટેસ્ટ તસવીરો અને વીડિયો હવે સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. તાજેતરમાં જ ટીમ ઈન્ડિયા શ્રીલંકાની મુલાકાતે ગઈ હતી. આ પ્રવાસમાં બંને ટીમો વચ્ચે T20 અને ODI સિરીઝ રમાઈ હતી. જ્યાં સૂર્યકુમાર યાદવને ટી20 સીરીઝ માટે ટીમ ઈન્ડિયાનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. જો કે, ચાહકોએ આના પર ઘણા પ્રશ્નો પણ ઉઠાવ્યા હતા, કારણ કે ટીમમાં હાર્દિક પંડ્યા પણ હાજર હતો અને તેને ટી20 વર્લ્ડ કપ 2024 દરમિયાન ટીમ ઈન્ડિયાનો વાઈસ કેપ્ટન પણ બનાવવામાં આવ્યો હતો.



## કિરન પોલાર્ડે રાશિદ ખાનની કરી ધોલાઈ

ઈંગ્લેન્ડ તા 11

કિરન પોલાર્ડે એક ઓવરમાં ફટકારી સતત 5 સિક્સર ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી ધ હન્ડ્રેડ ટૂર્નામેન્ટમાં કર્યું કારનામું વિશ્વના શ્રેષ્ઠ સ્પિનર રાશિદ ખાનની ઓવરમાં કરી ધોલાઈ સિંહ ભલે ગમે તેટલો વૃદ્ધ થઈ જાય તો પણ તે ક્યારેય શિકાર કરવાનું ભૂલતો નથી. આ કહેવત વેસ્ટ ઈન્ડિઝના ઓલરાઉન્ડર કિરોન પોલાર્ડ સાથે એકદમ બંધબેસે છે. વર્ષ 2022માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહ્યા બાદ પોલાર્ડ વિશ્વભરની લીગમાં પોતાની રમત ફેલાવી રહ્યો છે. હાલમાં, તે ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી ધ હન્ડ્રેડ મેન્સ કોમ્પિટિશન 2024માં સધર્ન બ્રેવ ટીમનો ભાગ છે. પોલાર્ડે રાશિદ ખાનની કરી ધોલાઈ આ ટુર્નામેન્ટમાં, સધર્ન બ્રેવની 7મી મેચ 10મી ઓગસ્ટના રોજ ટ્રેન્ટ રોકેટ્સ સામે હતી જેમાં 37 વર્ષીય કિરોન પોલાર્ડે બેટથી તબાહી મચાવી હતી. પોલાર્ડે માત્ર 23 બોલમાં 2 ફોર અને 5 સિક્સરની મદદથી 45 રન બનાવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે પોલાર્ડના બેટમાંથી કુલ 5 સિક્સર માત્ર એક ઓવરમાં સતત 5 બોલ પર આવી હતી. પોલાર્ડના બેટમાંથી એક પછી એક સળંગ પાંચ સિક્સર રાશિદ ખાનની ઓવરમાં ફટકારી હતી. હવે પોલાર્ડના સતત 5 સિક્સરનો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે.



## ફ્રાન્સને 5-3થી હરાવીને સ્પેને 32 વર્ષ બાદ મેન્સ ફૂટબોલનો ગોલ્ડ

પેરિસ તા 11

ફ્રાન્સે છેલ્લે 1984ની લોસ એન્જલસ ઓલિમ્પિકમાં છેલ્લે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો પેરિસ ઓલિમ્પિકમાં સ્પેને યજમાન ફ્રાન્સને 5-3થી હરાવીને નવો ઈતિહાસ રચ્યો હતો. સ્પેને 32 વર્ષ બાદ ઓલિમ્પિક મેન્સ ફૂટબોલ ફાઈનલમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. સ્પેન ટોક્યો ઓલિમ્પિક 2021ની ફાઈનલમાં બ્રાઝિલ સામે હારી ગયું હતું. ફ્રાન્સે એક સમયે 3-1થી પાછળ રહ્યા બાદ જિન ફિલિપ માટેતાએ એક્સ્ટ્રા ટાઈમની ત્રીજી મિનિટે પેનલ્ટી સ્પોટ દ્વારા ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો. સર્જિયો કેમેલોએ એક્સ્ટ્રા ટાઈમમાં બે ગોલ કરીને સ્પેનનો ગોલ્ડ મેડલ નિશ્ચિત કર્યો હતો. સ્પેને 1992ની બાર્સેલોના ઓલિમ્પિકમાં છેલ્લી મેન્સ ફૂટબોલનો ગોલ્ડ જીત્યો હતો. સ્પેનના ફર્મિન લોપેજે 18મી અને 25મી મિનિટે ગોલ કર્યા હતા. એલેક્સ બાઈનાએ 28મી મિનિટે ફ્રી કિકને ગોલમાં ફેરવી હતી. સ્પેને તાજેતરમાં યુરોપિયન ફૂટબોલ ચેમ્પિયનશિપ પણ જીતી હતી. યજમાન તરીકે ફ્રાન્સને બીજી વખત સિલ્વર મેડલ મળ્યો છે. અગાઉ 1,900ની પેરિસ ગેમ્સમાં પણ ફ્રાન્સને સિલ્વર મળ્યો હતો. ફ્રાન્સે છેલ્લે 1984ની લોસ એન્જલસ ઓલિમ્પિકમાં છેલ્લે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.



## સંક્ષિપ્ત સમાચાર

### હિંદુઓ સહિત લઘુમતીઓ પર 205 હુમલા, પત્ર લખીને કરી સુરક્ષાની માંગ

મોહમ્મદ યુનુસને પત્ર લખીને સુરક્ષાની પણ માંગણી કરી હતી બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર પડી ત્યારથી હિન્દુઓ સહિત લઘુમતી સમુદાયોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બે હિન્દુ સંગઠનોએ વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસને પત્ર લખ્યો છે અને કહ્યું છે કે લઘુમતીઓએ 52 જિલ્લામાં ઓછામાં ઓછા 205 હુમલાઓનો સામનો કરવો પડ્યો છે. બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદ અને બાંગ્લાદેશ પૂજા ઉદ્જાપન પરિષદે 84 વર્ષીય નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસને લખેલા ખુલ્લા પત્રમાં લઘુમતીઓ પર હુમલાના આંકડા રજૂ કર્યા છે અને રક્ષણની માંગણી કરી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ એકતા પરિષદના ત્રણ પ્રમુખોમાંથી એક નિર્મલ રોઝારિયોસે કહ્યું કે અમને સુરક્ષા જોઈએ છે કારણ કે અમારું જીવન ખૂબ જ ખરાબ સ્થિતિમાં છે. અમે અમારા ઘરો અને મંદિરોની રક્ષા માટે રાત્રે જાગીએ છીએ. મેં મારા જીવનમાં આવું ક્યારેય જોયું નથી. સૌહાર્દ પુનઃસ્થાપિત કરે. રોઝારિયોસે કહ્યું કે પરિસ્થિતિ વણસી રહી છે. તેમણે યુનુસને આ સંકટને ટોચની પ્રાથમિકતા પર ઉકેલવા અને હિંસાનો અંત લાવવા વિનંતી કરી. આ પત્ર પર બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદના મહાસચિવ રાણા દાસગુપ્તા અને બાંગ્લાદેશ પૂજા ઉજાપન પરિષદના પ્રમુખ બાસુદેવ ધરના હસ્તાક્ષર છે.

### સાઉથ કોરિયા પર આ દેશે કચરા ભરેલા ફુગ્ગા છોડયા

સાઉથ કોરિયાની સેનાએ જણાવ્યું કે નોર્થ કોરિયા ફરીથી દક્ષિણ તરફથી કચરો લઈ જવા બલૂન ઉડાવી રહ્યા છે. આ કારણથી બંને દેશમાં તણાવ વધતા જઈ રહ્યો છે. સ્થિતિ મનોવૈજ્ઞાનિક યુદ્ધ અભિયાનને વધતી જોવા મળી રહી છે. દક્ષિણ કોરિયાએ શનિવારે કહ્યું કે ફુગ્ગા દક્ષિણ કોરિયાની રાજધાની સિયોના ઉત્તરમાંથી આવી રહ્યા છે. સિઓલ સિટી હોલ અને ગ્યોન્ગી સરકારે નાગરિકોને આકાશમાંથી પડતી વસ્તુઓથી સાવચેત રહેવા જણાવ્યું છે. સરકારે એક ટેક્સ્ટ એલર્ટ પણ જારી કર્યું છે જેમાં લોકોને વિનંતી કરવામાં આવી છે કે કોઈ પણ બલૂન જોતા હોય તો સેના અથવા પોલીસને જાણ કરો. જો કે હજુ સુધી કોઈને ઈજા થઈ હોવાના કે જાનમાલને નુકસાન થયાના કોઈ સમાચાર કે અહેવાલ સામે આવ્યા નથી.તાજેતરના અઠવાડિયામાં, ઉત્તર કોરિયાએ દક્ષિણ તરફ 2,000થી વધુ બલૂન છોડ્યા છે. આ ફુગ્ગાઓમાં નકામા કાગળ, કાપડના ટુકડા અને સિગારેટના બટ્સ હોય છે. ઉત્તર કોરિયાએ તેને દક્ષિણ કોરિયાના નાગરિકો અને કાર્યકર્તાઓ સામે બદલો તરીકે વર્ણવ્યું છે જેમણે સરહદ પાર કરી રહ્યું છે. ઉત્તર કોરિયાએ છેલ્લે 24 જુલાઈએ દક્ષિણ તરફ ફુગ્ગા છોડ્યા હતા. ત્યારબાદ, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિના કમ્પાઉન્ડ પર કચરો પડ્યો હતો. ઉત્તર કોરિયાનું આ બલૂન દક્ષિણ કોરિયાની મુખ્ય સુવિધાઓ અને હવાઈ સંરક્ષણ રેખાઓને તોડીને શહેરમાં પ્રવેશ્યું હતું.

### વિશ્વના ધનિક વ્યકિતની માતાની સ્થિતિ જોઈ તમે પણ ફિટકાર વરસાવસો

વિશ્વના સૌથી ધનિક વ્યકિત હોવા છતાં એલન મસ્કને સાદગીમાં રહેવાનું પસંદ છે. તેઓ ટેક્નોલૉજી અને સ્પેસ રિસર્ચમાં રસ રાખે છે. તેઓના ખાનગી જીવન અંગે ખૂબ ઓછા જાણકારી લોકો પાસે છે. કદાચ કોઈને ખબર હશે કે જ્યારે તેના પરિવાર વાળઆ તેને મળવા આવે તે તેઓ કઈ રીતે રાખે છે. એલન મસ્કની માતા માએ માસ્કે એકવાર ખુલાસો કર્યો હતો. માએ માસ્ક એક સુપરમોડલ અને ડાયટિશિયન છે. તેઓએ કહ્યું કે તેઓનો દીકરાની સંપત્તિનો અર્થ એ નથી કે મહેમાનોને પણ આલીશાન રહેવા-ખાવા-પીવા મળે. વધુમાં એલન મસ્કની માતાએ જણાવ્યું કે, મારે ગેરેજમાં સૂવું પડે છે. તમારી પાસે રોકેટ સાઈટની પાસે એક શાનદાર ઘર નથી હોતું. જૂના દિવસો યાદ કરતા મસ્કની માતાએ કહ્યું કે ટ્રોકા અને હું એક દિવસ મજાક કરી રહ્યા હતા. કે કઈ રીતે અમે બધા એક વર્ષ સુધી એક બેડરૂમ વાળા એપાર્ટમેન્ટમાં રહેતા હતા. મેએ એલોન મસ્ક સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં, તેણે એલન મસ્ક સાથે રહેવાનો અનુભવ શેર કર્યો.

### ઈઝરાયલને પડયો કંઈક આવો ફટકો, હિઝબુલ્લાએ આ સિસ્ટમ નાશ કરી

ઈઝરાયલની ઘણી આયરન ડોમ મિસાઈલ સિસ્ટમ હિઝબુલ્લાએ નષ્ટ કરી હમાસ અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા 10 મહિનાથી ભીષણ યુદ્ધ યથાવત્ત વે ઈઝરાયલ, હિઝબુલ્લા, હમાસ અને ઈરાન વચ્ચે સ્થિતિ તંગ મિડલ ઈસ્ટમાં હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ સ્થિતિ તંગ છે. જેથી ઈરાન, હમાસ અને હિઝબુલ્લા વચ્ચે ગમે તે સમયે યુદ્ધ ફાટી નીકળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ દરમિયાન ઈઝરાયલ સાથે બદલો લેવા હિઝબુલ્લાએ પણ નવી રીત શોધી કાઢી છે. શનિવારે હિઝબુલ્લાના લડવૈયાઓએ દક્ષિણી લેબેનોનના ટાઉન અને ગામડાઓ પર હુમલાનો બદલો લીધો છે. હુમલા બાદ હિઝબુલ્લાનું નિવેદન આવ્યું

જુદાજુદા સૈન્ય ઠેકાણાઓને ટાર્ગેટ બનાવતા ઈઝરાલના કબ્જો ધરાવતા વિસ્તાર એવા ઉત્તરમાં ઘણા ઓપરેશન પાર પાડયા. મળતી માહિતી પ્રમાણે હિઝબુલ્લાએ આ હુમલામાં ઈઝરાયલના ઘણા આયરન ડોમ મિસાઈલ સિસ્ટમ નષ્ટ કરી નાખી છે.

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે સ્થિત છે. કોઈપણ ટાપુ આ સ્થળથી અંદાજે 2688 કિલોમીટર દૂર છે.

# અવકાશમાં 300 ટુકડામાં તુટ્યું આ ચાઇનીઝ રોકેટ



યુએસ તા 11

યુએસ સ્પેસ કમાન્ડે જણાવ્યું કે ચીનના લોંગ માર્ચ 6A રોકેટે 18 કિયાનફાન ઉપગ્રહોને સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે. પરંતુ આ પછી તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં ઘણા ટુકડાઓમાં તૂટી પડ્યું હતું. આ તમામ 18 ઉપગ્રહો એલોન મસ્કના સ્ટારલિંકનું ચીનનું પોતાનું સંસ્કરણ સ્થાપિત કરવાના હતા. તે Qianfan બ્રોડબેન્ડ નેટવર્ક તરીકે ઓળખાય છે. આ કિસ્સામાં, આપણે જાણીશું કે પૃથ્વી પર રોકેટનો કાટમાળ ક્યાં રાખવામાં આવ્યો છે. ચાઈનીઝ ઈન્ટરનેટ મેગા કોન્સ્ટેલેશન તેના પ્રથમ લોન્ચ પછી જ અવકાશમાં ક્રેશ થઈ ગયું. મંગળવારે, ચાઈનીઝ લોંગ માર્ચ 6A રોકેટે બ્રોડબેન્ડ નેટવર્ક માટે 18 ઉપગ્રહો લોન્ચ કર્યા. તે 14,000 અવકાશયાનને હોસ્ટ કરશે. રોકેટે સફળતાપૂર્વક ઉપગ્રહોને 800 કિલોમીટરની ઉંચાઈએ પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચાડ્યા. જો કે, થોડા સમય પછી એક મોટો વિસ્ફોટ થયો અને તેનું ઉપરનું સ્ટેજ તૂટી ગયું. આ પછી, વિસ્ફોટથી છૂટેલા કાટમાળમાંથી વાદળ બની ગયું હતું. એ જ વાદળ હવે પૃથ્વીની આસપાસ ફરે છે.

#### પૃથ્વી પર કચરો ક્યા સંગ્રહિત કરાય છે

સેટેલાઇટના કાટમાળને રાખવા માટે ખાસ જગ્યા બનાવવામાં આવી છે. તેને 'પોઈન્ટ નેમો' કહેવામાં આવે છે. આ માનવ વસાહતો ખૂબ દૂર છે. માનવી માટે આ સ્થળે પહોંચવું લગભગ અશક્ય છે. તેને મહાસાગરનું કેન્દ્ર પણ કહેવામાં આવે છે. નેમો એ લેટિન શબ્દ છે. તેનો અર્થ 'જ્યાં કોઈ રહેતું નથી.' તમને જણાવી દઈએ કે, આ જગ્યા દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે સ્થિત છે. કોઈપણ ટાપુ આ સ્થળથી અંદાજે 2688 કિલોમીટર દૂર છે. આ જગ્યાને દુનિયાની સૌથી નિર્જન જગ્યા માનવામાં આવે છે. હાલમાં અહીં સોથી વધુ સેટેલાઈટનો કાટમાળ એકઠો કરવામાં આવ્યો છે.

#### પૃથ્વીની ચારે બાજુ કાટમાળ

આ કાટમાળથી એક વાદળ રચાયું છે. આ કાટમાળને પૃથ્વીની આસપાસ પણ ટ્રેક કરી શકાય છે. USSpacecom એ કહ્યું કે હાલમાં આ ઘટનાથી કોઈ ખતરો નથી. સ્પેસ સેક્ટર પર તેની સુરક્ષા માટે નિયમિતપણે નજર રાખવામાં આવી રહી છે. આવું પહેલીવાર નથી બન્યું. આ પહેલા પણ ઘણી વખત આવું બન્યું છે. જો રોકેટ વિસ્ફોટ થાય છે, તો કાટમાળ અવકાશમાં ફરતો રહે છે.

**માર્ચ 6A રોકેટે 18 કિયાનફાન ઉપગ્રહોને સફળતાપૂર્વક લોન્ચ કર્યા :** પરંતુ જો આ રોકેટ પૃથ્વી પર વિસ્ફોટ થાય તો તેને માનવ વસવાટથી દૂર રાખવામાં આવે છે. યુએસ સ્પેસ કમાન્ડે જણાવ્યું કે ચીનના લોંગ માર્ચ 6A રોકેટે 18 કિયાનફાન ઉપગ્રહોને સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે. પરંતુ આ પછી તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં ઘણા ટુકડાઓમાં તૂટી પડ્યું. આ તમામ 18 ઉપગ્રહો એલોન મસ્કના સ્ટારલિંકનું ચીનનું પોતાનું સંસ્કરણ સ્થાપિત કરવાના હતા. તે Qianfan બ્રોડબેન્ડ નેટવર્ક તરીકે ઓળખાય છે. આ ઉપગ્રહોને તાઈવાન સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. જોકે, તેના થોડા સમય બાદ રોકેટ વિસ્ફોટ થયો અને કાટમાળ ફેલાઈ ગયો.

## બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે ગુજરાતના વેપારીઓને મોટો આંચકો, ફસાયા 12,00,00,00,000 રૂપિયા

(એજન્સી) બાંગ્લાદેશ તા 11

બાંગ્લાદેશે ગુજરાતના વેપારીઓ પાસેથી 1200 રૂપિયાનો માલ લીધો હતો, પરંતુ હજુ સુધી તે વેપારીઓને પૈસા આપ્યા નથી. આ ઘટના બાદ ગુજરાતના વેપારીઓમાં ભયનો માહોલ છે. બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે ગુજરાતના વેપારીઓને મોટો આંચકો, ફસાયા 12,00,00,00,000 રૂપિયા, જાણો કારણ છેલ્લા લાંબા સમયથી બાંગ્લાદેશમાં ચાલી રહેલા હિંસક પ્રવુતિઓને કારણે ગુજરાતના ઉદ્યોગ પર મોટી અને સીધી અસર થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ વિરોધના કારણે બાંગ્લાદેશમાં ગુજરાતી વેપારીઓના લગભગ 1200 કરોડ રૂપિયા ફસાયા છે. બાંગલાદેશમાં જે પ્રદર્શન થઈ રહ્યું છે, આ પ્રદર્શન દરમિયાન બંને દેશો વચ્ચેનો વેપાર ઠપ્પ થઈ ગયો છે. આ સમગ્ર સ્થિતિ વચ્ચે હવે માહિતી એવી સામે આવી છે કે ગુજરાતના વેપારીઓના કરોડો રૂપિયા બાંગલાદેશમાં ફસાયા છે. મહત્વનું છે કે, રિએક્ટિવ ડાઈઝ, હેન્ડલૂમ પ્રોડક્ટ્સ, કેમિકલ્સ, પિગમેન્ટ પેસ્ટ, દવાઓ, API અને ટાઈલ્સનો વેપાર



ગુજરાતથી બાંગ્લાદેશમાં થાય છે. ત્યારે શેખ હસીનાના રાજીનામાં બાદ કેટલી બેંકોને લઈને પણ લોકોની ચિંતામાં વધારો થયો છે. એક મીડિયા અહેવાલ મુજબ વાત કરવામાં આવે તો, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જણાવ્યા મુજબ ગયા વર્ષે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે 14 અબજ ડોલરનો વેપાર થયો હતો. જેમાં ભારત દ્વારા 12.2 અબજ ડોલરની નિકાસ કરવામાં આવી હતી. 1.8 અબજ ડોલરની આયાત થઈ હતી. પરંતુ આ વર્ષે બાંગ્લાદેશમાં ચાલી રહેલી અશાંતિએ હવે તેને ગ્રહણ લગાડ્યુ છે. ઢાકાથી સલીમ રજાએ માહિતી આપી હતી કે બાંગ્લાદેશ અને ભારત વચ્ચેનો વેપાર થોડા દિવસોના સસ્પેન્શન બાદ ફરી શરૂ થયો છે. પશ્ચિમ બંગાળના પેટ્રાપોલ અને બાંગ્લાદેશના બેનાપોલના લેન્ડ પોર્ટ દ્વારા કડક સુરક્ષા વચ્ચે શનિવારે (10 ઓગસ્ટ) સવારે વ્યવહાર શરૂ થયો હતો. બાંગ્લાદેશ દક્ષિણ એશિયામાં ભારત એશિયામાં બાંગ્લાદેશનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. બાંગ્લાદેશમાં ભારતની નિકાસ 2022-23માં 12.21 અબજ ડોલર હતી. નાણાકીય વર્ષ 2023-24માં તે ઘટીને $11 બિલિયન થઈ ગયું છે. બાંગ્લાદેશમાં ભારતની મુખ્ય નિકાસ શાકભાજી, કોફી, ચા, મસાલા, ખાંડ, કન્ફેક્શનરી, રિફાઈન્ડ પેટ્રોલિયમ, રસાયણો, કપાસ, લોખંડ, સ્ટીલ અને વાહનો છે. તેનાથી વિપરીત, ભારતમાં બાંગ્લાદેશની નિકાસ કેટલીક શ્રેણીઓમાં કેન્દ્રિત છે, જેમાં 56 ટકા શિપમેન્ટ ટેક્સટાઈલ અને એપેરલ પ્રોડક્ટ્સ છે.

## આ દેશમાં જાહેરમાં ભાંગ કોણ ઉગાડી રહ્યું છે

યુક્રેન તા 11

યુકેમાં જાહેર ઈમારતો, દુકાનો, બિસ્માર રસ્તાઓ પર ભાંગનું વાવેતર થઈ રહ્યું છે ગુનેગારોએ ભાંગ વાવીને મોટો નફો રળી રહ્યા છે પોલીસને ભાંગના છોડ અને આરોપીઓને પકડવા ભારે જહેમત ઉઠાવવાનો વારો આવ્યો યુકેમાં ખાલી રસ્તાઓ પર મોટાપાયે ગાંજો ઉગાડવામાં આવી રહ્યો છે. પોલીસે એક રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, સંગઠિત ગુનેગારોના એક જૂથે કમાણી માટે મોટાપાયા પર ભાંગનું ઉત્પાદન કરી રહ્યા છે. જે અંગે ખાલી માર્ગો, દુકાનો અને પબની મદદ લેવામાં આવી રહી છે. પોલીસે ગત વર્ષે સ્કોટલેન્ડના આયરમાં એક રમકડાની દુકાનમાં એક પૂર્વ બેંક અને ડઝન સ્થળે દરોડા પાડયા હતા. નેશનલ પોલીસ કાઉન્સીલ અનુસાર ખાલી પડેલી રૅસ્ટોરન્ટ, નાઈટ ક્લબો, બિંગો હોલ્સ અને ઘણા કાર્યાલયોની ખાલી ઈમારતોને પ્રયોગ ભાંગ ઉગાડવા માટે થઈ રહ્યો હતો. પોલીસે રિપોર્ટ જાહેર કર્યો ગ્વેન્ટ પોલીસે ન્યૂપોર્ટ શહેરના મુખ્ય શોપિંગ સ્ટ્રીટના પૂર્વ ડિપાર્ટમેન્ટ સ્ટોર પર દરોડા પાડયા હતા. જેની છત પર ત્રણ હજારથી વધુ ભાંગના છોડ ઉગાડવામાં આવેલા હતા. આ ભાંગની આશરે કિંમત બે મિલિયન પાઉન્ડ હતી. પોલીસે ઘણા દુકાનદારોને ચેતવણી આપી કે જો ગુનેગારોને દુકાન ભાંગ વાવવા આપી તો તેઓની વિરુદ્ધઘણી દુકાનોને પોલીસે સીઝ પણ કરી છે. ગુનેગારોએ વિચાર્યું હતું કે સાંજના સમયે માર્ગો પર અવર-જવર નથી હોતી. જેનો ફાયદો ઉઠાવવાની ફિરાકમાં અસામાજિક તત્વો હતા. પરંતુ પોલીસને આ લોકોના ઈરાદાની જાણ થઈ. આવાસ સંપત્તિઓ પર ભાગં ઉગાડવાના મામલે પોલીસે એક હજાર લોકોની ધરપકડ કરી છે. એક હજારથી વધુ લોકોને નોટિસ પણ ફટકારી જવાબ માંગવામાં આવ્યો છે.

## બાંગ્લાદેશમાં SC બહાર પ્રદર્શનકારીઓ હંગામો, ચીફ જસ્ટિસે આપ્યું રાજીનામું

બાંગ્લાદેશમાં ફરી એકવાર પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. આ વખતે તેઓએ દેશની સર્વોચ્ચ અદાલતનો ઘેરાવ કર્યો છે. હિંસક ટોળાએ અલ્ટીમેટમ આપ્યું છે કે ચીફ જસ્ટિસ ઓબેદુલ હસન અને એપેલેટ ડિવિઝનના જજોએ રાજીનામું આપી દેવું જોઈએ. જે બાદ જજોએ પણ રાજીનામું આપી દીધું હતું. Bangladesh Violence: બાંગ્લાદેશમાં SC બહાર પ્રદર્શનકારીઓ હંગામો, ચીફ જસ્ટિસે આપ્યું રાજીનામું પાડોશી દેશ બાંગ્લાદેશમાં હિંસક ટોળાં થોડાં શાંત થયાં છે પણ હિંસા હજી પૂરી થઈ નથી. તે દરમિયાન, વિરોધીઓએ વધુ એક અલ્ટીમેટમ આપ્યું છે. શનિવારે સેંકડો બાંગ્લાદેશી પ્રદર્શનકારીઓએ સુપ્રીમ કોર્ટનો ઘેરાવ કર્યો હતો. ટોળાએ મુખ્ય ન્યાયાધીશ ઓબેદુલ હસન અને એપેલેટ વિભાગના ન્યાયાધીશોને સ્થાનિક સમય મુજબ બપોરે 1 વાગ્યા સુધીમાં રાજીનામું આપવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. જે બાદ તેમણે રાજીનામું પણ આપી દીધું હતું. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, વિરોધીઓએ ધમકી આપી હતી કે જો તેઓ સમયમર્યાદા પહેલા રાજીનામું નહીં આપે તો ન્યાયાધીશોના નિવાસસ્થાનોનો ઘેરાવ કરશે. રાજધાની ઢાકામાં પ્રદર્શન બાદ મુખ્ય ન્યાયાધીશ અને અપીલ વિભાગના અન્ય ન્યાયાધીશોએ પણ રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.આ પહેલા શુક્રવારે સવારે વચગાળાની સરકારના યુવા અને રમત મંત્રાલયના સલાહકાર આસિફ મહમૂદે આને લગતી એક પોસ્ટ ફેસબુક પર શેર કરી હતી. આ પોસ્ટમાં આસિફે ચીફ જસ્ટિસના બિનશરતી રાજીનામાની અને ફુલ કોર્ટની બેઠક રોકવાની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શન વચ્ચે બાંગ્લાદેશના મુખ્ય ન્યાયાધીશે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની બેઠક પણ મોકૂફ કરી દીધી છે. ખરેખર, કોર્ટનું કામ વર્ચ્યુઅલ રીતે હાથ ધરવામાં આવશે કે નહીં તે નક્કી કરવા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી.ઓબેદુલ હસનને ગયા વર્ષે સુપ્રીમ કોર્ટના ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. દાવો કરવામાં આવે છે.

## બાંગ્લાદેશ ભાગી રહેલા રોહિંગ્યાઓ પર ડ્રોન હુમલો, 200થી વધુ લોકો માર્યા ગયા

બાંગ્લાદેશ તા 11

દેશ છોડીને બાંગ્લાદેશ ભાગી રહેલા રોહિંગ્યાઓ પર ડ્રોન દ્વારા હુમલો

200થી વધુ લોકોના મોત થયાના સમાચાર છે આ ડ્રોન હુમલામાં મહિલાઓ, બાળકો અને સમગ્ર પરિવારનો સમાવેશ થાય છે રોહિંગ્યાઓને લઈને મ્યાનમારથી ફરી એકવાર એક દર્દનાક સમાચાર સામે આવ્યા છે. દેશ છોડીને બાંગ્લાદેશ ભાગી રહેલા રોહિંગ્યાઓ પર ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. જેમાં 200થી વધુ લોકોના મોત થયાના સમાચાર છે. આ ડ્રોન હુમલામાં મહિલાઓ, બાળકો અને સમગ્ર પરિવારનો સમાવેશ થાય છે. રખાઈન રાજ્યમાં આ સૌથી ઘાતક હુમલો કહેવાય છે રોઈટર્સના અહેવાલ મુજબ, પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે લોકો તેમના પ્રિયજનોની શોધમાં મૃતદેહોના ઢગલા ફેરવતા જોવા મળ્યા હતા. સોમવારે થયેલા ડ્રોન હુમલાનો ઉલ્લેખ કરતા સાક્ષીઓ, કાર્યકર્તાઓ અને એક રાજદ્વારીએ કહ્યું કે આ હુમલો પાડોશી દેશ બાંગ્લાદેશની સરહદ પર થયો હતો. હુમલો ત્યારે થયો જ્યારે લોકો બાંગ્લાદેશ સરહદ પાર કરવાની રાહ જોઈ રહ્યા હતા રખાઈન રાજ્યમાં આ સૌથી ઘાતક હુમલો કહેવાય છે અધિકારીઓએ જણાવ્યું કે એક ગર્ભવતી મહિલા અને તેની 2 વર્ષની પુત્રીનું પણ મોત થયું છે. આ હુમલાબાદ મલિશિયા અને મ્યાનમારની સેનાએ એકબીજા પર આરોપ લગાવ્યો હતો. આરોપ છે કે આ હુમલો ત્યારે થયો જ્યારે લોકો બાંગ્લાદેશ સરહદ પાર કરવાની રાહ જોઈ રહ્યા હતા. મૃતદેહો કીચડમાં રગદોળાયેલા જોવા મળ્યા.

## ટોળાએ સેનાના કાફલા પર કર્યો હુમલો, શેખ હસીનાની વાપસીની માંગ કરાઈ

(એજન્સી) બાંગ્લાદેશ તા 11

સેના પર થયેલા હુમલામાં સેનાના જવાનો, પત્રકારો સહિત 15 લોકો ઘાયલ અવામી લીગના નેતા સહતિ લોકોએ શેખ હસીનાનેપરત લાવવાની માંગ કરી બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતી સમુદાયો પર ઓછામાં ઓછી 205 ઘટનાઓ બની


સરકાર, લોકો, અધિકારીઓ, ન્યાયાધીશો અને હવે સેના. બાંગ્લાદેશમાં કોઈ સુરક્ષિત નથી. ઘણા દિવસોથી ચાલી રહેલી હિંસા હવે કાબૂ બહાર ગઈ છે. આ દરમિયાન સેનાના જવાનો પર પણ હુમલાના સમાચાર સામે આવ્યા છે. સેનાના વાહન પર આ હુમલો ગોપાલગંજ વિસ્તારમાં થયો હતો. ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ આ ઘટનામાં સેનાના જવાનો, પત્રકારો અને સ્થાનિક લોકો સહિત 15 લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં બેને ગોળી વાગી હતી. આ ઘટના શનિવારે સાંજે લગભગ 4 વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે અવામી લીગના હજારો કાર્યકરો



શેખ હસીનાની વાપસીની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. સૈનિકોએ પ્રદર્શન અટકાવ્યું તો થયો હુમલો મળતી માહિતી અનુસાર અવામી લીગના હજારો નેતાઓ, કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકો પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને દેશમાં પરત લાવવાની માંગ કરી રહ્યા હતા. તેઓએ ઢાકા-ખુલના હાઈવે બ્લોક કરી દીધો હતો. આ દરમિયાન સેનાનું વાહન ત્યાં પહોંચી ગયું અને દેખાવકારોને રસ્તો ખોલવા અને વિરોધ ખતમ કરવાની અપીલ કરી. પરંતુ ટોળાએ તેમના પર ઈંટો ફેંકવાનું શરૂ કર્યું. બાદમાં સેનાના જવાનોએ ભીડને વિખેરવા માટે લાઠીનો ઉપયોગ કર્યો હતો. પરિસ્થિતિને કાબુમાં કરવા સેનાએ ગોળીબાર કર્યો આના જવાબમાં વિરોધીઓએ સેનાના એક વાહનમાં તોડફોડ કરી અને તેને આગ લગાવી દીધી હતી. ગોપાલગંજ કેમ્પના લેફ્ટનન્ટ કર્નલ મકસુદુર રહમાને ઘટનાની પુષ્ટિ કરી અને કહ્યું કે, અદાજે 3000થી 4000 લોકો એકઠા થઈ રસ્તો બ્લોક કરી દીધો છે. આ હુમલામાં સેનાના ઘણા જવાનો ઘાયલ થયા છે. ગોપીનાથપુર સંઘના પૂર્વ અધ્યક્ષ લચ્છુ શરીફે કહ્યું કે, સેનાના સભ્યોએ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ગોળીબાર કર્યો હતો. જેમાં એક બાળક સહિત બે લોકોને ગોળી વાગી હતી. આ ઘટનામાં કોઈનું મોત થયું નથી.

તણાવ દૂર કરવા યુવાનોનો અનોખો કીમિયો, થોડો સમય પોતાને પક્ષી સમજી રહ્યા છે

## બેરોજગારી-મોંઘવારીથી પરેશાન ચીની યુવાનો ચકલીઓની માફક ચીચીયારી પાડે છે



(એજન્સી) બેઈજિંગ તા 11

આ ભાગદોડ ભર્યા વિશ્વમાંથી દૂર થઈ જઉં. કાશ આવું હોય તો હું ચકલી બની જઉં. આ કલ્પનાને ચીનના કેટલાક યુવાનો હકીકતમાં બદલવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. અભ્યાસ-નોકરીનો તણાવ, નોકરીની શોધનો તણાવ અથવા પછી ઘરના તણાવને ઓછો કરવા માટે તેઓ જાતે ચકલીની માફક ચીચીયારી પાડવા અને પક્ષીઓની માફક રેલિંગ ઉપર લટકવાના અને ઉછળ-કૂદ કરવાના વીડિયો બનાવી રહ્યા છે. આમાં વધારે સંખ્યામાં તે યુવાનો છે જેને ચીનમાં પોતાનું ભવિષ્ય સુરક્ષિત દેખાતું નથી. તેઓ પોતાનો તણાવ દૂર કરવા માટે આવું કરી રહ્યા છે. જેને લીધે તેઓ થોડોક સમય એવો અનુભવ કરવા માગે છે કે તે મનુષ્ય છે જ નહીં અને પોતાના ભાગમભાગ જીવનમાંથી દૂર થઈ જવા માગે છે. વાસ્તવમાં આવા યુવાનોને લાગે છે કે ચીનની અર્થવ્યવસ્થા નબળી છે. મોંઘવારીમાં ઘણો વધારો થયો છે. દર વર્ષે બેરોજગારી વધતી જાય છે. ગત વર્ષે દેશના 1.20 કરોડ યુવાનો ગ્રેજ્યુએટ થયા હતા, જે

2004ની સરખામણીએ 4 ગણા વધારે છે. આમાંથી કેટલાય બેરોજગાર છે અને કેટલાયને તેમનું મનપસંદ કરિયર મળતું નથી. ઉચ્ચ શિક્ષણ નોકરીની ગેરંટી આપતું નથી. આના કારણે યુવાનોમાં અભ્યાસ અને કરિયર બનાવવાનો ઉત્સાહ ઓછો થઈ જાય છે. ચકલી બનીને વીડિયો બનાવનાર અર્થશાસ્ત્રના 20 વર્ષીય વિદ્યાર્થી વેંગ વેહાન કહે છે કે ચીનના યુવાનોમાં આ ટ્રેન્ડ આઝાદીની તેમની ઈચ્છાનું પરિણામ છે. ચીનના સમાજ, રાજનીતિ અને અર્થશાસ્ત્રના વિશેષજ્ઞ તથા જર્મનીસ્થિત મેક્સપ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ફૉર સોશિયલ એન્થ્રોપોલોજીના નિર્દેશક જિયાંગ બિયાઓ કહે છે કે ચીનમાં આજની યુવા પેઢીને બાળપણથી જ એવું કહેવામાં આવ્યું છે કે જો તે બહુ અભ્યાસ કરશે અને મહેનત કરશે તો તેમને સોનેરી ભવિષ્ય મળશે, પરંતુ જ્યારે આ પેઢી મોટી થઈ તો તેમનું આ સપનું તૂટી ગયું છે. હકીકત અનિશ્ચિતતા ભરેલી છે. જેનાથી તે એટલા તણાવમાં ચાલ્યા ગયા કે જેમાંથી તેઓ બહાર આવી શક્યા નથી. ચીનના યુવાનો દેશની વર્તમાન પરિસ્થિતિનો વિરોધ કરી રહ્યા છે. વધારે યુવાનો ઓછી કમાણી પરંતુ સારા જીવનને પ્રાધાન્ય આપી રહ્યા છે. દેશના શાંઘાઈ-બેઈજિંગ જેવાં મેગા સિટી મનાતાં શહેરોને હંમેશા માટે છોડી રહ્યાં છે. હવે તેઓ સૂટ-બૂટમાં ઓફિસ જવાનું છોડીને કેઝ્યુઅલ્સમાં ઓફિસ પહોંચી રહ્યા છે. ડાલી જેવાં અનેક નાના શહેરો વિકસિત થઈ રહ્યાં છે, જ્યાં વર્ક-લાઈફને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હજુ ભારે વરસાદની આગાહી, 288 સ્ટેટ હાઇવે બંધ,ઓરેન્જ એલર્ટ જાહેર

નવી દિલ્હી : હિમાચલમાં વરસાદ આફત બનીને વરસી રહ્યો છે. અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે. લોકોના ઘરોમાં વરસાદી પાણી ભરાયા છે. શિમલા,કુલ્લ અને મંડીમાં વાદળ ફાટવાથી તબાહી મચી છે. સેના, આઈટીબીપી, એનડીઆરએફના જવાન ગુમ થયેલા લોકોને શોધી રહ્યા છે. લાહૌલ, સ્પીતિ, ચંબા અને સિરમૌરમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને પૂરને કારણે કોઇ જાનહાનિ થઇ હોવાનું સામે આવ્યું નથી. ત્યારે આગામી દિવસોમાં વરસાદને શું છે આગાહી આવો જાણીએ.હવામાન વિભાગે હિમાચલ પ્રદેશના પાંચ જિલ્લા - કાંગડા, મંડી, શિમલા, સોલન અને સિરમૌરમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદનું 'ઓરેન્જ' એલર્ટ આપ્યું છે. આ સિવાય રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદ થયો હતો. જેમાં સિરમૌરના નાહનમાં શુક્રવાર સાંજથી અત્યાર સુધીમાં સૌથી વધુ 168.3 મીમી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ સંધોલમાં 106.4 મીમી, નગરોટા સુરિયનમાં 93.2 મીમી, ધૌલા કુઆનમાં 67 મીમી વરસાદ નોંધાયો હતો. જુબ્બરહટ્ટીમાં 62.2 મીમી અને કાંડાઘાટમાં 45.6 મીમી વરસાદ નોંધાયો હતો.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર સિરમૌરમાં 42, કુલ્લુમાં 37, મંડીમાં 29, શિમલામાં 17, કાંગડામાં પાંચ, કિન્નૌરમાં ચાર, લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં એક સહિત 135 રસ્તાઓ બંધ છે, જ્યારે 24 રસ્તાઓ બંધ છે.

### 40 વર્ષથી જેનું શ્રાદ્ધ કરતા હતા તે વ્યક્તિ જીવિત મળ્યા: હરિયાણામાં નિરાધાર ફરી રહ્યા હતા; જ્યારે NGOએ પરિવાર વિશે જણાવ્યું

યમુનાનગર: જેને પરિવારના સભ્યો 40 વર્ષથી મૃત માનતા હતા અને શ્રાદ્ધ કરી રહ્યા હતા, તે રામેશ્વર દાસ હરિયાણામાં જીવિત મળી આવ્યા હતા. યમુનાનગરના ની આસારે દા આસારા શેલ્ટર હોમના સભ્યોએ એક મહિના પહેલા કુરુક્ષેત્ર સરકારી હોસ્પિટલની સામેથી માનસિક રીતે બીમાર રામેશ્વર દાસને બચાવ્યા હતા. ત્યાં પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે રામેશ્વર દાસ ઘણા સમયથી અહીં રહેતા હતા. પડી જવાથી તેમને ઈજા પણ થઈ હતી. તેઓ બરાબર ચાલી શકતા નહોતા. આ પછી તેને યમુનાનગરના મગરપુર ગામમાં આવેલા શેલ્ટર હોમમાં લઈ જવામાં આવ્યા. રામેશ્વર દાસને શેલ્ટર હોમમાં સારવાર આપવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેઓ બિહારના ગયા જિલ્લાના બાડી ખાપ ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. શેલ્ટર હોમના સભ્યોએ રામેશ્વર દાસના મોટા પુત્ર રાજુ ભારતીનો નંબર કાઢીને ફોન કર્યો હતો. આ પછી પરિવારના સભ્યો યમુનાનગર પહોંચ્યા. અહીં રામેશ્વર દાસને જોઈને પરિવાર રડી પડ્યો હતો. આ પછી તેઓ તેમને પોતાની સાથે લઈ ગયા હતા. અત્યાર સુધીમાં અમારી ટીમ લગભગ 350 લોકોને ઘરે મોકલી ચૂકી છે.

### દિલ્હીમાં વીજ કરંટ લાગતા ક્રિકેટ રમી રહેલા 13 વર્ષીય કિશોરનું મોત

નવી દિલ્હી : દિલ્હીના રણહૌલા વિસ્તારમાં ક્રિકેટ ગ્રાઉન્ડમાં વીજ કરંટ લાગવાથી 13 વર્ષના કિશોરનું મોત નિપજ્યું હતું. કોટલા વિહાર ફેઝ-2ના ગ્રાઉન્ડમાં જ્યારે બોલ લેવા ગયો ત્યારે તેને લોખંડના વીજપોલથી કરંટ લાગ્યો હતો. કિશોરને તાત્કાલિક PCR વાન મારફતે દીનદયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે,10 ઓગસ્ટના રોજ લગભગ 1.30 વાગે PCRમાં કોલ આવ્યો હતો, ત્યારબાદ DDU હોસ્પિટલથી માહિતી મળી હતી. જણાવ્યું હતું કે, કોટલા વિહાર ફેઝ-2માં મેદાનમાં ક્રિકેટ રમી રહેલો 13 વર્ષીય કિશોર નજીકમાં આવેલ ગૌશાળામાં બોલ લેવા ગયો ત્યારે વીજપોલમાંથી કરંટ લાગ્યો હતો.પોલીસે જણાવ્યું કે, પીડિતને તાત્કાલિક PCR વાનમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ કેસમાં ભારતીય ન્યાયિક સંહિતાની કલમ 106 (1) હેઠળ FIR નોંધવામાં આવી છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.ઉલ્લેખનીય છેકે, તાજેતરમાં દિલ્હીના સાઉથ પટેલનગર વિસ્તારમાં વરસાદ દરમિયાન PGની પાસે લોખંડના ગેટમાંથી વીજ કરંટ લાગવાથી UPSCની તૈયારી કરી રહેલા એક યુવકનું મોત થયું હતું. જેના કારણે ભારે હોબાળો થયો હતો. મૃતક યુવક યુપીના ગાઝીપુરનો રહેવાસી હતો.

### ભારતમાં 2,000 કરોડની ક્રિપ્ટો કરન્સીની મોટામાં મોટી ચોરી

નવી દિલ્હી : ગયા મહિને ભારતમાં રૂ. 2,000 કરોડની ક્રિપ્ટો કરન્સીની મોટામાં મોટી ચોરીની ઘટના બની ગઈ. વઝીર X એક્સ્ચેન્જનાં વૉલેટમાંથી રૂ. 2,000 કરોડની કે 230 મિલિયન ડૉલરની ક્રિપ્ટો કરન્સી ચોરાઈ જવા પામી હતી. આને કારણે હજારો રોકાણકારોએ કરોડોની રકમ ગુમાવી હતી. વઝીર X દ્વારા આ ઘટનાની સાઈબર ક્રાઈમ પોર્ટલ, ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ તેમજ ઈન્ડિયન કોમ્પ્યૂટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમને જાણ કરવામાં આવી હતી. દિલ્હીમાં આ મુદ્દે કેસ પણ કરવામાં આવ્યો છે. પેલોરસ ટેકનોલોજી અને ક્રિસ્ટલ ઈન્ટેલિજન્સ એ ડિજિટલ ફોરેન્સિક કંપનીઓ છે અને મોટા સાઈબર ક્રાઈમ તેમજ ક્રિપ્ટો કરન્સીનાં ગોટાળાની તપાસ કરતી હોય છે તેનાં દ્વારા કેવી રીતે અનેકવિધ સુરક્ષા ધરાવતા વૉલેટમાંથી કરોડો ચાંઉ થઈ ગયા તેની તપાસ કરવામાં આવી રહી છે. 18મી જુલાઈએ વૉલેટમાંથી 200 જેટલા વ્યવહારો જોવા મળ્યા ક્રિસ્ટલ ઈન્ટેલિજન્સ એક બ્લોકચેન ઈન્ટેલિજન્સ કંપની છે અને બ્લોકચેન પર ક્રિપ્ટો મની ટ્રેલ્સ પર દેખરેખ રાખવામાં આવે છે. જેમાં એક સુરક્ષા સાધનનો ઉપયોગ કરાય છે. વઝીર X દ્વારા જે વૉલેટમાંથી ચોરી કરવામાં આવી હતી તેની ઓળખ કરવામાં આવી હતી.આરોપીઓએ કઇ મોડસ ઓપરેન્ડી અપનાવી ચોરીને અંજામ આપ્યો?સૌથી પહેલા વૉલેટ સાથે ચેડાં કરવામાં આવ્યા હતા. છેડછાડ કરાઈ હતી. ચોરોએ ત્યાંથી 230 મિલિયન ડૉલર તેનાં વૉલેટમાં ટ્રાન્સફર કર્યા હતા.

## ચંદ્રાબાબુ નાયડુના એક ફોન કોલે ભાજપની બાજી બગાડી

# પહેલીવાર મોદી સરકાર વિપક્ષ સામે ઘૂંટણિયે!

(એજન્સી) નવી દિલ્હી | તા 11

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે મોટા ઉપાડે વકફ એક્ટમાં સુધારો કરવા માટેનો કાયદો બનાવવાની જાહેરાત કરેલી પણ લોકસભામાં આ અંગેનો ખરડો રજૂ કરાયાની મિનિટોમાં જ મોદી સરકારે વિપક્ષો સામે ઘૂંટણ ટેકવી દીધા. મોદી સરકાર આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુના એક ફોન કોલના કારણે ઝૂકી ગઈ હોવાનું કહેવાય છે.ખરડો સંયુક્ત સંસદીય સમિતિને મોકલવાની વિપક્ષોની માગણી મોદી સરકારે સ્વીકારવી પડી અને તાત્કાલિક ખરડો સંયુક્ત સંસદીય સમિતીને સોંપી દેવાયો. મોદી સરકારના 10 વર્ષના શાસનકાળમાં કોઈ ખરડો સંયુક્ત સંસદીય તપાસ સમિતીને સોંપાયો હોય એવું પહેલી વાર બન્યું છે. મોદી સરકાર વકફ એક્ટમાં સુધારો કરીને પોતાની હિન્દુવાદી ઈમેજને ફરી મજબૂત કરવા માગતી હતી પણ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુના એક ફોન કોલે ભાજપની બાજી ઉંધી વાળી દીધી હોવાનું કહેવાય છે. ભાજપે લોકસભામાં ખરડો રજૂ કરવાની બધી તૈયારી કરી લીધી હતી પણ ગુરૂવારે (08 ઓગસ્ટ) સવારે જ ફોન કરીને નાયડુએ ભાજપનો ખેલ બગાડી દીધો. કહેવાય છે કે, ચંદ્રાબાબુએ ભાજપને ચીમકી આપી હતી કે, વકફ ભાજપ એક્ટમાં પોતે સુધારો કરવા ધારે છે એવા સુધારા સાથેનો ખરડો લોકસભામાં રજૂ કરશે તો ટીડીપી તેને




ટેકો નહીં આપે. તેના બદલે તમામ પક્ષોના સાંસદોની બનેલી સંયુક્ત સંસદીય સમિતી રચાય. આ સમિતી જે સુધારા સૂચવે એ પ્રમાણે નવો ખરડો બનાવીને રજૂ કરાશે તો જ ટેકો આપશે.

ચંદ્રાબાબુની ચીમકીના કારણે હાંફળાફાંફળા થયેલા ભાજપના નેતાઓએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ફોન કરતાં નીતિશે પણ ચંદ્રાબાબુના વલણને ટેકો આપતાં ભાજપ પાસે વિકલ્પ જ નહોતો રહ્યો. ભાજપ સરકાર પહેલાં જ ખરડો રજૂ વાર્થી કરવાની જાહેરાત કરી ચૂકી હોવાથી પીછેહઠ કરે તો નાક વઢાય તેથી ખરડો રજૂ કરવો પડયો. આ ખરડો સંયુક્ત સંસદીય સમિતિ (JPC) ને સોંપવાની માગણી પણ સ્વીકારવી પડી. સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ બિલને જેપીસીને મોકલવા માટે લોકસભામાં પ્રસ્તાવ મૂક્યો હતો.

સામાન્ય રીતે જેપીસીમાં કેન્દ્રના સત્તધારી પાર્ટીના સાંસદો બહુમતીમાં હોય છે પણ ભાજપની હાલત એટલી કફોડી છે કે, લોકસભાના 21 સભ્યોમાં ભાજપના માત્ર 7 જ સાંસદ છે. જેપીસીમાં ભાજપના જગદંબિકા પાલ, નિશિકાંત દુબે તેજસ્વી સૂર્યા, અપરાજિતા સારંગી, સંજય જયસ્વાલ, દિલીપ સૈકિયા અને અભિજીત ગંગોપાધ્યાયનો સમાવેશ કરાયો છે. કોંગ્રેસના ગૌરવ ગોગોઈ, ઈમરાન મસૂદ (કોંગ્રેસ અને મોહમ્મદ જાવેદ એમ ત્રણ સભ્યો છે).

આ સિવાય શ્રીમતી ડી.કે. અરુણા (YSRCP), મૌલાના મોહિબુલ્લાહ (સપા), કલ્યાણ બેનરજી (TMC), 14. એ રાજા (DMK), એલએસ દેવરાયુલુ (TDP), દિનેશ્વર કામાયત (JDU), અરવિંત સાવંત (શિવસેના, ઉદ્ધવ જૂથ), સુરેશ ગોપીનાથ (NCP, શરદ પવાર), નરેશ ગણપત માસ્ક (શિવસેના, શિંદે જૂથ), અરુણ ભારતી (LJP-R) અને અસદુદ્દીન ઓવૈસી (AIMIM) પણ જેપીસીમાં છે.

## મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના સાહિત્યિક પરિસંવાદમાં વર્તમાન પરિસ્થિતિમાં સાહિત્યની ભૂમિકા પર સાર્થક ચર્ચા થઇ






(એજન્સી) મુંબઈ | તા 11

મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈ અને ગ્રામીણ મહિલા બહુહેતુક સંસ્થા, નાગપુરના સંયુક્ત ઉપક્રમે, શનિવાર, 10 ઓગસ્ટ, 2024 ના રોજ હંસકૃપા જુનિયર કોલેજ, નાગપુરમાં એક કવિતા સંમેલન અને સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સામાજિક પાસાઓની સાથે વર્તમાન પરિસ્થિતિમાં સાહિત્યની ભૂમિકાની સાર્થક ચર્ચા કરવામાં આવી હતી.

સેમિનારની અધ્યક્ષતા મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય અને વરિષ્ઠ રાજકારણી અજય પાઠક દ્વારા કરવામાં આવી હતી. કવિ સંમેલનમાં વરિષ્ઠ કવિઓ ડો.પ્રમોદ શુક્લ અને હાસ્ય રસના પ્રો.નીરજ વ્યાસ, વીર રસના સુરેન્દ્ર હરડે અને વિનોદ નાયક અને ગીતકાર પ્રો. રવિશંકર કોલતે અને ડૉ. નંદલાલ ચૌધરીએ તેમના શાનદાર પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કોલેજના ડાયરેક્ટર દુર્ગાદાસ જિચકરે તમામ મહેમાનોનું ફૂલના ગુચ્છથી સ્વાગત કર્યું હતું. મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય વિજેન્દ્ર બત્રાએ પ્રભાવશાળી મંચનું સંચાલન કર્યું હતું. સામાજિક કાર્યકર સુનીતા મહલ્લે, કોલેજના પ્રિન્સિપાલ રૂપાલી જંજાલ અને સ્કૂલના પ્રિન્સિપાલ પ્રીતિ ચૌરસિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં કાર્યક્રમના સંયોજક અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય જગદીશ થાપલિયાલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સોશિયલ મીડિયા પર ઘટના વાયરલ

## યુપીમાં લાંચ પેટે 5 કિલો 'બટાકા' માગનાર પોલીસ સસ્પેન્ડ

(એજન્સી) કનૌજ | તા 11

ઉત્તર પ્રદેશમાંથી અવારનવાર એવા કિસ્સાઓ સાંભળવા મળે છે જેને સાંભળીને હસવું પણ આવી જાય અને ત્યાંના તંત્રની પોલ પટ્ટી પણ ખુલી જાય. તાજેતરનો મામલો પણ એવો જ છે. અહીં એક પોલીસ અધિકારીએ લાંચ માગવા માટે અનોખો રસ્તો અપનાવ્યો. મામલો કંઇક એવો છે કે લાંચ પેટે પૈસા માગવા માટે તેણે પૈસા શબ્દનો પ્રયોગ ન કર્યો પણ એની જગ્યાએ બટાકા શબ્દનો પ્રયોગ કર્યો. જ્યારે મામલાનો ખુલાસો થયો તો સૌ કોઇ ચોંકી ગયા અને પોલીસ અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવાયો. ખરેખર તો આ મામલો સૌરિખ પોલીસ સ્ટેશનની હદમાં આવતી ભાવલપુર છાપુ પોલીસ ચોકીમાં બન્યો હતો. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે બટાકા શબ્દનો પ્રયોગ લાંચ માટે કોડવર્ડ તરીકે પોલીસ અધિકારી દ્વારા ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી, જ્યારે પોલીસ અધિકારી રામક્રિપાલ સિંહનો કેસની પતાવટ કરવા માટે લાંચ માંગતો વીડિયો વાઈરલ થયો. કનૌજના એસ.પી. અમિતકુમાર આનંદને જ્યારે આ ઘટનાની જાણ થઇ તો તેમણે તાત્કાલિક એક્શન લેતાં પોલીસ અધિકારીને સસ્પેન્ડ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર ખેડૂતની પાસેથી પાંચ કિલોગ્રામ બટાકાની માંગ કરતો દેખાય છે. ત્યારે પીડિત વ્યક્તિ તેની આ માગને પૂરી કરવામાં અસમર્થ હતો. મામલાની પતાવટ માટે પીડિત વ્યક્તિએ પોલીસ અધિકારીને અપીલ કરી હતી કે મારી પાસે ફક્ત બે કિલો બટાકા જ છે. ત્યારબાદ પીડિત ખેડૂત અને પોલીસ અધિકારી વચ્ચે ભાવ-તાલ થાય છે અને પોલીસ અધિકારી 3 કિલો બટાકા લેવાની શરતે માની ગયો હતો. તમને જણાવી દઈએ કે અહીં વીડિયોમાં એક કિલો બટાકા એટલે એક હજાર રૂપિયાની વાત થઇ રહી હતી.

## કોંગ્રેસના કદાવર નેતા અને પૂર્વ વિદેશમંત્રીનું નિધન, પદ્મ વિભૂષણથી સન્માનિત પણ થયા હતા

(એજન્સી) નવી દિલ્હી | તા 11

દેશના પૂર્વ વિદેશમંત્રી અને કોંગ્રસના દિગ્ગજ નેતા નટવર સિંહનું 95 વર્ષની વયે લાંબી માંદગી બાદ નિધન થઈ ગયું. તે ગુરુગ્રામની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા હતા. નટવર સિંહ એક મુખ્ય કોંગ્રેસી નેતા હતા જેમણે યુપીએના શાસનમાં પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ હસ્તક કામ કર્યું હતું. સિંહ રાજસ્થાનના ભરતપુર જિલ્લાના વતની હતા.



તેમણે અજમેરની મેયો કોલેજ અને ગ્વાલિયરની સિંધિયા કોલેજથી અભ્યાસ કર્યો હતો. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પૂર્વ કેન્દ્રીય મંત્રીના નિધન પર સંવેદના વ્યક્ત કરી હતી. ભજનલાલ શર્માએ એક્સ પર પોસ્ટ કરી હતી કે ભારત સરકારમાં પૂર્વ વિદેશમંત્રી, પદ્મ વિભૂષણથી સન્માનિત નટવર સિંહના નિધન અંત્યત દુઃખદ છે. ભગવાનથી પ્રાર્થના છે કે દિવંગત આત્માને ચરણોમાં સ્થાન અને તેમના પરિવારને આ દુઃખની ઘડીમાં શક્તિ આપે. કુંવર નટવર સિંહ મે 2004થી ડિસેમ્બર 2005 સુધી વિદેશ મંત્રી પદે કામ કરી ચૂક્યા હતા. તેમને 1953 માં ભારતીય વિદેશ સેવા માટે પસંદ કરાયા હતા. 1984 માં તેમણે કોંગ્રેસ પાર્ટીના સભ્ય તરીકે ચૂંટણી લડવા રાજીનામુ આપી દીધું હતું. ચૂંટણી જીત્યા અને 1989 સુધી કેન્દ્રીય રાજ્યમંત્રી તરીકે કામ કર્યું. તેના પછી 2004 માં ભારતના વિદેશ મંત્રી બનવા સુધીમાં તેમની રાજકીય કારકિર્દીમાં અનેક ઉતાર ચઢાવ આવ્યા હતા. 1984માં ભારત સરકારે તેમને ભારતના ત્રીજા સૌથી સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા.

### ઉંમર 19, BComમાં ભણતા સ્ટુડન્ટે બનાવી 'બદમાશ કંપની'; 15 રાજ્યોમાં 57 લોકોને આંટીમાં લીધા, કરોડો ખંખેર્યા

રાયપુર : 'હેલ્લો! શું તમે શેર માર્કેટમાં રોકાણ કરો છો? અમારી એપ્લિકેશન ઈનવેસ્ટમેન્ટ એપ્લિકેશન છે. તમે તેને ડાઉનલોડ કરો. આમાં તમને શેર માર્કેટ કરતા વધુ નફો મળશે. બદલામાં તમારે અમારી કંપનીને નફાના 10 ટકા આપવા પડશે.આ એક કોલથી છત્તીસગઢના ડોક્ટર સાથે એક કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ. જ્યારે પોલીસ ચાલાક ઠગ સુધી પહોંચી તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તે માત્ર 19 વર્ષનો છોકરો હતો, જે બી.કોમ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેણે 15 રાજ્યોમાં લોકોને છેતરીને અડધી સદી પૂરી કરી ચૂક્યો છે. હાલમાં રાયપુર પોલીસે દક્ષિણ દિલ્હીના જેજે કેમ્પના રહેવાસી અંકિત સિંહની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપી વિદ્યાર્થી અને તેના મિત્રોએ અનેક બેંક ખાતા ખોલાવ્યા છે. છેતરપિંડીની રકમ આ જુદા જુદા ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન અંકિતે જણાવ્યું કે તેણે તેના મિત્ર સાથે મળીને નકલી કંપની બનાવી હતી. આ પછી અલગ-અલગ બેંકોમાં ખાતા ખોલવામાં આવ્યા.

## મુખ્યમંત્રીએ દેહરાદૂનમાં એક્સ-સર્વિસમેન ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત કૃતજ્ઞતા અને સંવાદ કાર્યક્રમમાં ભાગ લીધો હતો

(એજન્સી) દેહરાદૂન । તા. 11

મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામીએ રવિવારે ઉત્તરાખંડ ભૂતપૂર્વ સૈનિક સંસ્થા દ્વારા દૂન સૈનિક સંસ્થા, ગારીકાંત, દેહરાદૂનમાં આયોજિત કૃતજ્ઞતા અને સંવાદ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કારગીલ વિજય દિવસ નિમિત્તે ભૂતપૂર્વ સૈનિક સંગઠનના અધિકારીઓ અને સૈનિકો સાથે બહાદુર મહિલાઓએ રાજ્યમાં શહીદ થયેલા સૈનિકોને અપાતી એક્સ-ગ્રેશિયા ગ્રાન્ટની રકમ રૂ. 10 લાખથી વધારીને રૂ. 50 લાખ, શહીદ સૈનિકોના પરિવારના સભ્યોને સરકારી નોકરીઓ માટે અરજી કરવાની મંજૂરી આપવી, ભરતીનો સમયગાળો 02 વર્ષથી વધારીને 05 વર્ષ કરવો, શહીદોના આશ્રિતોને જિલ્લામાં ગ્રુપ 'C' અને 'D' પોસ્ટ્સ પર નિમણૂક કરવી. મેજિસ્ટ્રેટની કચેરીઓ તેમજ અન્ય વિભાગોમાં આ જગ્યાઓ પર તેમજ સૈનિક કલ્યાણ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓને પણ પેટા કોન્ટ્રાક્ટેડ કામદારોની જેમ રજા આપવાની જાહેરાત બદલ મુખ્યમંત્રીએ આભાર વ્યક્ત કરી સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે આપણા સૈનિકો હિમાલયના રક્ષક અને પર્યાવરણના રક્ષક પણ છે. 'હર ઘર તિરંગા' અને 'એક પેડ



મા કે નામ' અભિયાનની સફળતામાં ભૂતપૂર્વ સૈનિકોના સહકારની અપેક્ષા રાખીને, તેમણે મસૂરીમાં લશ્કરી આરામગૃહ બનાવવાની જાહેરાત કરી. કાર્યક્રમમાં બહાદુર મહિલાઓએ મુખ્યમંત્રીનું સન્માન કર્યું હતું અને મુખ્યમંત્રીએ બહાદુર મહિલાઓનું સન્માન કર્યું હતું.મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર યુદ્ધમાં શહીદ થયેલા સેના અને અર્ધલશ્કરી દળોના આશ્રિતોને તેમની શૈક્ષણિક લાયકાત મુજબ રાજ્ય સેવાઓમાં નોકરીઓ આપી રહી છે. અત્યાર સુધીમાં 17 લશ્કરી આશ્રિતોને રાજ્ય સેવાઓમાં નોકરી આપવામાં આવી છે. ઉત્તરાખંડ એકમાત્ર એવું રાજ્ય છે કે જ્યાં વીરતા પુરસ્કારોથી સજ્જ સૈનિકોને જીવન માટે વાર્ષિક એકમ રકમ ચૂકવવામાં આવે છે. વિશિષ્ઠ સેવા મેડલ પુરસ્કારથી સન્માનિત સૈનિકોની એકમ રકમમાં વધારો કરવામાં આવ્યો છે. બીજા વિશ્વયુદ્ધના નિવૃત્ત સૈનિકો અને યુદ્ધ વિધવાઓને આપવામાં આવતી માસિક અનુદાન 8 હજારથી વધારીને 10 હજાર રૂપિયા કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આપણી સેનાએ હંમેશા અદમ્ય સાહસ અને બહાદુરી બતાવી છે. આપણી સેનાની બહાદુરી અને બહાદુરીનો ઈતિહાસ છે. ઉત્તરાખંડ દેવતાઓની ભૂમિ સાથે વીરોની ભૂમિ પણ છે. ઉત્તરાખંડનો દરેક પરિવાર લશ્કરી પૃષ્ઠભૂમિ ધરાવે છે.

## ભાજપને આ દિગ્ગજ નેતાની નારાજગીનો સામનો કરવાની સાથે તેનું પરિણામ ભોગવવું પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે

# પરિવારવાદ વિરુદ્ધ બણગાં ફૂંકતી ભાજપ અસમંજસમાં, મોટા નેતાઓ પુત્ર-પુત્રીઓ માટે માંગી રહ્યા છે ટિકિટ

(એજન્સી) નવી દિલ્હી | તા 11

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ વિતરણને લઈને ભાજપ માટે મોટી સમસ્યા ઊભી થઈ શકે છે. આ દરમિયાન રાજ્યમાં ભાજપના ત્રણ વરિષ્ઠ નેતાઓ તેમના બાળકો માટે ટિકિટ મળવાની ઈચ્છા રાખવાથી ભાજપની ચિંતા વધી છે. તેવામાં જો ભાજપ દ્વારા આ નેતાઓના સંતાનોને ટિકિટ આપવાની ના પાડશે તો ભાજપને આ દિગ્ગજ નેતાની નારાજગીનો સામનો કરવાની સાથે તેનું પરિણામ ભોગવવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. પરંતુ જો ભાજપ તેમને ટિકિટ આપશે તો તેમના પર પારિવારિક રાજકારણ કરવાનો આરોપ લાગવા સહિત આને લઈને અનેક સવાલનો જવાબ આપવાની નોબત આવશે.

આ બધા વચ્ચે એ યાદ કરાવવું જરૂરી છે કે,



છેલ્લા 10 વર્ષથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરિવારવાદના નામે કોંગ્રેસ અને અનેક વિપક્ષી પાર્ટીઓને સતત ઘેરી રહ્યાં છે. ત્યારે ભાજપના નેતાઓ કહે છે કે, કોંગ્રેસ, એસપી, આરજેડી, ડીએમકે જેવી મોટી વિરોધી પાર્ટીઓ પરિવારવાદના રાજકારણનું ઉદાહરણ છે. પરંતુ ભાજપે અનેક રાજ્યોમાં પોતાના મોટા નેતાઓના સંતાનોને વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ટિકિટ આપીને રાજનીતિંમાં ઉતાર્યા છે. આ સાથે અમુકને રાજ્ય અને કેન્દ્ર સરકારમાં મંત્રી પણ બનાવવામાં આવ્યા છે. ભાજપમાં વિધાનસભા ચૂંટણીની વહેંચણીને લઈને હાલ સર્વેની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન એવું માનવામાં આવે છે કે ભાજપ સર્વેના અભિપ્રાયને મહત્ત્વ આપશે. આ સાથે ભાજપ આ નેતાઓને નારાજ કરશે નહીં. હરિયાણામાં ભાજપના વરિષ્ઠ નેતા રાવ ઈન્દ્રજીત સિંહ આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના દીકરા-દીકરી માટે ટિકિટ ઈચ્છે છે. રાવ ઈન્દ્રજીત સિંહ પાંચ વખત સાંસદ રહેવાની સાથે મોદી સરકારમાં મંત્રી પણ છે. તેમની દીકરી આરતી રાવે એટલી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આ સાથે ફરીદાબાદના સાંસદ અને કેન્દ્રીય મંત્રી કૃષ્ણપાલ ગુર્જર પણ તેમના દીકરા દેવેન્દ્ર ચૌધરીને ફરીદાબાદ લોકસભા સીટની અંદર આવતી તિગાંવ સીટ પરથી ટિકિટ અપાવવા માંગે છે. આ પછી ભિવાની-મહેન્દ્રગઢથી સાંસદની ચૂંટણી જીત મેળવેલા ચૌધરી ધર્મબીર સિંહ તોશામ બેઠક પરથી તેમના દીકરા મોહિત ચૌધરીને ટિકિટ આપવાની ઈચ્છે ધરાવે છે.

## કોલકાતાની સરકારી હોસ્પિટલમાં ટ્રેની ડોક્ટરની રેપ બાદ જઘન્ય હત્યા

કોલકાતા : કોલકાતામાં એક ટ્રેની મહિલા ડોક્ટર પર હોસ્પિટલમાં જ બળાત્કાર બાદ જઘન્ય રીતે હત્યા કરવાની ઘટનાએ સમગ્ર દેશમાં ચર્ચા જગાવી છે. ૩૧ વર્ષીય મૃતકના પીએમ રિપોર્ટના આધારે પોલીસે જણાવ્યું હતું કે હત્યા પહેલા મહિલા ડોક્ટર પર બળાત્કાર ગુઝારવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાને પગલે કોલકાતામાં જુનિયર ડોક્ટર હડતાળ પર ઉતરી ગયા છે અને આરોપીઓ સામે આકરા પગલા લેવાની માગણી કરી છે. મેડિકલમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી આ ટ્રેની ડોક્ટર રાત્રે બે વાગ્યા સુધી ડયુટી પર હતી, તે ભોજન લીધા બાદ હોસ્પિટલના ત્રીજા માળે સેમિનાર હોલમાં વાંચન માટે ગઇ હતી, બીજા દિવસે સવારે તે આ હોલમાં જ બેભાન અવસ્થામાં પડી હતી. તાત્કાલીક તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. કોલકાતાના પોલીસ કમિશનર વીનિત કુમાર ગોયલે મીડિયાને જણાવ્યું હતું કે પીએમ રિપોર્ટમાં સામે આવ્યું છે કે પીડિતાના ગાલ, ચહેરો, નાક, પેટ, આંગળીઓ અને ઘૂંટણ તેમજ પ્રાઈવેટ પાર્ટમાં ઈજાઓના નિશાન છે. આ સમગ્ર ઘટના કોલકાતાની આર જી કર મેડિકલ કોલેજ-હોસ્પિટલમાં સામે આવી છે. આ તેમજ અન્ય હોસ્પિટલોના તમામ ડોક્ટરો ધરણા પર બેસી ગયા હતા અને કાયદો વ્યવસ્થાને લઈને સુત્રોચ્ચાર કર્યા હતા.

## ગાંધીનગર : જાહેરમાં જુગાર રમતા ત્રણ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગરના વાસણીયા મહાદેવ પંચાયત કચેરીની સામે જાહેરમાં ખુલ્લી જગ્યામાં જુદા જુદા ચિત્ર જેવા કે છત્રી, બોલ, ગાય, કબુતર સુર્ય, પતંગ વિગેરે પર ચકી ફુદીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી ત્રણ ઈસમોને રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર પેથાપુર પોલીસ મથકની હદ વિસ્તારમાં દારૂ જુગારની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવવા પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી.જે હકીકતના આધારે પોલીસે વાહનો દૂર મૂકીને ચાલતાં ચાલતાં બાતમી વાળી જગ્યાએ ત્રાટકી હતી.

## ગાંધીનગર : 15 લાખનો ચેક રિટર્ન થતાં છ મહિનાની કેદ

ગાંધીનગરના પેથાપુરમાં રહેતા ગાઢ મિત્રની માતા પાસેથી વર્ષ - 2020 માં અંગત કામ અર્થે 15 લાખ હાથ ઉછીના લઈને અમદાવાદના યુવકે એક માસમાં પૈસા પરત કરી દેવાની બાંહેધરી આપી હતી. જો કે, લાંબા સમયથી પૈસા પાછા કરવાની કોઈ દરકાર નહીં કરી આપેલો ચેક પણ રિટર્ન થતાં ગાંધીનગર કોર્ટે યુવકને છ મહિનાની સાદી કેદ અને 15 લાખ દંડ ભોગવવાનો હુકમ કર્યો છે.ગાંધીનગરના પેથાપુર સ્વપ્ન વીલા બંગલોમાં રહેતા મીનાબા દશરથસિંહ વાઘેલાનો પુત્ર અને થલતેજ બારોટ વાસમાં રહેતો રોનક નટવરલાલ પટેલ ગાઢ મિત્રો હોવાથી એકબીજાના ઘરે આવતા જતા રહેતા હતા.

# પૂર જેવી સ્થિતિની શક્યતા, નીચાણવાળાં ગામોને એલર્ટ કરાયાં




## સાબરમતીના વાસણા બેરેજના ત્રણ દરવાજા ખોલાયા

(એજન્સી) અમદાવાદ । તા.11

રાજ્યના ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદના પગલે સાબરમતી નદીમાં આવક થઈ છે. નદીમાં પાણીની આવક વધતાં હાલમાં નદીની સપાટી 132.50 ફૂટ સુધી પહોંચી છે. જેના પગલે શહેરના સાબરમતી નદી પર આવેલા વાસણા બેરેજના ત્રણ ફૂટ દરવાજા ખોલવામાં આવ્યા છે અને 2970 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણી છોડવાના પગલે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ, ધોળકા, બાવળા સહિતના નીચાણવાળાં ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે. નદીકિનારે આવેલાં સ્થળો અને ગામોમાં રહેલા લોકોને સ્થળાંતર કરવા માટેની સૂચના આપી છે. અમદાવાદ જિલ્લા કલેક્ટર દ્વારા વાસણા બેરેજમાં વધેલી આવકના પગલે સિંચાઈ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે સાબરમતી નદીમાંથી 2970 ક્યુસેક જેટલું પાણી નદીમાં છોડવામાં આવ્યું છે. જેના કારણે પૂર જેવી સ્થિતિ ઊભી થાય તેવી શક્યતા છે. સાબરમતી નદીકિનારે આવેલા દસક્રોઈ અને ધોળકા તાલુકાનાં ગામોમાં વધારે અસર કરે તેવા છે. વટવા અને વેજલપુર સહિત આસપાસનાં ગામોમાં પણ સાવચેતી રાખવા સૂચના આપી છે. નદીના નીચાણવાળા વિસ્તારોમાં અને ગામોમાં સાવચેતીનાં પગલાં લેવા માટેની સૂચના આપવામાં આવી છે. રાજસ્થાનથી ગુજરાતના સરહદી વિસ્તાર સુધી મોન્સૂન ટ્રફ ફેલાયેલો છે, જેની અસરથી આગામી 24 કલાક દરમિયાન અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવોથી મધ્યમ તેમજ કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

# ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગનાં સ્થળો પર ધીમીધારે વરસાદની વકી

### સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયાનાં એંધાણ

(એજન્સી) અમદાવાદ । તા.11

હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ માટે ગુજરાત રાજ્યમાં વાતાવરણ અંગે આગાહી કરવામાં આવે છે. જેમાં સાત દિવસ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર રહેશે. તેમાં પણ ખાસ કરીને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગ ઉપર આગામી 48 કલાક દરમિયાન કેટલાક સ્થળ પર છુટાછવાયા હળવા વરસાદની શક્યતા છે. આ ઉપરાંત આગામી 48 કલાક માટે ગાજવીજ સાથે વરસાદની વકી ગુજરાતમાં છે. ભારે વરસાદ નહિ, પણ પવનનું જોર રહેશે ચોમાસાની શરૂઆતમાં જ સૌરાષ્ટ્ર-કચ્છમાં અત્યંત ભારે વરસાદ વરસ્યો હતો તે બાદ ત્યાં મેઘરાજાએ ખમૈયા કર્યા હોય તેવી સ્થિતિ છે. ત્યારે હજુ પણ આગામી સાત દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં છુટાછવાયા વરસાદી ઝાપટા વરસી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે ધીમીધારે સાર્વત્રિક મેઘમહેર રહેશે. જોકે, આજે હવામાન વિભાગ દ્વારા રાજ્યના કોઈ પણ જિલ્લામાં વરસાદી એલર્ટ જાહેર કર્યું નથી, પરંતુ ગાજવીજ સાથે આગામી 48 કલાક હળવાથી મધ્યમ વરસાદની શક્યતા દર્શાવી છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભારે પવન ફૂકાવાને કારણે માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપવામાં આવી છે.

## હાઈકોર્ટની ફટકાર બાદ પોલીસ રોડ પર

# રોંગ સાઈડ-હેલ્મેટ વગરના વાહનચાલકો વિરુદ્ધ ડ્રાઈવ શરૂ, બે દિવસમાં 6513 લોકો દંડાયા







(એજન્સી) અમદાવાદ । તા.11

ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદમાં વાહનચાલકો હેલ્મેટ ન પહેરતા હોવા અંગેની ગંભીર ટિપ્પણી કરવામાં આવી હતી. જે બાદ અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ સાઈડ અને હેલ્મેટ વગર વાહન ચલાવતા વાહનચાલકો સામે કાર્યવાહી કરવાની ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક પોલીસની ડ્રાઈવ કરવામાં આવી રહી છે. છેલ્લા બે દિવસમાં હેલ્મેટ વિનાના 6513 વાહન ચાલકોને ઝડપી 33.09 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. 8 ઓગસ્ટથી 22 ઓગસ્ટ સુધી ટ્રાફિક પોલીસની ડ્રાઈવ શરુ ટ્રાફિકના નિયમોના પાલનને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગંભીર ટિપ્પણી કરવામાં આવી હતી. અમદાવાદમાં ટુ-વ્હીલર ઉપર વાહન ચાલક હેલ્મેટ ન પહેરતા નથી. રોંગ સાઈડમાં પણ અનેક વાહન ચાલકો બેફામ રીતે વાહન ચલાવતા હોવાનું જણાવવામાં આવ્યું હતું. હાઈકોર્ટમાં કરાયેલી ટિપ્પણી બાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા 8 ઓગસ્ટથી 22 ઓગસ્ટ સુધી રોંગ સાઈડ અને હેલ્મેટ વિનાના વાહન ચાલકો સામે કાર્યવાહી કરવા અંગેની ડ્રાઈવ કરવામાં શરૂ કરવામાં આવી છે. સવાર અને સાંજ એમ બંને સમય ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ વિના અને રોંગ સાઈડમાં જતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### ગઈકાલે 4107 વાહનચાલકો હેલ્મેટ વગર ઝડપાયા

ગઈકાલે 10 ઓગસ્ટના રોજ સોમવારે હેલ્મેટ વિનાના 4107 જેટલા વાહનચાલકોને ઝડપી 20.59 લાખનો દંડ વસુલ કર્યો હતો જ્યારે રોંગ સાઈડમાં 196 વાહન ચાલકોને ઝડપી 3.30 લાખનો દંડ કરવામાં આવ્યો હતો. 9 ઓગસ્ટના રોજ હેલ્મેટ વિનાના 2406 વાહન ચાલકોને પકડી 12.5 લાખનો દંડ કરવામાં આવ્યો હતો. ભારે વાહનો પર પ્રતિબંધ હોવા છતાં પણ શહેરમાં પ્રવેશતા હોય તેવા 20 વાહનોને પકડી 1 લાખનો દંડ કરવામાં આવ્યો છે જ્યારે ગેરકાયદેસર રીતે વાહન પાર્કિંગ કરનાર 947 વાહન ચાલકો સામે કાર્યવાહી કરી 4.85 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.

### હજી પણ લોકો રોંગ સાઈડમાં વાહન ચલાવતા જોવા મળે છે

પોલીસ દ્વારા હેલ્મેટ વિના અને રોંગ સાઈડમાં વાહન ચાલકો સામે દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના કારણે હવે વાહન ચાલકોએ ફરજિયાત હેલ્મેટ પહેરીને વાહન ચલાવવું પડશે. શહેરમાં અનેક જગ્યાએ હજી પણ લોકો રોંગ સાઈડમાં વાહન ચલાવતા જોવા મળે છે. વાહન ચાલકોને ફરીને જવું ન પડે તેના માટે તેઓ રોંગ સાઈડમાં વાહન લઈને જતાં હોય છે. આવા ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જન્માષ્ટમીને લઈ રાજ્ય સરકારનો નિર્ણય

## BPL-અંત્યોદય પરિવારોને વધારાનાં ખાંડ-તેલ અપાશે

### 100 રૂ. લિટર તેલ અને 15ની કિલો ખાંડ મળશે



(એજન્સી) અમદાવાદ । તા.11

આગામી જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે રાજ્ય સરકારે અંત્યોદય અને BPL પરિવારો માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ પરિવારોને રાહતદરે વધારાની ખાંડ અને ખાદ્યતેલ વિતરણ કરવામાં આવશે. આ અંગે નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે N.F.S.A.-2013 હેઠળ સમાવિષ્ટ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ-સીંગતેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડ દીઠ 1 લિટર પાઉચ રૂ.100 પ્રતિ લિટરના રાહત દરે તથા બીપીએલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની 1 કિ.ગ્રા.ખાંડ એટલે કે બી.પી.એલ કુટુંબોને કાર્ડ દીઠ 1 કિ.ગ્રા. રૂ.22 પ્રતિ કિ.ગ્રા.ના રાહતદરે તથા અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ 1 કિ.ગ્રા. રૂ.15ના રાહતદરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. 3.60 કરોડ લોકોને મળે છે ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ મંત્રીએ કહ્યું હતું કે, અન્ન, નાગરિક પુરવઠા વિભાગ દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-2013 (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ 74 લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની 3.60 કરોડ જનસંખ્યાને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત ઓગસ્ટ-2024માં ઘઉં, ચોખા અને 'શ્રી અન્ન"-બાજરી અને જુવારનું વિનામૂલ્યે વિતરણ રાજ્યની 17,000 થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઈ રહ્યું છે. અત્યોદય અન્ન યોજનાના કુટુંબોને 35 કિલો વિના મૂલ્યે અનાજનું વિતરણ અન્ન, નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્યના 8 લાખ જેટલા અંત્યોદય અન્ન યોજનાના (A.A.Y.) કુટુંબોને પ્રતિ કાર્ડ 15 કિલો ઘઉં, 15 કિલો ચોખા અને 5 કિલો બાજરી મળી કુલ 35 કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

તિરંગાયાત્રામાં કેન્દ્રીય ગૃહમંત્રી હાજર રહેશે

## અમદાવાદની 3 કિમી યાત્રામાં અમિત શાહની હાજરીમાં 50 હજારથી વધુ લોકો જોડાશે

### ઓઢવ રિંગ રોડનો ટ્રાફિક ડાયવર્ટ

(એજન્સી) અમદાવાદ । તા.11



સ્વતંત્રતા પર્વની ઉજવણી પહેલા રાજ્યના ચાર મહાનગરોમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. 13મી ઓગસ્ટના રોજ અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. શહેરના પૂર્વ વિસ્તારમાં વિરાટનગરથી લઈ નિકોલ ખોડીયાર મંદિર સુધી ત્રણ કિલોમીટર લાંબી તિરંગા યાત્રામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જોડાશે. 26મી જાન્યુઆરી ગણતંત્ર દિવસ પર દેશની સાંસ્કૃતિક ઝાંખીઓ દર્શાવતા ટેબલો સાથેની પરેડ યોજાતી હોય છે, તેવી પરેડનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ભાજપના નેતાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ વિભાગ દ્વારા તિરંગા યાત્રાને લઈ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તિરંગા યાત્રા રૂટ પરનો ટ્રાફિકને ડાયવર્ટ શહેરના પૂર્વ વિસ્તારમાં વિરાટનગરથી નિકોલ સુધી તિરંગા યાત્રા યોજવાની છે. જેના પગલે રૂટ પરના ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવ્યો છે, શહેર પોલીસ કમિશનર દ્વારા ટ્રાફિકનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં ફુવારા સર્કલ થઈ ઓઢવ રિંગ રોડ તરફ જતો તથા ઓઢવ રિંગ રોડ તરફથી ફુવારા સર્કલ તરફ આવતો પૂર્વથી પશ્ચિમ તરફનો 300 મીટર જેટલો માર્ગ વાહનોની અવરજવર માટે સંપૂર્ણ બંધ રહેશે. વૈકલ્પિક માર્ગ તરીકે વિરાટનગર ચાર રસ્તા AMC પૂર્વ ઝોનથી ઓફિસથી ફુવારા સર્કલથી જમણી બાજુ AMC પમ્પિંગ સ્ટેશન ગણેશ પાર્ક રોડનો ઉપયોગ કરી દક્ષિણ દિશા તરફથી ઓઢવ જઈ શકાશે. વિરાટનગર ચાર રસ્તા AMC પૂર્વ ઝોન ઓફિસથી ફુવારા સર્કલથી ડાબી બાજુ થઈ ઉત્તર દિશા તરફથી ઉત્તમનગર ખોડીયાર મંદિર રોડ તરફ જઈ શકાશે. ઓઢવ રિંગ રોડ તરફથી ફુવારા સર્કલ તરફ આવતો રસ્તો ગોકુલ પાર્ક એ.એમ.ટી. એસ. બસ સ્ટેન્ડથી ડાબી બાજુ વળી દક્ષિણ દિશા તરફથી અંબિકાનગર ઓઢવ તરફ જઈ શકાશે.

### અમદાવાદ કાલુપુર સ્ટેશન રીડેવલોપમેન્ટ અને વિરમગામ-કટોસણ રોડ-બેચરાજી-મહેસાણા સેક્શનનું નિરીક્ષણ



(એજન્સી) અમદાવાદ । તા.11

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અશોક કુમાર મિશ્રએ 11 ઓગસ્ટ, 2024ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશન રિડેવલોપમેન્ટ સાઈટની મુલાકાત લીધી હતી અને સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલોપમેન્ટના કામોની સમીક્ષા કરી. આ સિવાય અમદાવાદ મંડળના અમદાવાદ-વિરમગામ-કટોસણ રોડ-બેચરાજી-રણુજ-મહેસાણા સેક્શનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. મહાપ્રબંધક મિશ્રએ અમદાવાદ રેલવે સ્ટેશન રિડેવલોપમેન્ટ સાઈટની મુલાકાત લીધી હતી અને સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલોપમેન્ટ કામોની સમીક્ષા કરી હતી અને રિડેવલોપમેન્ટના કામની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી તથા અમદાવાદ મંડળના અમદાવાદ-વિરમગામ-કટોસણ રોડ-બેચરાજી-રણુજ-મહેસાણા સેક્શનના વિન્ડો ટ્રેઈલિંગ સંરક્ષા નિરીક્ષણ કર્યું.

## રૂમ બુકિંગના નામે 12,000ની છેતરપિંડી

### અમદાવાદમાં રૂમના એડવાન્સ બુકિંગના નામે બે વાર 6000 ટ્રાન્જેક્શન કર્યા, રીસીપ્ટ ન મોકલતા ફરિયાદ નોંધાઈ

(એજન્સી) અમદાવાદ । તા.11

અમદાવાદના એલિસબ્રીજ વિસ્તારમાં રહેતા ડોક્ટરને ધર્મશાળામાં રૂમ બુકિંગના નામે 12,000ની છેતરપિંડી છે. રૂમના એડવાન્સ બુકિંગના નામે બે વાર 6000 રૂપિયાના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કર્યા હતા. જેની કોઈપણ રીસીપ્ટ મોકલવામાં આવી નહોતી. જેના કારણે તેઓની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા તેઓએ આ મામલે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. શું છે સમગ્ર મામલો એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા પૂજા એપાર્ટમેન્ટમાં રહેતા અને નવરંગપુરા વિસ્તારમાં પોતાનું ક્લિનિક ધરાવતા ડો. સુનિલ શાહે રંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ઉત્તર પ્રદેશના મથુરા ખાતે આવેલ જતિપુરા ગામમાં જવાનું હોય ત્યાંની બીનાની ધર્મશાળામાં રોકાણ કરવાનુ હતું. એડવાંસ રૂમ બુક કરવા માટે ગુગલમાં 'બીનાની ધર્મશાળા"ની વેબસાઈટ સર્ચ કરતા બીનાની ધર્મશાળાની વેબસાઈટમાં પેલા નંબર પર ફોન કર્યો હતો. સામેવાળી વ્યક્તિએ બુકિંગની તારીખ તેમજ પુરુ નામની વિગતો માંગી હતી એક રૂમના 2000 લેખે 6 રૂમના 12,000 એડવાન્સ માંગ્યા હતા. વોટ્સએપથી બેક એકાઉટ નંબર મોકલી આપ્યા હતા. જેમાં તેઓએ રૂપિયા 6000 UPIથી મોકલ્યા હતા. વીસેક મિનિટમાં રિસીપ્ટ મોકલી આપવા જણાવ્યું જેનો સ્ક્રીનશોટ પણ સામેવાળી વ્યક્તિને મોકલી આપ્યો હતો. સામેવાળી વ્યક્તિએ તેઓને બીજા 6000 રૂપિયા પણ મોકલી આપવાનું કહેતા તેઓએ ફરીથી 6000 મોકલ્યા હતા. ફોન પર વાત કરનાર વ્યક્તિએ વીસેક મિનિટમાં રિસીપ્ટ મોકલી આપવા જણાવ્યું પરંતુ રિસીપ્ટ મોકલી નહોતી. જેથી ફરીથી ફોન કરતા તેણે જણાવ્યું હતું કે, 6000નું એક ટ્રાન્જેક્શન કર્યું છે માટે તમે એક સાથે 12 હજાર મોકલો. જેથી સુનિલ શાહે આ પૈસા પરત માંગ્યા હતા. સામેવાળી વ્યક્તિએ 10 વાળો સ્કિનશોટ મોકલી તે સ્કેન કરવા જણાવ્યું હતું. તેઓને શંકા જતા બિનાની ધર્મશાળા ખાતે ખરાઇ કરાવી હતી. જેમાં ડો. સુનિલ શાહના નામે કોઈ હોટલનું બુકિંગ નહીં થયું હોવાનું જણાઈ આવ્યું હતું.